Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
$AVE MAX Achievers Realty

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All Your Mortgage Needs
Get 2nd Opinion on Your Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645

FRIDAY, 07 FEBRUARY, 2025 Vol. 23, No. 06 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ટ્રમ્પ કેટલીક કાર્યવાહી અને તેમના સાથીદાર ઈલોન મસ્ક સામે અમેરિકામાં વધતી જતી નારાજગી

# પડમાં ટ્રમ્પ અને ઈલોન મસ્ક સામે વિરોધ પ્રદર્શન

### ફિલાડેલ્ફિયા, કેલિફોર્નિયા, મિનેસોટા, મિશિગન, ટેક્સાસ, વિસ્કોન્સિન, ઈન્ડિયાના સહિતના શહેરોમાં ભારે રોષ




**ન્યૂયોર્ક**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે ફરી સત્તા સંભાળી તે સાથે જ ઈલીગલ ઈમિગ્રન્ટ્સ સામે પગલાં લેવા સહિતની ઘણી કાર્યવાહી શરૂ કરી દીધી છે. જોકે, ટ્રમ્પની કેટલીક કાર્યવાહી અને તેમના સાથીદાર ઈલોન મસ્ક સામે અમેરિકાના ઘણા લોકોમાં નારાજગી વધી રહી છે. બુધવારે ટ્રમ્પની નીતિઓ અને મસ્ક સામે અમેરિકાના ઘણા શહેરોમાં વિરોધ પ્રદર્શન થયા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પને સત્તામાં આવ્યાને હજુ એક મહિનો પણ નથી થયો અને તેમની નીતિઓનો અમેરિકામાં વ્યાપક વિરોધ થવા લાગ્યો છે. એટલું જ નહીં ટ્રમ્પને જીતાડવામાં મોટો ફાળો આપનારા તેમના સાથી ઈલોન મસ્ક સામે પણ લોકોમાં ગુસ્સો છે. ટ્રમ્પ-મસ્કની જોડીએ અપનાવેલી 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'ની નીતિએ દુનિયામાં હલચલ મચાવી દીધી છે. કેનેડા, મેક્સિકો અને ચીનને તેમની આ નીતિનો પરચો મળી ગયો છે અને બીજા દેશોને પણ તેનો શિકાર બનવું પડશે તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ઈલીગલ ઈમિગ્રન્ટ્સ સામેની કાર્યવાહી હોય કે પછી બર્થરાઈટ સિટીઝનશિપને રદ કરવાનો નિર્ણય, કે પછી ગાઝા પટ્ટી અંગે ટ્રમ્પના નિવેદનો... ઘણા અમેરિકન્સને તે પસંદ નથી આવી રહ્યું. બુધવારે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનની શરૂઆતની કાર્યવાહી સામે અમેરિકાના ઘણા શહેરોમાં વિરોધ પ્રદર્શન થયું હતું. પ્રદર્શનકારીઓએ ટ્રમ્પ વહીવટીતંત્રની ઈલીગલ ઈમિગ્રન્ટ્સ સામેની કાર્યવાહી, ટ્રાન્સજેન્ડર અધિકારોને પરત ખેંચવા અને ગાઝા પટ્ટીથી પેલેસ્ટાઈનના લોકોને જબરજસ્તી સ્થળાંતરિત કરવાના પ્રસ્તાવની ટીકા કરી હતી. ફિલાડેલ્ફિયા, કેલિફોર્નિયા, મિનેસોટા, મિશિગન, ટેક્સાસ, વિસ્કોન્સિન, ઈન્ડિયાના અને ઘણા અન્ય શહેરોમાં ટ્રમ્પ અને મસ્કની સામે વિરોધ પ્રદર્શન થયા હતા.

આ વિરોધ પ્રદર્શન સોશિયલ મીડિયા પર હૈશટેગ 'બિલ્ડધરેજિસ્ટન્સ' અને હેશટેગ '50501' અંતર્ગત ચલાવાયેલા એક ઓનલાઈન આંદોલનનું પરિણામ હતા. હૈશટેગ '50501' અંતર્ગત એક દિવસમાં 50 રાજ્યોમાં 50 વિરોધ પ્રદર્શન કરવાનું આહવાન કરાયું હતું. ઘણા શહેરોમાં પ્રદર્શન દરમિયાન મસ્ક અને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિસિયન્સી (એટલે કે DOGE)ની ટીકા કરી હતી. ટ્રમ્પે મસ્કને DOGEના હેડ બનાવ્યા છે.

# અમેરિકામાં ગેરકાયદે રહેતાં લોકો પર તવાઈ, 104 ભારતીયોને પરત મોકલાયા

### ગુજરાત-હરિયાણાના 33-33 અને પંજાબના 30 લોકો સામેલ

**અમૃતસર**



અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને પાછા વતન મોકલવામાં આવી રહ્યા છે. બુધવારે યુએસ મિલિટ્રી એરક્રાફ્ટ 104 ભારતીયોને લઈને અમૃતસરના શ્રી ગુરુ રામદાસજી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર ઉતર્યું હતું જેમાં 33 ગુજરાતીઓ સામેલ હતા. 205 ભારતીયોમાં 25 મહિલાઓ અને 13 સગીરો અને 72 પુરુષ છે. જે બાદ 33 ગુજરાતીઓને અમૃતસર ઍરપોર્ટથી અમદાવાદ મોકલી અપાયા હતા.

અમેરિકાએ ગેરકાયદે રહેતા હરિયાણા, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રના રહેવાસીઓનો દેશ નિકાલ કરવાનો આદેશ આપ્યો હતો. જેને પગલે સોમવારથી ગેરકાયદે ઈમિગ્રેશન સામે કાર્યવાહી શરૂ કરાઈ હતી.

અમેરિકન મિલિટ્રીનું સી-17 એરક્રાફ્ટ આ ભારતીયોને લઈ સેન એન્ટોનિયો, ટેક્સાસ ખાતેથી ભારતીય સમય અનુસાર પરોઢિયે ત્રણ કલાકે રવાના થયું હતું અને લગભગ 24 કલાકે ભારત પહોંચ્યું હતું. મોકલવામાં આવેલા 104 ભારતીયોમાં 33 ગુજરાતના છે. જેમાં સૌથી વધુ મહેસાણા અને ગાંધીનગરના 12-12 છે. જ્યારે સુરતના 4 અને અમદાવાદના 2 લોકો સામેલ હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા, ખેડા અને પાટણની 1-1 વ્યક્તિ પણ આ વિમાનમાં સામેલ હતા. પાછા આવેલા 104 ભારતીયોમાં પંજાબના 30, હરિયાણા અને ગુજરાતના 33-33 જ્યારે મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશના 3-3, ચંડીગઢના 2 લોકો સામેલ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

$AVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

VOYAGES InterSky TRAVELS
Visa Services
India
Nepal
Dubai
Europe
UK-ETA
OCI
PASSPORT RENEWAL
SURRENDER
CITIZENSHIP & PR APPLICATION
Wholesale Tour Operation
India-North & South
Nepal - Bhutan -Sri Lanka.
Dubai.
NRI-Europe( Veg & Jain Meals)
All kinds of Travel
Air Canada
Air India
Qatar
Emirates
Air Farnce/ KLM
British Airways
United -Delta
Turkish & many more.............
Divyesh (Dev) Patel
514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડાની વળતી કાર્યવાહીને પગલે 25% ટેરિફનો નિર્ણય 1 મહિના માટે મુલ્તવી

## ગુનાઓ, ફેન્ટાનાઇલ અને મની લોન્ડરિંગના કિસ્સા અટકાવવા સ્ટ્રાઇક ફોર્સ શરુ કરવા કેનેડાનું વચન : ઓન્ટેરિયોમાં તો અમેરિકન સામાનને દુકાનમાંથી હટાવવા સુધીનો નિર્ણય કર્યો હતો

**ટોરોન્ટો**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટા ઉપાડે શનિવારે પડોશી દેશો મેક્સિકો અને કેનેડા પર 25% ટેરિફ લાદવાની જાહેરાત કરીને દુનિયાભરમાં ગભરાટ ફેલાવી દીધો હતો. ટ્રમ્પના આ આદેશનો અમલ મંગળવારથી થવાનો હતો. જો કે, આ પહેલાં જ ટ્રમ્પે ટેરિફ વોરની અમેરિકા પર સંભવિત અસરોથી તેના અમલ પહેલાં જ પીછેહઠ કરી છે. મેક્સિકો પછી હવે કેનેડા પર પણ 25% ટેરિફનો અમલ એક મહિનો પાછો ઠેલાયો છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કેનેડાના કાર્યકારી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સાથે ફોન પર વાત કર્યા પછી કેનેડા પર 25% ટેરિફ લાદવાના આદેશનો અમલ એક મહિના માટે અટકાવી દીધો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ પર કહ્યું, હું આ પ્રારંભિક પરિણામથી ખૂબ જ ખુશ છું અને શનિવારે જાહેર કરેલા ટેરિફના અમલને 30 દિવસ માટે રોકી દેવાશે, જેથી જોઈ શકાય કે કેનેડા સાથે અંતિમ આર્થિક સોદો થઈ શકે છે કે નહીં. કેનેડાના કાર્યકારી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સોમવારે X પર પોસ્ટમાં કહ્યું કે, અમારી સરકાર ફેન્ટાનાઈલ માફિયાઓનું નામ જણાવશે, મેક્સિકન કાર્ટેલને આતંકી જૂથોના રૂપમાં લિસ્ટ કરશે અને સંગઠિત ગુનાઓ, ફેન્ટાનાઈલ અને મની લોન્ડરિંગનો સામનો કરવા માટે કેનેડા-યુએસ જોઈન્ટ સ્ટ્રાઈક ફોર્સ શરુ કરશે. જો કે, આ પહેલા ટ્રમ્પે શનિવારે કેનેડા પર 25% ટેરિફ લાદવાની જાહેરાત કર્યા બાદ કેનેડાએ પણ અમેરિકાના ઉત્પાદનો પર વળતો ટેરિફ લડવાની જાહેરાત કરી દીધી છે. એટલું જ નહિ ઓન્ટેરિયો રાજ્યએ તો અમેરિકન સામાનને દુકાનમાંથી હટાવવાનો નિર્ણય કર્યો હતો.

ઓન્ટેરિયોએ અમેરિકન કંપનીઓ સાથે સરકારી કોન્ટ્રાક્ટ પર પ્રતિબંધ મૂકી દીધો હતો, જેથી સૌથી મોટો ઝટકો ટ્રમ્પના અત્યયંત વિશ્વાસુ ઈલોન મસ્કને પડ્યો છે. કેનેડાના આ નિર્ણય સાથે ઈલોન મસ્ક સ્ટારલિંક સાથે કેનેડાનો 100 મિલિયન ડૉલરનો સોદો રદ થઈ જશે.

સ્ટારલિંક સાથે કેનેડાના અંતરિયાળ વિસ્તારોમાં હાઈસ્પીડ ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવા માટે ગયા વર્ષે સમજૂતી થઈ હતી. ઓન્ટોરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, 'ડોનાલ્ડ ટ્રમ્પ કેનેડા પરના ટેરિફ હટાવશે નહીં ત્યાં સુધી આ બધા પ્રતિબંધો લાગુ રહેશે. અમેરિકન રાજ્યમાંથી દારૂ ખરીદવામાં નહિ આવે.

## અમેરિકાનો લાભ જોઈ ટ્રમ્પે ટેરિફની તલવાર મ્યાનભેગી કરી

ટ્રમ્પે અમેરિકાના લાભ વિશે વિચારીને જ ટેરિફ પર બ્રેક લગાવી છે. ચીન સાથે અમેરિકા વાર્ષિક 2 ટ્રિલિયન ડોલરનો વ્યાયાર કરે છે, જે ગુમાવવો અમેરિકાને પોસાય એમ જ નથી. અમેરિકા તેના કુલ વેપારના 40 ટકાથી વધુ વેપાર કેનેડા, ચીન અને મેક્સિકો સાથે છે. વર્ષ 2024માં મેક્સિકો સાથે અમેરિકાનો કુલ વેપાર 776 બિલિયન ડોલરનો થયો હતો. મેક્સિકોમાં અમેરિકાની નિકાસ 309 બિલિયન ડોલર થઈ હતી, જ્યારે આયાત 476 બિલિયન ડોલર હતી. કેનેડા અમેરિકાનું બીજા નંબરનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. અમેરિકા અને કેનેડા વચ્ચે વર્ષ 2024 માં 700 બિલિયન ડોલરનો વ્યાપાર થયો હતો, જેમાં કેનેડામાં



અમેરિકાની નિકાસ 322 બિલિયન ડોલરની હતી અને આયાત 377 બિલિયન ડોલરની હતી. આંકડાંઓ પરથી સ્પષ્ટ થાય છે કે, મેક્સિકો અને કેનેડા સાથેના વ્યાપાર દ્વારા અમેરિકા જેટલું કમાય છે, એના કરતાં મેક્સિકો અને કેનેડા વધારે કમાય છે. કેનેડા પાસેથી અમેરિકા પેટ્રોલિયમ ઉત્પાદનો, કુદરતી ગેસ, વીજળી, યુરેનિયમ, કાર, મશીનરી, ધાતુઓ, સોનું અને અનાજની ખરીદી કરે છે. કેનેડા અમેરિકા પાસેથી વાહનો, કમ્પ્યુટર સહિતના ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ જેવી ચીજોની ખરીદી કરે છે. અમેરિકા સામે કેનેડા-મેક્સિકોએ 25 ટકા ટેરિફ લાદી દેતાં એની ગંભીર અસર અમેરિકાના અર્થતંત્ર પર પડે તેમ હતુ. બંને દેશોમાંથી અમેરિકા આવતી ચીજો અમેરિકામાં અત્યંત મોંઘી થઈ ગઈ હોત અને ફુગાવો વધી જાત. ટ્રમ્પના ટેરિફ સામે ઝીંક ઝીલવા મેક્સિકો અને કેનેડા અમેરિકામાંથી આયાત ઘટાડીને ચીન જેવા અમેરિકાના કટ્ટર સ્પર્ધક સાથે વ્યાપાર વધારી દેત તો ટ્રમ્પ માટે 'બાવાના બેઉ બગડ્યા' જેવો ઘાટ થાત. એટલે જ ટ્રમ્પે હાલ થંભી જવાની નીતિ અપનાવી છે.












# સ્ટારલિંક સાથે કરાર રદ કરવાની પ્રક્રિયા હાલ પુરતી સ્થગિત : પ્રીમિયર ડગ ફોર્ડ

## ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફની ધમકીનો સામનો કરવા પણ પ્રીમિયરની તૈયારી

**ઓન્ટેરિયો**

ટ્રમ્પે ટેરિફનો અમલ મુલ્તવી રાખવાની જાહેરાત કર્યા બાદ ઓન્ટેરિયો પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા ડગ ફોર્ડે એલોન મસ્કના સ્ટારલિંક સાથેના $100 મિલિયનના કરારને રદ કરવાના તેમના વચનનો અમલ પણ મૌકુફ રાખ્યો હતો. સોમવારે સવારે એક નિવેદનમાં ફોર્ડે કહ્યું હતું કે, ઓન્ટેરિયો સરકાર ઉત્તરીય અને ગ્રામીણ સમુદાયોને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પ્રદાન કરવા માટે હસ્તાક્ષર કરાયેલ કરારને "તોડી" નાખશે. આ પગલું મંગળવારે લાગુ થનારા યુએસ ટેરિફ સામે તાત્કાલિક પગલાં લેવા માટે પીસી નેતાની પિચનો એક ભાગ હતો. તેમણે એ પણ દર્શાવ્યું કે જો તેઓ ફરીથી ચૂંટાય છે તો તેઓ ટ્રમ્પ અને ટેરિફના ધમકીનો સામનો કેવી રીતે કરશે. જોકે, સોમવારે મોડી રાત્રે સ્ટારલિંક સોદો રદ કરવાનું થોભાવવામાં આવ્યું હતું. બપોરે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જાહેરાત કરી કે, ટેરિફ 30 દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યા છે, જે તેમની સરકાર અને ટ્રમ્પને સરહદ જેવા મુદ્દાઓ પર કરાર ઉપર આવવા દેવા માટે રચાયેલ વિરામ છે. આ વિરામનો સામનો કરતાં ફોર્ડની ટીમે કહ્યું કે ઓન્ટેરિયોના બદલો લેવાના પગલાં પણ પાછા ખેંચી લેવામાં આવશે. ગ્લોબલ ન્યૂઝ દ્વારા પૂછવામાં આવ્યું કે શું તેનો અર્થ સ્ટારલિંક કરાર આગળ વધશે, પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ પ્રવક્તાએ જવાબ આપ્યો, "હા."

# ફરીવાર ચૂંટાઈશ તો ગેસ ટેક્સમાં કાયમી ઘટાડો કરવા ફોર્ડનું વચન

## ટોલ દૂર કરવાથી દૈનિક મુસાફરોને દર વર્ષે $ 7,200ની બચત થશે

**ટોરોન્ટો**

પ્રગતિશીલ કન્ઝર્વેટિવ નેતા ડગ ફોર્ડે કહ્યું છે કે જો તેઓ ફરીથી પ્રીમિયર તરીકે ચૂંટાશે તો તેઓ ગેસ અને ડીઝલ પરના કરમાં કાયમી ઘટાડો કરશે અને હાઈવે 407ના જાહેર માલિકીના પટ ઉપર ટોલ દૂર કરશે. તેમણે બુધવારે પિકરિંગમાં બોલતા કહ્યું કે, પ્રાંતના તમામ પ્રાંતીય અને મ્યુનિસિપલ રોડ વે પર ભીડભાડના ભાવ પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો પણ પસાર કરશે. તમે દરરોજ જે કમાઓ છો, તેમાંથી વધુ રાખવાને તમે લાયક છો. તેમણે કહ્યું કે, તેઓ ગેસ પરના પ્રાંતીય કરમાં પ્રતિ લિટર 5.7 સેન્ટ અને ડીઝલ પર પ્રતિ લિટર 5.3 સેન્ટનો કાયમી ઘટાડો કરશે. તેમની સરકારે સૌપ્રથમ જુલાઈ 2022માં તે દરો દ્વારા ઈંધણ પરના કરમાં અસ્થાયી રૂપે ઘટાડો કર્યો હતો. પરંતુ ત્યારથી વારંવાર કાપ લંબાવ્યો છે. પીસી પાર્ટીએ બુધવારે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે, ટોલ દૂર કરવાથી દૈનિક મુસાફરોને દર વર્ષે $ 7,200ની બચત થશે. હાઈવે 407 ઈસ્ટ પિકરિંગમાં બ્રોક રોડ અને ક્લેરિંગ્ટનમાં હાઈવે 115 વચ્ચે ચાલે છે.

# ટોરોન્ટો ડાઉનટાઉનમાં ગોળીબારની ઘટનામાં એક વ્યક્તિનું કરૂણ મોત

## પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો, આરોપી સુધી પહોંચવા સાક્ષીઓની શોધખોળ

**ટોરોન્ટો**

બુધવારે રાત્રે ટોરોન્ટોના ડાઉનટાઉનમાં ગોળીબાર થયા બાદ એક વ્યક્તિનું મોત થયું હતુ. ટોરોન્ટો પોલીસ સર્વિસના પ્રવક્તા ડ્યુટી ઈન્સ્પેક્ટર સ્કોટ શટના જણાવ્યા અનુસાર આ ગોળીબાર શેરબોર્ન સ્ટ્રીટ અને ક્વીન સ્ટ્રીટ ઈ. વિસ્તારમાં થયો હતો. રાત્રે 8 વાગ્યા પછી તરત જ ગોળીબારની જાણ થતાંઅધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. જ્યારે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા, ત્યારે તેમને એક વ્યક્તિ ગંભીર ગોળીબારથી પીડાતો જોવા મળ્યો હતો. જે બાદ પોલીસ અને ટોરોન્ટોના પેરામેડિક્સે જીવન બચાવવાના પગલાં લેવાનું શરૂ કર્યું હતુ. અત્યંત ગંભીર હાલતમાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હત. જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ ઘટનાની તપાસમાં હત્યા થયાનું સ્પષ્ટ થયું છે. ગોળીબાર કરનાર વિસ્તારમાંથી ભાગી ગયો હતો. તેમણે કહ્યું કે અધિકારીઓ શંકાસ્પદ વ્યક્તિને શોધી રહ્યા છે, અને સાક્ષીઓ સાથે વાત કરી રહ્યા છે.

# મેનિટોબા : સ્કૂલ બસો માટે કેમેરા સિસ્ટમ

## સિસ્ટમ શરૂ કરવા માટે કંપની દ્વારા ટ્રાન્સપોર્ટ કેનેડા સાથે વાટાઘાટો

**મેનિટોબા**




મેનિટોબાની એક કંપની એવી કેમેરા સિસ્ટમ વિકસાવી રહી છે, જે આખરે દેશની દરેક સ્કૂલ બસમાં હશે. MJG ટેક્નોલોજીસ કહે છે કે તે બસોના બાહ્ય ભાગમાં ચાર કેમેરા મૂકવાની યોજના ધરાવે છે, જે દરેક દિશામાં 50 ફૂટ જોઈ શકે છે. ઉપરાંત એક બ્લાઈન્ડ સ્પોટ મોનિટરિંગ સિસ્ટમ જે વાહન ઓછી ગતિએ મુસાફરી કરતી વખતે ડ્રાઈવરના બ્લાઈન્ડ સ્પોટમાં ગતિ શોધે ત્યારે બીપ કરશે. કેનેડા વિશ્વનો પહેલો દેશ હશે. જેને "પેરિમીટર વિઝિબિલિટી સિસ્ટમ્સ"ની જરૂર પડશે. જે નવેમ્બર 2027થી બધી નવી બસોમાં હશે. ધ્યેય એ છે કે, ડ્રાઈવરને બસ ચલાવતા પહેલા આસપાસના કોઈપણ બાળકો વધુ સારી રીતે દેખાય. MJG ટેક્નોલોજીસના પ્રમુખ મૌરિસ ગ્રેગોઈર કહે છે કે, "તે તમને સ્કૂલ બસથી લગભગ 50 ફૂટ ઉપર નીચે જોતા પક્ષીની નજર રાખવાની મંજૂરી આપે છે. જમીન સુધી, બસની બાજુઓ સુધી અને બહાર નીકળવાના બધા રસ્તાઓ સુધીના દ્રશ્યો નવી સિસ્ટમમાં જોઈ શકાશે. ગ્રેગોઈર કહે છે કે કંપની ટ્રાન્સપોર્ટ કેનેડા સાથે વાટાઘાટો કરી રહી છે કે આ સિસ્ટમ કેવી રીતે શરૂ થશે. તેઓ આ ઉનાળાની શરૂઆતમાં જૂની બસોને રિટ્રોફિટ કરવાનું શરૂ કરી શકે છે, પરંતુ નવા વાહનો પર ટેકનોલોજી લાવવા માટે તેમને સપ્લાય ચેઈન સેટ કરવાની જરૂર પડશે. અમે રાજ્યોમાં બસ ઉત્પાદકો સાથે વાતચીત શરૂ કરવાના રહ્યા છીએ. અને એવું બની શકે છે કે કેનેડામાં આવતી બધી બસોમાં મેન્યુફેકચરિંગ સમયે ક્રોસસેફ 360 સિસ્ટમ બસમાં જ બિલ્ટ-ઈન હશે.

SHAH FINANCIAL
PLANNING INC.

TAX FREE
FIRST HOME SAVING ACCOUNT
(FHSA)



The new First Home Savings Account (FHSA) is a registered plan that allows individuals to save up to $40,000 tax-free towards the purchase of a qualifying home. Annual contribution limit of $8,000/year, which can be carried forward.

FHSA contributions are tax-deductible (similar to RRSPs), and withdrawals used to purchase a qualifying home are tax-free (similar to TFSAs), including any investment growth.

CONTACT US TO LEARN MORE
SHAH FINANCIAL PLANNING INC.
Sponsored in part by MACKENZIE Investments
www.ShahFinancial.ca

Commissions, trailing commissions, management fees and expenses may all be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated. Paid in part by Mackenzie Invstesments.

Happy savings and many tax-free returns.

You may not be fully maximizing the tax-free benefit of your TFSA.

If your TFSA is only invested in GICs or high-interest savings accounts that earn 5% (or even less), you are not saving much tax. A TFSA invested in Dynamic Funds may give you the opportunity to earn higher returns, save more tax and grow your money faster.

The Tax-Free Savings Account (TFSA) contribution limit remains $7,000 for 2025.

If you have never contributed to a TFSA, you can deposit a total of $102,000.

Contact us to make your contributions today.
www.ShahFinancial.ca
SHAH FINANCIAL PLANNING INC.
Sponsored in part by Dynamic Funds.
dynamic.ca
Dynamic Funds

Commissions, trailing commissions, management fees and expenses may all be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated. Dynamic Funds® is a registered trademark of The Bank of Nova Scotia, used under license by, and is a division of, 1832 Asset Management L.P.

Franklin U.S. Rising Dividends Fund

Consider adding a dividend-focused strategy to your 2025 RRSP by March 3rd!

Visit franklintempleton.ca
FRANKLIN TEMPLETON
SHAH FINANCIAL PLANNING INC.

Paid in part by Franklin Templeton Investments Corp.
Commissions, trailing commissions, management fees and expenses all may be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated.

co-sponsored in part by
Sun Life Global Investments



GATEWAY TO NEW INDIA
Invest in the world's fastest growing major economy with unique access to the entire spectrum of the Indian market, including small and mid-cap equities.
SUN LIFE ADITYA BIRLA INDIA FUND

SHAH FINANCIAL PLANNING INC.
WWW.SHAHFINANCIAL.CA

Commissions, trailing commissions, management fees and expenses all may be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated.

Head Office: 10 Great Gulf Drive, Suite 208, Vaughan, Ontario L4K 0K7
Tel: 905-669-5000 | Email: info@shahfinancial.ca | www.ShahFinancial.ca

| | |
|---|---|
| **HEAD OFFICE** | |
| Hardip (Dipa) Shah | 905-669-5000x105 |
| Ekta Chauhan | 905-669-5000x106 |
| Dipesh Chauhan | 905-669-5000x103 |
| **AJAX** | |
| Medha Pathak | 647-919-9690 |
| **BARRIE** | |
| Mike Puro | 705-795-5053 |
| **BRAMPTON** | |
| Amit Shah | 647-296-2609 |
| Harkirat Khangura | 905-840-3000 |
| Mehul Shah | 416-748-0830 |
| Mukund Sheth | 416-839-9645 |
| Ravinder Singh | 416-303-2828 |
| Viral Mehta | 647-502-2170 |
| **CALEDON** | |
| Jaswinder Dhillon | 416-278-6869 |
| **ETOBICOKE** | |
| Marianne Pisani | 416-568-6273 |
| Nikhilkumar Shah | 647-868-4675 |
| **KITCHENER** | |
| Chetan Bhatt | 519-572-6245 |
| Sangeet Arora | 519-546-3618 |
| **LONDON** | |
| Kayla Chauhan | 647-915-5295 |
| **MISSISSAUGA** | |
| Farrah Andrabi | 905-403-9665 |
| Kok-Tak Toh (KT) | 905-567-9946 |
| Kwame Yeboah | 416-302-0945 |
| Lata Pandey | 416-822-4137 |
| Manjit Sandhu | 416-300-7393 |
| Nainesh Shah | 416-720-9249 |
| Nat Venkat | 647-865-7149 |
| Raj Saraf | 416-951-8228 |
| Vikas Saraswat | 416-839-4561 |
| **NEWMARKET** | |
| Robert (Bob) Telford | 905-686-0863 |
| **NORTH YORK** | |
| Devangkumar Shah | 416-846-5837 |
| **PICKERING** | |
| Pramod Chopra | 416-560-6951 |
| **SCARBOROUGH** | |
| Arun Kumar | 647-638-3904 |
| **TORONTO** | |
| Azeem Jadavji | 416-453-5992 |

travel
SERVICES

VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS



Guaranteed Lowest Fare for:
INDIA EUROPE
FAR EAST NORTH AMERICA
MIDDLE EAST AUSTRALIA
AFRICA CARIBBEAN

AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE

Call Us Today For Special Packages

DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
ticoca IATA
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6

તંત્રી સ્થાનેથી

# ડિપોર્ટ લોકોને હાથકડી-સાંકળ બંધાતા વિવાદ, ભારતીયોમાં રોષ



તંત્રી - સ્વદેશ

ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખ બનતાં જ અમેરિકામાં ગેરકાયદે રહેતા વિદેશીઓને હાંકી કાઢવાની ઝુંબેશ મોટા ઉપાડે શરૂ કરી દીધી છે. આ સાથે જ હજારો ભારતીયો પણ ભેરવાઈ પડ્યા છે. મંગળવારે અમેરિકાએ ટેક્સાસથી યુએસ આર્મીના પ્લેનમાં 104 ભારતીયોને પરત મોકલી આપ્યા હતા. આ નાગરિકોમાં 31 પંજાબના, 33 હરિયાણાના, 33 ગુજરાતના અને 3 યુપી, 4 મહારાષ્ટ્ર અને 2 ચંડીગઢના હતા. આ પ્લેન બુધવારે અમૃતસર એરપોર્ટ પર આવી પહોંચ્યું હતુ. જો કે, આ નાગરિકો પૈકી 104 જેટલા લોકોને હાથકડી અને પગે સાંકળ બંધાઈ હોવાના વીડિયો આખા દેશમાં સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ તેના ઘેરા પ્રત્યાઘાતો પડવા સાથે હોબાળો મચી ગયો હતો. ખાસ કરીને દેશની આમજનતામાં અમેરિકાના આ પ્રકારની વ્યવહારથી વ્યાપક નારાજગી ફેલાઈ હતી.

દેશના લોકોનો મત હતો કે, કોઈ પણ દેશ તેને ત્યાં ગેરકાયદે રહેતા લોકોને હાંકી કાઢવા માટે સ્વતંત્ર છે. પરંતુ અમેરિકાના જ વિમાનમાં બેસાડાયેલા લોકો ભાગી શકે તેવી સ્થિતિમાં જ નથી તો પછી તેને સાંકળની બાંધવાની માનસિકતા ધરાર અયોગ્ય અને અસહ્ય છે. ડિપોર્ટ થયેલા લોકો સાથે યુએસ દ્વારા કરાયેલા આ દુર્વ્યવહારના પડઘા દેશની સંસદ સુધી પડ્યા હતા. વિપક્ષી સાંસદોએ સંસદ બહાર જ હાથમાં સાંકળ લગાવી જોરદાર વિરોધ પ્રદર્શન કરી મોદી સરકારની નિષ્ફળતાને દેશ સમક્ષ ઉઠાવવા પ્રયાસ કર્યો હતો. જ્યારે કેટલાક સાંસદોએ તો સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવવા પેરવી કરી હતી. આ જ સમયે કોંગ્રેસના સાંસદ અને વિદેશી મામલા માટે રચાયેલી સંસદીય સમિતિના ચેરમેન શશી થરુરે તેના સ્વભાવ મુજબ નિર્ભિક રીતે કહ્યું કે, અમેરિકાને તેને ત્યાં ગેરકાયદે રહેતા લોકોને તેના વતન મોકલી આપવાનો પુરેપુરો અધિકાર છે. પરંતુ તેમને હાથકડી કે સાંકળથી બાંધીને લાવવા ન જોઈએ. આ ઉપરાંત તેમને મોકલવા સૈન્યના વિમાનનો ઉપયોગ પણ ન કરવો જોઈએ. શશી થરૂર એટલું કહીને અટક્યા ન હતા અને તેમણે માંગ કરી કે, એનડીએ સરકાર અમેરિકા સાથે વાત કરે અને ભારત મોકલાતા લોકોને માટે રેગ્યુલર વિમાનનો ઉપયોગ કરાવે તેમજ હાથકડી પહેરાવવા સામે પણ ભારત વિરોધ નોંધાવે.

બીજી બાજુ દેશના વિદેશમંત્રી એસ જયશંકર ખુદ બચાવની ભુમિકામાં વર્તાયા હતા. રાજ્યસભામાં બોલતા એસ જયશંકરે કહ્યું કે, દુનિયાના તમામ દેશોની જવાબદારી છે કે, તેનો નાગરિક બીજા કોઈ દેશમાં ગેરકાયદે રહેતો હોય તો તેને પાછો બોલાવી લેવો જોઈએ. અમેરિકામાં ગેરકાયદે રહેતા લોકોને પરત મોકલવાની પ્રક્રિયા ત્યાંની ઈમિગ્રેશન અને કસ્ટમ એન્ફોર્સમેન્ટ ઓથોરિટી કરે છે. અમેરિકામાં 2012થી એવો નિયમ છે કે, આ પ્રકારે પકડાતા લોકોને તેના દેશ પરત મોકલવામાં આવે, ત્યારે સુરક્ષાના હેતુસર બાંધીને રાખવામાં આવે છે. આમ છતાં અમે અમેરિકા સાથે વાતચીત કરીને ડિપોર્ટ થતાં લોકો સાથે કોઈ પણ પ્રકારનો દુર્વ્યવહાર નહીં થાય તે સુનિશ્ચિત કરવા પ્રયાસ કરીશું. એસ જયશંકરે સરકારનો બચાવ કરતા એમ પણ ઉમેર્યું કે, ગેરકાયદે રહેતા લોકોના ડિપોર્ટ થવાનો આ નવો મામલો નથી. 2009માં 747 લોકોને ભારત પરત મોકલાયા હતા. આ જ રીતે દરવર્ષે સેંકડો લોકો ભારત આવ્યા છે. અનેક વર્ષોથી આવું થાય છે. 2009થી વિદેશમાં ગેરકાયદે રહેતા લોકોને વતન પરત મોકલી આપવાની પ્રક્રિયા થતી રહેતી હોય છે. વિદેશમાં ગેરકાયદે રહેતા નાગરિકને પરત લાવવો એ આપણી સામુહિક જવાબદારી છે.

બીજી બાજુ ગુરુવારે પણ અમેરિકન દૂતાવાસે કહ્યું હતુ કે, 'જે પણ અમેરિકામાં ગેરકાયદે ઘુસણખોરી કરશે, તેમને પરત મોકલવામાં આવશે. અમેરિકામાં ઈમિગ્રેશન કાયદો લાગુ કરવો રાષ્ટ્રીય સુરક્ષા અને લોકોની સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે'. અમેરિકન દૂતાવાસના નિવેદનમાં ડોનાલ્ડ ટ્રમ્પની જેમ ગેરકાયદે અપ્રવાસીઓનું 'એલિયન્સ' તરીકે સંબોધન કરવામાં આવ્યું હતુ.

હકીકતમાં હજુ પહેલી ખેપ ભારત આવી અને 104 લોકો જ આવ્યા છે. ટ્રમ્પ પણ નવા નવા પ્રમુખ બન્યા છે. એટલે પ્રચાર દરમિયાન પોતે આપેલાં વચનો પૂરાં કરવાની ધૂન માથે સવાર છે. જો કે, અમેરિકાના રાજકીય વિશ્લેષકો માને છે કે, આગામી બે-ત્રણ મહિનામાં ટ્રમ્પ હાંફી જવાના છે. અને ઓપરેશન ડીપોર્ટેશનનાં પાટિયાં પડી જવાનાં છે. વિશ્લેષકો તેના માટે બે કારણો રજૂ કરે છે. તેઓ માને છે કે, ઓપરેશન ડીપોર્ટેશનના કારણે અમેરિકા પર આર્થિક બોજ પડશે. ઉપરાંત ગેરકાયદે રહેતા વિદેશીઓને પાછા ધકેલી દેવાથી અમેરિકામાં કામદારોની અછત ઉભી થશે.

અમેરિકામાં કાયદેસર રીતે રહેતા ભારતીયો એટલે કે ઈન્ડિયન અમેરિકનોની કુલ વસતી ૫૫ લાખની આસપાસ છે. જ્યારે ગેરકાયદે રહેતા ભારતીયોની સંખ્યા લગભગ ૭.૨૫ લાખ છે. ૨૦૨૨ના અંત સુધીમાં અમેરિકામાં ૧.૧૦ કરોડ લોકો ગેરકાયદે રીતે રહેતા હતા. જેમના વિઝા પતી ગયા હોય અને ઓવરસ્ટે કર્યો હોય એવાં લોકોનો આ યાદીમાં સમાવેશ કરાયો નથી. ગેરકાયદેસર રહેનારાં લોકોનો મતલબ જેમની પાસે અમેરિકામાં પ્રવેશવાના કોઈ સત્તાવાર દસ્તાવેજ નથી એવા લોકો થાય છે. યુએસ ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સીક્યુરિટીના આંકડા પ્રમાણે ૨૦૨૩ના જાન્યુઆરીથી ૨૦૨૪ના એપ્રિલ સુધીમાં બીજાં ૨૩ લાખ લોકો દક્ષિણની સરહદેથી ગેરકાયદે અમેરિકામાં ઘૂસ્યાં છે. આમ ૨૦૨૪ના એપ્રિલ સુધીમાં કુલ મળીને ૧.૩૩ કરોડ લોકો અમેરિકામાં ગેરકાયદે રહેતાં હતાં.

આ લોકોને પાછાં પોતાના દેશમાં મોકલવાનો ખર્ચ દર વરસે ૮૮ અબજ ડોલર છે. ૧.૩૩ કરોડ લોકોને પાછાં મોકલવામાં ઓછામાં ઓછાં ૧૦ વર્ષ લાગે અને ફુગાવો વધી જાય. ટ્રમ્પ તો ગેરકાયદે રહેનારાંને જેલમાં ધકેલવાની ધમકીઓ આપે છે. જેલમાં પણ તેમનો ખર્ચ સરકારે જ ઉઠાવવો પડે. જેલમાં તેમને સાચવવાનો ખર્ચ પણ ગણો તો આંકડો વધી જાય તેમ છે. ટ્રમ્પ પોતાની ખંજવાળ મટાડવા અમેરિકાના હજાર અબજ ડોલરનો ધુમાડો કરી નાંખે અને અમેરિકાની સંસદ ચૂપચાપ તમાશો જોયા કરે એ શક્ય નથી.

વળી, ગેરકાયદે રહેતાં લોકો અમેરિકાની ઈકોનોમી માટે ફાયદાકારક છે. અમેરિકામાં નગણ્ય કહેવાય એવાં કામ આ લોકો જ કરે છે અને ઓછી મજૂરીમાં કરે છે. અમેરિકામાં ગેસ સ્ટેશનો એટલે કે, પેટ્રોલ પંપોથી માંડીને મોટલોમાં સાફસફાઈ અને ડ્રાઈવિંગથી માંડીને ખેત મજૂરી સુધીમાં કામો આ લોકો જ કરે છે. અમેરિકન યુથને તો આ પ્રકારના કામ કરવાં ગમતા નથી. આથી ટ્રમ્પ યુએસમાં ગેરકાયદે રહેતા લોકોને તગેડી મૂકે તો કામ કરશે કોણ ? તેવો સવાલ પણ ગંભીર બનશે. ટ્રમ્પ બિઝનેસમેન છે તેથી આ વાત ના સમજે એટલા નાદાન નથી. એટલે તેઓ ક્યાં સુધી આ કાર્યવાહી કરશે તે સમજી શકાય તેમ છે.

manoj1968@yahoo. ca






# આણંદના NRIને હનીટ્રેપમાં ફસાવતી સુરતની કિજલ પટેલ સહિત 4 પકડાયા

## ડ્રગ્સ, બળાત્કાર અને એટ્રોસિટીનો કેસ કરવાનું કહી 5 લાખ મંગાતા છટકુ ગોઠવાયું

**આણંદ**

મૂળ આણંદના અને હાલ અમેરિકા રહેતા મનીષકુમાર પટેલને મહિના પહેલા ફેસબૂક પર હેતલ પટેલ નામના આઈડી પરથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી. જાન્યુઆરી-૨૦૨૫માં મનીષકુમારે ભારત આવ્યા હોવાનું જણાવતા આણંદના નવા બસ સ્ટેન્ડ બહાર બંને મળ્યા હતા. ત્યાં પોતાની ઓળખ કિંજલ પટેલ જણાવી યુવતી મનીષકુમાર પટેલના ટુવ્હીલ પાછળ બેસી વેન્ડોર ચોકડી ખાતે લઈ આવી હતી. જ્યાં કોઈને ફોન કરતા કારમાં આવી ચઢેલા ચાર શખ્સોએ પોલીસની ઓળખ આપી બંનેને કારમાં બેસાડી હાઈવે તરફ હંકારી દીધી હતી. બોરિયાવી પહોંચતા અજયભાઈ નામના શખ્સે યુવતી ડ્રગ્સમાં વોન્ટેડ છે, અમેરિકાથી ડ્રગ્સ લાવી છોકરીને સપ્લાય કરવા આવ્યા હતા, ટુ-વ્હીલરની ડિકીમાં ડ્રગ્સ મૂકાવી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આ સાથે જ રૂા. ૨૦ લાખની માંગણી કરતા રકઝક બાદ પાંચ લાખમાં સોદો નક્કી કર્યો હતો. એસીબીને ફરિયાદ થતાા છટકું ગોઠવ્યું હતું. જેથી અજયભાઈ સહિતના શખ્સો અમદાવાદના બાપુનગરની આંગડિયા પેઢીએ નાણાં લેવા આવતા એલસીબીની ટીમે મહિલા સહિત ચાર શખ્સોને ઝડપી લીધા હતા. પૂછપરછ દરમિયાન અજયભાઈ પોલીસની ઓળખ આપનારો ચિરાગ ગોબરભાઈ જાદવ, એફબીની હિસ્ટ્રી ડિલિટ કરનારો હર્ષદ નારણભાઈ જાદવ, હેતલ પટેલનું આઈડી અને કિંજલ પટેલની ઓળખ આપનારી કાજલ બાબુભાઈ પરબત તથા ભાવેશ જયસુખભાઈ બાંભણિયા (તમામ રહે. સુરતવાળા) હોવાનું જણાવ્યું હતું.

# દાહોદમાં મહિલા ઉપર અત્યાચાર મામલે સુઓમોટો, સરકાર પાસે રિપોર્ટ મંગાયો

**દાહોદ**

સંજેલી તાલુકાના ઢાલસીમળ ગામમાં એક મહિલાને 15 જેટલા લોકોએ અર્ધ નગ્ન કરી આખા ગામમાં ફેરવવામાં આવી હતી. એક પરિણીતા તેના પ્રેમીના ઘરે મળવા ગઈ હતી, જેની જાણ તેના પરિવારના લોકોને થતાં પહેલાતો તેને ઘરમાંથી બહાર કાઢી મુકવામાં આવી, ત્યારબાદ તેને અર્ધનગ્ન હાલતમાં સાંકળથી બાઈક સાથે બાંધી આખા ગામમાં તેનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેનો વીડિયો પણ ઉતારવામાં આવ્યો હતો. જે વાઈરલ થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. . વીડિયો વાયરલ થતાં જ પોલીસ દોડતી થઈ હતી અને 15 શખ્સોના ટોળા વિરુદ્ધ ગુનો દાખલ કરી પોલીસે તપાસ હાથ ધર્યા બાદ આ મામલે 12 લોકોની ધરપકડ કરી લીધી છે. આ મામલે હવે હાઈકોર્ટે સુઓમોટો અરજી લીધી છે. આ ઘટના મુદ્દે રાજ્યના ગૃહ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ દાહોદ DSP એક્શન ટેકન રિપોર્ટ હાઈકોર્ટ સામે રજૂ કરશે. હાઈકોર્ટ આ બનાવ વિશે સુઓમોટો અરજી લઈ સુનાવણી દરમિયાન નોંધ્યું હતું કે, સાંજેલીમાં નિઃસહાય મહિલાના અપમાનની નિંદનીય ઘટના બની છે, જેનો વીડિયો દુર્ભાગ્ય રૂપે સોશિયલ મીડિયામાં પણ વાઈરલ થયો હતો.

# ખંભાતમાં કૌભાંડ : પૂર્વ પ્રમુખ, કારોબારી ચેરમેન સામે કાર્યવાહી કરવાનો આદેશ

## મહેશ કન્સ્ટ્રકશનને 28 લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો

**ખંભાત**

ખંભાતમાં ગટર યોજના હેઠળ થયેલા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. એક જાગૃત નાગરિકની ફરિયાદ બાદ પોલીસની તપાસમાં આ કૌભાંડ સામે આવ્યું હતું. વર્ષ 2017માં ભાજપના શાસનકાળ દરમિયાન તત્કાલીન પ્રમુખ યોગેશ ઉપાધ્યાય અને કારોબારી સમિતિના અધ્યક્ષે વાપીની મહેશ કન્સ્ટ્રકશનને ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનના સમારકામ અને સફાઈનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. શરૂઆતમાં માસિક રૂ. 2,34,864ના દરે વાર્ષિક 28 લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. જૂન 2020માં કોઈપણ ટેન્ડર પ્રક્રિયા વગર જ 30 ટકા વધારા સાથે કોન્ટ્રાક્ટ રિન્યૂ કરવામાં આવ્યો હતો. છેલ્લા 6 વર્ષમાં માત્ર સમારકામ, સફાઈ અને વીમા પેટે 2 કરોડથી વધુની રકમ ચૂકવાઈ હતી. વધુમાં, 2023માં કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયા બાદ પણ 9 માસનું એક્સટેન્શન આપીને વધારાના રૂ. 21.42 લાખ ચૂકવવામાં આવ્યા હતા, જે નગરપાલિકાના નિયમોનું ઉલ્લંઘન છે.

# બાલાસિનોરમાં 28 પૈકી 8 બેઠકો પર ભાજપ બિનહરીફ થયું, કોંગ્રેસના સભ્યો ફૂટી ગયા

## કોંગ્રેસ અને સપાના બે-બે અને અપક્ષના એક ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા

**બાલાસિનોર**

બાલાસિનોર નગરપાલિકાની ચૂંટણીમાં એનસીપીએ મેન્ડેટ રદ કરતા વોર્ડ નં.-૪માં ભાજપની પેનલ બિનહરીફ જાહેર થયા બાદ વોર્ડ નં.-૩માં કોંગ્રેસ અને સપાના ઉમેદવારો ફૂટી જતા તેમણે પોતાના નામાંકનપત્રો પરત ખેંચી લીધા હતા. જેના પરિણામે વોર્ડ-૩માં પણ ભાજપની પેનલ બિનહરીફ જાહેર થઈ છે. જ્યારે વોર્ડ નં.-૬માં કોંગ્રેસની મહિલા ઉમેદવાર બિનહરીફ બની છે. આજે કોંગ્રેસના બે, સપાના બે અને અપક્ષના એક ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા.

બાલાસિનોર નગરપાલિકામાં એનસીપી પક્ષ દ્વારા મેન્ડેટ રદ કરતા વોર્ડ નં.-૪ના ભાજપના ૪ સભ્યો બિનહરીફ જાહેર થયા હતા. વોર્ડ નં.-૩ના કોંગ્રેસના જયેશ પરષોત્તમ શર્મા, હિરલ જયેશ શર્મા સહિત સમાજવાદી પાર્ટીના જયદીપ સંજયભાઈ રાવળે ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ચાર ઉમેદવારો બિનહરીફ થયા હતા. સતત બીજા દિવસે બાલાસિનોર નગરપાલિકામાં ચૂંટણી લડયા વગર જ બીજો એક વોર્ડ ભાજપની ઝોળીમાં જતો રહ્યો હતો. જ્યારે વોર્ડ નં.-૬માં પછાતવર્ગ સ્ત્રી ઉમેદવારોમાં અન્ય કોઈ પ્રતિસ્પર્ધીએ ફોર્મ ન ભરતા કોંગ્રેસ પક્ષના મહિલા ઉમેદવાર બિનહરીફ થયા હતા. વોર્ડ નં.-બેમાં સમાજવાદી પાર્ટીના લારેઅખ્તર અબ્દુલસત્તાર શેખ અને અપક્ષ સંદીપ જગુભાઈ મહેરાએ પોતાના ઉમેદવારીપત્રો પરત ખેંચી ચૂંટણી લડવાનું ટાળ્યું હતું.

# સેવાલિયામાં સોસાયટીના રહીશો સાથે માથાકૂટ બાદ બિલ્ડર દ્વારા ફાયરિંગ, ટોળા સાથે હુમલો

**ખેડા**

ખેડા જિલ્લાના ગળતેશ્વરથી એક ચોંકાવનાર અહેવાલ આવ્યા છે. અહીં સેવાલિયા ખાતે અમીર હમઝા નામની રેસીડેન્સીના બિલ્ડર અને કેજીએન સોસાયટીના રહેવાશીઓ વચ્ચે રોડ-રસ્તા મામલે માથાકૂટ એટલી હદે વધી ગઈ કે બિલ્ડરે સીધું ફાયરિંગ કર્યું હતું. જેના લીધે આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચી ગયો હતો. આ સાથે બિલ્ડર 15-20 લોકોનું ટોળું લઈને ધસી આવ્યો હતો અને તોડફોડ મચાવી હતી. તેમના હાથમાં હથિયારો પણ હતા.

ફાયરિંગ કરનારા બિલ્ડરની ઓળખ શકીલ હાજી તરીકે થઈ છે જેણે રહીશોની દલીલો સામે ઉશ્કેરાઈને ફાયરિંગ કરી દેતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. માહિતી અનુસાર સ્થાનિકો બિલ્ડરને રોડ-રસ્તાના ઉપયોગને લઈને રજૂઆત કરવા ગયા હતા અને ત્યારે બિલ્ડર ગુસ્સે થયો હતો.

માહિતી અનુસાર અમીર હમઝા રેસીડેન્સીનો બિલ્ડર હાલમાં નવી સાઈટ તૈયાર કરી રહ્યો છે ત્યારે તે અવર-જવર માટે કેજીએન સોસાયટીના રસ્તાનો ઉપયોગ કરતો હતો. જોકે કેજીએન સોસાયટીનો પોતાનો રસ્તો હોવાથી ત્યાં કોઈ પ્રસંગ હોય તો પણ અમીર હમઝા રેસીડેન્સીનો આ બિલ્ડર દબંગાઈ કરતો હતો અને તેમને હેરાનગતિ કરતો હતો. જેનાથી અકળાઈને કેજીએન સોસાયટીના રહેવાશીઓ ફરિયાદ કરવા પહોંચ્યા તો શકીલ હાજી તેના 15-20 ટેકેદારો સાથે તલવાર-લાકડા અને બંદૂક લઈને ચઢી આવ્યો હતો અને કેજીએન સોસાયટીના લોકો પર હુમલો કરવાનો પ્રયાસ કરીને તેમને ડરાવવા-ધમકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન જ ફાયરિંગની ઘટના પણ બની હતી.

# સાઉદી અરેબિયામાં અકસ્માતમાં ડેસર તાલુકાના યુવાનનું મોત

**ડેસર**

સાઉદી અરેબિયાના દક્ષિણી પોર્ટથી ૨૬ મુસાફરો ભરીને જીજાન શહેર જઈ રહેલી એક બસને અન્ય એક વાહન સાથે ભયાનક અકસ્માત સર્જાયો હતો. બસમાં 26 લોકો મુસાફરી કરી રહ્યા હતા તે પૈકી અકસ્માતમાં ૧૫ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતાં. ૯ ભારતીય નાગરિકો પૈકી ડેસર તાલુકાના પાંડુ મેવાસ ગામના એક યુવાને પણ જીવ ગુમાવ્યો હતો.

મેવાસના બજાર ફળિયામાં રહેતા ઈમરાનખા અયુબખા ખાનજાદાના બે પુત્રો પૈકી મોટો પુત્ર મુઝફ્ફરખા બી.ઈ. મિકેનિક એન્જિનિયર સુધી અભ્યાસ કરી તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાઉદી અરેબિયાના જીજાન શહેરમાં એસીઆઈસી નામની કંપનીમાં નોકરી કરવા માટે ગયો હતો. સાઉદી જતા પહેલા તા.૧૮જાન્યુઆરીએ પાંડુ ગામના હસનખા ખાનજાદાની દીકરી નિકહતબાનું સાથે લગ્ન કર્યા હતાં. તા.૨૭ જાન્યુઆરી બપોરે ૨ વાગે જીજાન શહેરમાં આવેલી એસીઆઈસી કંપનીના મેનેજર અજય રાઠોડનો ફોન મુઝફ્ફરના પિતા પર આવ્યો હતો અને પુત્રનું માર્ગ અકસ્માતમાં મોત નિપજયું છે તેવી વાત કરતાં જ પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. અને પરિવાર ઉપર આભ ફાટયું હતું.

Warehouse Person Required
Looking For Matured Reliable Warehouse Person For Electrical Supplies Store
Near Eglinton Ave East, Mississauga.
Reference Required.
: Please Contact :
achristie1124@Yahoo.Com
Tel : 416-709-1424

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન,
ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# ખેડાની 5 નગરપાલિકામાં 15 બેઠક પર ભાજપ બિનહરીફ

## અંતિમ દિવસે 81 ઉમેદવારોએ નામાંકનપત્ર પરત ખેંચ્યા, 5 પાલિકાની 120 બેઠકો માટે 370 ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ જામશે

નડિયાદ

ખેડા જિલ્લામાં પાંચ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તેમજ કપડવંજ તાલુકાની બે બેઠક માટે પેટા ચૂંટણી યોજાવાની છે. મંગળવારે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના અંતિમ દિવસે મહેમદાવાદ પાલિકામાં ૮, ડાકોરમાં ૩૧, ચકલાસીમાં ૨૫, ખેડામાં ૯ અને મહુધામાં ૮ ઉમેદવારો દ્વારા નામાંકનપત્રો પરત ખેંચવામાં આવ્યા હતા. જ્યારે મહેમદાવાદ પાલિકામાં વોર્ડ નં.૫, ૬ અને ૭માં કુલ ત્રણ બેઠકો બીનહરીફ થતાં ભાજપના ઉમેદવારોની જીત થઈ હતી.

મહુધા પાલિકામાં વોર્ડ નં.૧માં ચાર, વોર્ડ નં.૨માં એક, વોર્ડ નં.૩માં એક અને વોર્ડ નં.૬માં બે બેઠકો બીનહરીફ થઈ હતી. જેથી વોર્ડ નં.૧ની એક બેઠક ઉપર અપક્ષ ઉમેદવાર અસ્ફાક મલેકે જીત મેળવી હતી. જ્યારે બાકીની સાત બેઠક પર ભાજપના ઉમેદવારો બીનહરીફ થયાં હતાં. મહુધા પાલિકાના વોર્ડ નં.૧માં ભાજપ દ્વારા અપક્ષ ઉમેદવાર સામે કોઈ જ દાવેદાર ઉતારવામાં આવ્યો ન હતો. પરિણામે અપક્ષ ઉમેદવાર બીનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. થોડા સમય અગાઉ મહુધામાં થયેલા કોમી રાયોટિંગના બનાવમાં અસ્ફાક મલેક સહિત ૫૦થી ૬૦ લઘુમતિ કોમના લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં સમાધાન માટે તેમજ લઘુમતિ કોમમાંથી ચૂંટાતા સભ્યો ભાજપને મહુધામાં સત્તા સુધી પહોંચવામાં મદદ કરે તથા લઘુમતિ સમાજના જે યુવકો જેલમાં છે તેમને બહાર લાવવા માટે આ ખેલ પાડવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જ્યારે ડાકોર પાલિકામાં વોર્ડ નં.૬માં બે બેઠકો અને વોર્ડ નં.૭માં ત્રણ બેઠકો બીનહરીફ થઈ હતી. જેથી વોર્ડ નં.૬ અને ૭ની પાંચ બેઠકો ઉપર ભાજપના પાંચ સભ્યોની જીત થઈ હતી. પરિણામે આગામી તા.૧૬ ફેબુરઆરીના રોજ મહેમદાવાદ, ડાકોર, ચકલાસી, મહુધા અને ખેડા પાલિકાની ૧૨૦ બેઠકો માટે કોંગ્રેસ, ભાજપ, અપક્ષ સહિત ૩૭૦ ઉમેદવારો માટે મતદાન યોજાશે.

બીજ તરફ પંચમહાલની હાલોલ નગરપાલિકાની સ્થાનિક ચૂંટણી પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. હાલોલ નગરપાલિકામાં મતદાન પ્રક્રિયા પૂર્વે જ ભાજપ સત્તામાં આવ્યું છે. ભાજપ 20 બેઠકો પર બિનહરીફ વિજેતા જાહેર થયું છે. ચૂંટણી અધિકારી દ્વારા 9 વોર્ડની 36 બેઠકો માટે 72માંથી 67 ઉમેદવારી પત્રો માન્ય રાખવામાં આવ્યા હતા, 5 ફોર્મ રદ કરવામાં આવ્યા હતા, જેમાં ભાજપના મેન્ડેટ વગરના 4 અને આપનું 1 ફોર્મ સામેલ છે. ત્યારબાદ 15 ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પરત ખેંચી લીધા હતા. હાલ સમાચાર સામે આવી રહ્યા છે કે, હાલોલ નગરપાલિકામાં ભાજપના 20 ઉમેદવારો બિનહરીફ થયા છે. 9 વોર્ડમાંથી 5 વોર્ડમાં ભાજપ બિનહરીફ વિજેતા જાહેર થયું છે. કોંગ્રેસ પેનલે ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. બીજી તરફ ઉમેદવારોને ફોર્મ પરત ખેંચવા દબાણ કરાતું હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે.

## ગોધરાની મહિલાનું અંતિમ ઇચ્છા પૂર્ણ થતાં જ અંતિમ યાત્રાએ પ્રયાણ

ગોધરા

ગોધરામાં રહેતા હંસાબેન ઠાકરે (ઉ.૭૬) પુત્રી કોમલનેકહ્યું હતું કે મારે કુંભ સ્નાન કરવા માટે જવુ છે. માતાની ઇચ્છા પૂર્ણ કરતા કોમલબેન માતાને મહાકુંભમાં સ્નાન માટે પ્રયાગરાજ લઇ ગયા હતા. સ્નાન બાદ તે પ્રયાગરાજથી અયોધ્યા ગયા હતા અને ત્યાંથી વારાણસી-કાશીની યાત્રા પૂર્ણ કરીને ગોધરા પરત આવવા રવાના થયા હતા. કોમલબેન અને તેમના માતા હંસાબેન ટ્રેન દ્વારા વડોદરા પહોંચ્યા હતા અને અહીંથી તેઓ ખાનગી ટેક્સી કરીને ગોધરા આવવા નીકળ્યા હતા. દરમિયાન હંસાબેન કારમાં ઊંઘી ગયા હતા. કાર જ્યારે ગોધરામાં ઘર પાસે પહોંચી ત્યારે કોમલબેને કહ્યું કે મમ્મી ઘર આવી ગયું છે.પરંતુ હંસાબેન કઈ બોલચાલ ના કરતા કોમલબેન ગભરાઈ ગયા હતા અને ડોક્ટરને ઘરે બોલાવી તપાસ કરાવતા ડોક્ટરે હંસાબેનને મૃત જાહેર કર્યા હતા. કોમલબેનના પિતા એટલે કે હંસાબેનના પતિનું આઠ મહિના પહેલા જ મૃત્યુ થયુ હતું. તેના થોડા સમય પહેલા કોમલબેનના ભાઈ કેનાલમાં અકસ્માતે પડી જતા તેનુ મૃત્યુ થયું હતું પરિવારમાં ૩ પુત્રીઓ અને માતા રહ્યા હતા જેમાં એક બહેન વડોદરા સાસરે છે જ્યારે કોમલબેન અને તેમના બીજા બહેન માતા સાથે ગોધરામાં રહેતા હતા.

## ભુવાનું પિશાચી કૃત્ય : ચાર માસની માસૂમ બાળકીને લોખંડના સળિયાથી ડામ આપ્યા

દાહોદ

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના હિમાલા ગામે એક ચાર માસની માસૂમ બાળાને ભુવાએ સારવાર કરવાના બહાને ડામ આપતા બાળકીની હાલત ગંભીર બની છે. બાળકીની તબિયત લથડતા પરિવારજનો તેને લઈને દાહોદ દોડી આવ્યા છે અને હાલમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે બીજી તરફ આ કેસની જાણ થતા પોલીસ પણ હરકતમાં આવી છે અને ભુવાને ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

આદિવાસીની બહુમતી ધરાવતા દાહોદ જિલ્લામાં અંધશ્રદ્ધાનું ભૂત હજુ પણ ધુણી રહ્યું છે. સમયાંતરે અંધશ્રધ્ધાના વિવિધ બનાવો બહાર આવતા રહે છે જેમાં મોટાભાગે બાળકો અને મહિલાઓ જ ભોગ બનતા હોય છે. આવો જ એક કિસ્સો ફરીથી બહાર આવ્યો છે. જેમાં માત્ર ૪ મહિનાની માસૂમ બાળકી ભોગ બની છે.ગરબાડા તાલુકાના હિમાલા ગામે એક પરિવારની ચાર માસની માસૂમ બાળકીને તાવ, શરદી, ખાંસી તેમજ ન્યોમોનિયા જેવી બીમારી થતાં પરિવારજનો બાળકીની સારવાર માટે હોસ્પિટલમાં જવાને બદલે ગામના એક ભુવા, બડવા પાસે લઈ ગયાં હતાં. ભુવાએ ૪ મહિનાની બાળકીને વળગાડ હોવાનુ કહીને લોખંડના સળિયા ગરમ કર્યા હતા અને પરિવારજનોની સામે જ માસૂમ બાળકીના છાંતીના ભાગે ગરમ ગરમ ડામ દેતાં બાળકી ચીસો પાડવા લાગી હતી તેમ છતાં ભુવા કે પરિવારજનોનું હૃદય પીગળ્યુ નહતું અને વધુ ડામ આપ્યા હતા. છાતી અને પેટની આસપાસ ચારથી વધુ ડામ આપવાના કારણે બાળકીની તબિયત લથડતા પરિવારજનો હેબતાઈ ગયાં હતાં અને બાળકીને દાહોદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા છે.

## આણંદમાં બાળકને રાખવા મુદ્દે પતિએ ગળું દબાવીને પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી

### વ્યાયામ શાળા મેદાનના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં પતિ-પત્ની બંને મજૂરી કરતું હતું

આણંદ : આણંદ શહેરના વ્યાયામ શાળા મેદાન ખાતે આવેલા સ્પોર્ટ્સ સંકુલનું નિર્માણકાર્ય ચાલું છે. જેની પાછળના ભાગે મૂળ મધ્ય પ્રદેશના વરસિંગભાઈ વસુનીયા પત્ની કલાબેન (ઉ.વ.૨૪) તથા એક આઠ વર્ષના બાળક સાથે કાચું મકાન બાંધી રહેતા હતા. પરિવાર સંકુલમાં મજૂરીકામ કરી જીવન ચલાવતો હતો. ગતરોજ કોઈ કારણોસર પતિ અને પત્ની વચ્ચે પારિવારિક ઝઘડો થયો હતો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ઉશ્કેરાઈ ગયેલા વરસિંગભાઈએ પત્નીનું ગળું દબાવી દીધું હતું. જેથી પત્ની મૂછત થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે આસપાસના સ્થાનિકો એકત્ર થઈ જાણ કરતા આણંદ શહેર પોલીસ ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

પોલીસે તપાસ કરતા પત્ની મૃત હાલતમાં હોવાનું જાણવા મળતા સૌ પ્રથમ અપમૃત્યુની નોંધ નોંધી મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. દરમ્યાન આજે પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવતા તેણીનું મૃત્યુ ગળું દબાવવાના કારણે થયું હોવાનું ખુલવા પામતા આણંદ શહેર પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં આસપાસના સ્થાનિકોની પૂછપરછ કરતા ગતરોજ દંપતી વચ્ચે ઉગ્ર તકરાર થતા પતિએ પત્નીનું ગળું દબાવી હત્યા કરી હોવાનું ખુલવા પામતા પોલીસે પતિ વરસિંગ વસુનીયા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વડોદરામા પત્ની પર ફાયરિંગ કરનાર નિવૃત્ત એરફોર્સ ઓફિસરની ધરપકડ

વડોદરા

માંજલપુર શ્રીજી ધામ સોસાયટીમાં રહેતા ૭૯ વર્ષના હરવિન્દર શર્મા એરફોર્સમાંથી નિવૃત્ત થયા છે. તેઓને પત્ની નિલમબેન સાથે વર્ષોથી મિલકત અંગેનો ઝઘડો ચાલતો હતો. પતિ - પત્ની વચ્ચે તકરાર થતા પતિ અને પૂત્રવધૂએ મળીને નિલમબેન અને કેર ટેકર ભૂમિ પ્રજાપતિને ઘરની બહાર કાઢી મૂકી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. નિલમબેને પોતાના ઓળખીતા નિરવ જગજીવનભાઈ માળીને ફોન કરીને આવવા માટે કહ્યું હતું. નિરવ પોતાના મિત્ર રવિ મનુભાઈ માળી સાથે આવ્યો હતો. આ સમયે ઉશ્કેરાયેલા પતિ હરવિન્દર શર્માએ તું કેમ પાછી ઘરે આવી ? અહીંયાથી જતી રહે. નહીંતર ઠોળી મારી દઈશ. તેવી ધમકી આપી હતી. નિલમબેને બારી ખોલવાની કોશિશ કરતા પતિ હરવિન્દર શર્માએ બારીમાંથી બાર બોરવાળી સિંગલ નાળી બંદૂક વડે ફાયરિંગ કરતા નિલમબેન તથા રવિને ઇજા પહોંચી હતી. આ ગુનામાં પી.આઇ. ગાયત્રી રાજપૂતે હરવિન્દર શર્માની ધરપકડ કરી બંદૂક કબજે લીધી છે. આરોપીના ઘરમાંથી પોલીસને પંચાવન કારતૂસ મળ્યા છે.

## છેલ્લા ઘણા સમયથી બીમાર રહેતા કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું નિધન

મહેસાણા

કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું નિધન થયું છે. કરશનભાઈ લાંબા સમયથી બીમાર હતા અને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તેમની બ્લડ કેન્સરની સારવાર ચાલી રહી હતી. મંગળવારે મોડી રાત્રે અઢી વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ વર્ષ 2017 અને 2022માં ભાજપની ટિકિટ પર ચૂંટણી જીત્યા હતા. કરશનભાઈ પોતાના સરળ અને સૌમ્ય સ્વભાવના કારણે સમગ્ર વિસ્તારમાં જાણીતા હતા. તેઓ ઘણીવાર સરકારી બસમાં મુસાફરી કરતાં તો લોકોમાં ચર્ચાનો વિષય બની જતો હતો. ઘણી વખત તેમને મોંઘીદાટ ગાડીઓની ઑફર પણ આવી હતી જે તેમણે સ્વીકારી નહીં. તેમના સાદગીભર્યા જીવનના કારણે તેમને લોકચાહના મળી હતી.

## ધંધુકા પાલિકાની ચૂંટણીમાં ભાજપના 2 બળવાખોર સાથે 60 ઉમેદવાર મેદાનમાં

### 5 અપક્ષ ઉમેદવારના ફોર્મ રદ, એક ઉમેદવારી પાછી ખેંચાઈ

ધંધુકા

ધંધુકા પાલિકાની ચૂંટણીમાં ભાજપના બે બળવાખોર સાથે ૬૦ ઉમેદવાર મેદાનમાં ઉતર્યા છે. આ ચૂંટણીમાં આમ તો ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ તમામ વોર્ડની બેઠકો પર સીધો ચૂંટણી જંગ જામશે. પરંતુ વોર્ડ નં.૨ અને ૩, જમાં ચૂંટણી લડવા ઉભેલા ત્રણ અપક્ષ ઉમેદવારો ચૂંટણી પરિણામમાં ખેલ પાડે તો નવાઈ નહીં!

ધંધુકા નગરપાલિકાની આગામી ૧૬મી ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીના ઉમેદવારોનું ફાઈનલ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ફોર્મ ચકાસણીના દિવસે ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ મળી ૬૬માંથી પાંચ અપક્ષ ઉમેદવારના ફોર્મ રદ થયા હતા. જ્યારે મંગળવારે એક ઉમેદવારે પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી. જેથી સાત વોર્ડની ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસના ૨૮-૨૮ અને વોર્ડ નં.૨માં અપક્ષના બે, વોર્ડ નં.૩ અને વોર્ડ નં.૪માં એક અપક્ષ ઉમેદવાર મળી કુલ ૬૦ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. ત્રણ અપક્ષ ઉમેદવારોમાં ભાજપના બે બળવાખોર ઉમેદવારનો પણ સમાવેશ થયો છે.

## ગોધરા કાંડમાં જન્મટીપની સજા પામેલો સલીમ જર્દા પૂણેમાં ચોરી કરતા પકડાયો

ગોધરના

ગોધરાકાંડ મામલે આજીવન કેદની સજા પામેલો ફરાર ગુનેગારની મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં ચોરીના એક મામલે ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, પુણે ગ્રામીણ પોલીસે 22 જાન્યુઆરીએ સલીમ જર્દાની ધરપકડ કરી છે, જે 2002માં ગોધરાકાંડ મામલે આજીવન કેદની સજા પામેલા 31 દોષીમાંથી એક હતો. 17 સપ્ટેમ્બર 2024ના દિવસે જર્દાને સાત દિવસ પરોલ પર ગુજરાતની જેલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને ત્યારબાદ તે ફરાર થઈ ગયો હતો. આલેફાટા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર દિનેશ તાયડેએ કહ્યું કે, ‘અમે 22 જાન્યુઆરીએ સલીમ જર્દા અને તેના ગેંગના સભ્યોની ચોરીના એક મામલે ધરપકડ કરી હતી.

# સુરતમાં લગ્નમાં જમવાનું ઓછું પડતા જાનૈયાઓએ ચાલતી પકડી

## પોલીસ સ્ટેશનમાં સમાધાન કરાવી હાર તોરા કરાવાયા

**સુરત**

વરાછા વિસ્તારમાં એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં લગ્ન પ્રસંગમાં જમવાનું ઓછું પડવાના કારણે વરરાજા પક્ષ લગ્ન વગર જ જાન લઈને પરત ફર્યા હતા. જોકે, વરાછા પોલીસની ટીમે જાનૈયાઓને સમજાવીને સુખદ સમાધાન કરાવ્યું હતું. ત્યારબાદ વરાછા પોલીસ મથકમાં જ લગ્નની બાકી રહેલી હાર તોરાની વિધિ સંપન્ન થઈ હતી.

સમગ્ર ઘટના એમ છે કે, સુરત શહેરના વરાછા માતાવાડી પાસે લક્ષ્મી નગરની વાડીમાં લગ્નનું આયોજન હતું. જ્યાં મૂળ બિહારના વતની યુવક રાહુલ પ્રમોદ મહંતો અને યુવતી અંજલી કુમારી મીટુસિંગની લગ્નની વિધિ ચાલી રહી હતી. પરંતુ લગ્ન પ્રસંગ દરમ્યાન જમવાનું ઓછું પડી ગયું હતું. બસ આ જ વાતને લઈને જાનૈયાઓ નારાજ થઈ ગયા હતા અને બંને પરિવારજનો વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ લગ્ન વગર જ જાન પરત ફરી હતી.

આ ઘટના બાદ તાત્કાલિક કન્યાપક્ષના લોકો વરાછા પોલીસ મથક પહોંચ્યાં હતા. જે સમગ્ર મામલે પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ વરાછા પોલીસની ટીમે તાત્કાલિક પગલાં લઈને વરરાજા અને તેના પરિવારજનોનો સંપર્ક કરાવ્યો હતો અને તેઓને પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. જ્યાં બંને પરિવારોનું સમાધાન કરાવ્યું હતું.

બાદમાં કન્યાએ કહ્યું કે, 'જો અમે ફરીથી ત્યાં જઈશું તો ફરી વિવાદ થવાની સંભાવના છે.' તો એ કારણથી પોલીસ મથકમાં જ વરમાળાનું આયોજન કરવા પરવાનગી આપી હતી. કન્યાપક્ષની વિનંતીને ધ્યાનમાં રાખીને ફરી વિવાદ ન સર્જાય તે માટે પોલીસ મથકમાં જ સિંદૂર, હારતોરા(વરમાળા) સહિતની લગ્નવિધી કરાઈ હતી. બાદમાં વર-વધુ સહિત બંને પક્ષોને પોલીસ મથકેથી વિદાય આપવામાં આવી હતી. હાલ, સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

# રો-રો ફેરીમાં દારૂની હેરાફેરી, ટેમ્પોમાં લેમિનેશન કરી બોટલો છુપાવી

**સુરત**

સુરતના હજીરાથી ભાવનગરના ઘોઘા વચ્ચે ચાલતી રો-રો ફેરી મારફતે મોકલાતો દારૂ સ્ટેટ મોનીટરીંગ સેલે એક જ મહિનામાં બીજી વખત ઝડપી લીધો છે. સ્ટેટ મોનીટરીંગ સેલે હજીરા સ્થિત રો-રો ફેરીના પાર્કિંગમાં પાર્ક કરેલા આઈશર ટેમ્પોમાં લેમીનેશન કરી રાખેલા સ્ટીમ બોઈલરનું લેમીનેશન દૂર કરી અંદર તપાસ કરતા તેમાંથી 19.20 લાખ રૂપિયાની દારૂની 19,200 બોટલ મળી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ, પીએસઆઈ વી.સી.જાડેજા અને ટીમે મળેલી બાતમીના આધારે હજીરા સ્થિત રો-રો ફેરીના પાર્કિંગમાં પાર્ક કરેલા આઈશર ટેમ્પોમાં લેમીનેશન કરી રાખેલા સ્ટીમ બોઈલરનું લેમીનેશન દૂર કરી અંદર તપાસ કરી હતી. તેમાંથી 19.20 લાખની દારૂની 19,200 બોટલ મળી આવી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલે ટેમ્પો ચાલક હુસેન મહેબૂબ નદાફુ અને ટેમ્પો માલિક હીરાલાલ બાશા નદાફુને ઝડપી ધરપકડ કરી હતી.

# મધ્યપ્રદેશની લક્ઝરી બસ સાપુતારા નજીક ખીણમાં ખાબકતાં પાંચ મોત

## 24ને ગંભીર ઈજા, 21 મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી

**વાંસદા-ડાંગ**

મધ્યપ્રદેશની પ્રવાસીઓ ભરેલી ચાર લક્ઝરી બસ નાસીક-ત્રંબકેશ્વરથી ગુજરાતના દ્વારકા યાત્રા ધામે જઈ રહી હતી. આ બસો ગિરિમથક સાપુતારાની તળેટીમાં આવેલા માલેગામ ઘાટમાર્ગમાંથી પસાર થઈ રહી હતી ત્યારે વહેલી સવારે કાતિલ ઠંડી અને અંધારમાં એક બસના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા બસ ખીણમાં ખાબકી હતી. ગોઝારા અકસ્માતમાં બસનો ભૂક્કો બોલી ગયો હતો. આ અકસ્માતમાં બસમાં બેઠેલા પ્રવાસીઓની ચિચિયારીઓ ગુંજી ઉઠી હતી. ૩ પુરૂષ અને ૨ મહિલાનું ગંભીર ઈજા થવાથી મોત થયું હતું, જ્યારે ૨૪ પ્રવાસીઓને ગંભીર અને ૨૧ મુસાફરોને સામાન્ય ઈજા થઈ હતી.

મધ્યપ્રદેશથી ગુના, શીવપુરી અને અશોકનગરથી ધાર્મિક પ્રવાસે નીકળેલી ૪ ખાનગી લક્ઝરી બસ મહારાષ્ટ્રના નાસિકથી (ત્રંબકેશ્વર) ગુજરાતમાં દ્વારકા યાત્રાધામ તરફ જઈ રહી હતી ત્યારે રવિવારે વહેલી સવારે ૪:૩૦થી ૫ વાગ્યા દરમિયાન આહવા તાલુકાના સાપુતારા-માલેગામ ઘાટમાર્ગમાં એક બસ ખીણમાં પલ્ટી મારી ગઈ હતી.

આ બસમાં ૪૮ જેટલા મુસાફો બેઠા હતા. જેમને નાની મોટી ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે તાત્કાલિક નજીકના શામગહાન સી.એચ.સી ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જેમાંથી ૫ જેટલા મુસાફોના મોત થયા હતા. ૨૪ જેટલા ગંભીર રીતે ઘાયલ દર્દીઓને આહવા સિવિલ હોસ્પિટલ તથા સુરત સિવિલ હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા. ૨૧ જેટલા સામાન્ય ઈજા પામેલા દર્દીઓને શામગહાન સી.એચ. સી ખાતે સારવાર આપવામાં આવી રહી છે.

અકસ્માતમાં મૃતકોમાં રતનલાલ જાદવ (ઉ.વ.૪૧), ભોલારામ કુશવાહ (ઉ.વ.૫૫ રહે. રામગઢ), ગુડ્ડીબેન રાજેશ યાદવ (ઉ.વ.૬૦), બીજેન્દ્રસિંગ બાદલસીંગ યાદવ (ઉ.વ.૫૫), કમલેશ બીસ્પાલસિંગ યાદવ (ઉ.વ.૬૦)નો સમાવેશ થાય છે.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh



Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટમાં ક્રિપ્ટો કોઈનના નામે અનેક રોકાણકાણો પાસેથી 5 કરોડની ખંખેર્યા

## કંપનીના ફાઉન્ડર મિલન ચાવડા અને તેના ભાગીદાર પઠાણે રોકાણકારોને છેતર્યાં

**રાજકોટ**

રાજકોટના કરણસિંહજી રોડ પર સેન્ટર પોઈન્ટમાં ઓફિસ ધરાવતા મિલન ધનજીભાઈ ચાવડા (રહે. જયગીત સોસાયટી-૧, રેસકોર્સ પાછળ) અને તેના પાર્ટનર ઈરફાન ઉમરાખાન પઠાણ (રહે. નરસિંહ મહેતા ટાઉનશીપ)એ ક્રિપ્ટો કોઈનના નામે અનેક રોકાણકારો સાથે પાંચેક કરોડની ઠગાઈ કર્યાની પોલીસ કમિશનરને અરજી કરવામાં આવી છે. જેના આધારે એ ડીવીઝન પોલીસે તપાસ આગળ ધપાવી છે.

રેલનગરના આસ્થા ચોકમાં રહેતા વિજય મનહરલાલ વાછાણીએ કરેલી અરજીમાં જણાવ્યું છે કે તે લોન અપાવવાનું કામ કરે છે. ૨૦૨૧ની સાલમાં લોનના કામ સબબ મિલન સાથે સંપર્કમાં આવ્યો હતો. તે વખતે મિલને ક્રિપ્ટોનો પ્લાન સમજાવતા તે તેના પ્રોજેક્ટમાં ૨૦૨૩ની સાલથી જોડાયો હતો. ત્યાર પછી તેણે તેના નજીકના કુટુંબીજનો, વેપારીઓ અને મિત્રો ઉપરાંત બેન્કના સહકર્મીઓ-અધિકારીઓને પણ તેમાં સામેલ કરી રૂા. ૭૨ લાખનું રોકાણ કરાવ્યું હતું.

બીજા બધા રોકાણકારોણ મળી કુલ રૂા. પાંચ કરોડનું રોકાણ કર્યું હતું. ૨૦૨૧ની સાલથી ચાલતી કંપની એમઆઈઈ ટેકનોલોજી એલએલપીના માલિક મિલન અને તેના પાર્ટનર ઈરફાને રાજકોટમાં ૫૦ મહિના માટે દર મહિને ૬ ટકાના વળતરની લાલચ આપી એમઆઈઈ (મેટા બ્લોક ઈન્ટરચેઈન ઈવોલ્યુશન) નામથી ક્રિપ્ટો કોઈન બહાર પાડી છેતરપિંડી કરી છે.

# આરોહણ અવરોહણ સ્પર્ધામા દેશના 570 સ્પર્ધકોએ ગિરનાર સર કર્યો

**જૂનાગઢ**

જોમ અને જુસ્સા સાથે રાજ્યના સૌથી ઊંચા પર્વત ગિરનારને સર કરવા માટે 17મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા 2025 નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના 20 રાજ્યોના 570 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સિનિયર બહેનોમાં 32.34 મિનિટના સમય સાથે ઉત્તર પ્રદેશની તામસી સિંઘ પ્રથમ ક્રમે રહી હતી. સિનિયર ભાઈઓમાં 53.28 મિનિટ સાથે પ્રથમ ક્રમે ઉતરાખંડના દિગંબર સીંઘ, જુનિયર બહેનોની કેટેગરીમાં 33.40 મિનિટના સમય સાથે પ્રથમ ક્રમે વારાણસીની રંજના યાદવ અને જુનિયર ભાઈઓમાં 56.41 મીનીટના સમય સાથે પ્રથમ ક્રમે ઉતરપ્રદેશના બબલુભાઈ સીસોદિયા રહ્યા હતા.

સીનીયર બહેનોમાં ઉતરાખંડના મીનાક્ષી નેગીએ 33.55 મીનીટ સાથે બીજા ક્રમે , ત્રીજા ક્રમે ઉતરાખંડના નીધી નેગી 334.19 મીનીટમાં, સીનીયર ભાઈઓમાં બીજા ક્રમે ગુજરાતના નીષાદ લલીતકુમાર 54.44 મીનીટ સાથે, ત્રીજા ક્રમે ગુજરાતના વાઘેલા શૈલેષ મનસુખભાઈ એ 55.07 મીનીટના સમય સાથે, જુનીયર બહેનોમાં બીજા ક્રમે ગુજરાતના ગરચર દીપાલી રહ્યા હતા.

# પોરબંદરમાં કુખ્યાત મેરામણ ઉર્ફે લંગીની હત્યા, ગેંગવોરના એંધાણ

**પોરબંદર**

પોરબંદર આમ અનેક ગુનાહિત બનાવોના લીધે ચર્ચામાં રહેલું છે. ત્યારે હવે જિલ્લાના બખરલા ગામે હત્યાનો બનાવ સામે આવ્યો છે. જેમાં પોરબંદરના કુખ્યાત ભીમા હુલા ઓડેદરાના ભાણેજ અને મુળુ મોઢવાડિયા હત્યા કેસમાં સંડોવાયેલા નામચીન મેરામણ ખૂંટી ઉર્ફે લંગીની હત્યા કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર પોરબંદરના બખરલા ગામે હત્યાનો બનાવ બન્યો છે. આ સમગ્ર ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. જેમાં પોરબંદરના કુખ્યાત મેરામણ ખૂંટી ઉર્ફે લંગી નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. પોરબંદરના કુખ્યાત મેરામણ ખૂંટી કુખ્યાત ભીમા હુલા ઓડેદરાના ભાણેજ અને મુળુ મોઢવાડિયા હત્યા કેસમાં સંડોવાયેલા હતા. મેરામણ ખૂંટી અને આરોપીઓ વચ્ચે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ હત્યા જૂની અદાવતમાં થઈ હોવાની આશંકા છે. આ હત્યાની ઘટના અંગે બગવદર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અત્રે એ પણ નોંધવું રહ્યું કે મેરામણ સામે 4 હત્યા, 2 હત્યાના પ્રયાસ સહિત 14 જેટલા ગુના નોંધાયેલા હતા.

# કોંગ્રેસના નેતાની જયેશ રાદડિયાને સલાહ સમય છે, પાછા વળો તો ફાયદામાં રહેશો

## ભાજપના જયેશ રાદડિયા પોતાના 2 ઉમેદવારોને ટિકિટ પણ અપાવી શક્તા નથી

**જેતપુર**

સૌરાષ્ટ્રના રાજકીય વિવાદો રાજકારણમાં ચર્ચાનો વિષય બની રહ્યાં છે. આ દરમિયાન કોંગ્રેસ નેતા મનહર પટેલે જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાને કોંગ્રેસમાં પરત ફરવાની સલાહ આપી છે. કોંગ્રેસના નેતા મનહર પટેલે રાદડીયાએ કહ્યું હતું કે, સમય છે પાછા વળો ફાયદામાં રહેશો. કોંગ્રેસના નેતાએ આપેલ સલાહથી રાજકીય માહોલ ગરમાયો હતો.



જેતપુર ભાજપના ડખા પર કોંગ્રેસના નેતા મનહર પટેલે કહ્યું હતું કે, ભાજપમાં જયેશ રાદડીયા પોતાના 2 ઉમેદવારોને ટીકીટ પણ અપાવી શક્તા નથી. મને યાદ છે અને હું સાક્ષી પણ છું કે વિઠ્ઠલભાઈ રાદડિયા રાજકોટ જિલ્લા પંચાયતના ઉમેદવારોના કોરા મેન્ડેન્ટ મંગાવતા અને ખુદ ઉમેદવાર પસંદ કરતા હતા. કોંગ્રેસમાં વિઠ્ઠલ રાદડિયાનો આ દબદબો હતો. આજે ભાજપના જયેશ રાદડિયા પોતાના 2 ઉમેદવારોને ટિકિટ પણ અપાવી શક્તા નથી અને સમાજ સામે ભાષણ કરો છો કે માયકાંગલાઓને નેતા ન બનાવો. મનહર પટેલે વધુમાં કહ્યું હતું કે, 2019 માં પોરબંદરના લોકસભાના ઉમેદવારમાં જયેશ રાદડિયાનું ચાલ્યું ન હતું.

# ધ્રાંગધ્રાના સોલડી ગામમાં બે જથો વચ્ચે મારામારીમાં આઠ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત

## બાઈક અને ઘરને નુકસાન પહોંચાડી કારને આગ લગાડી : 19 શખ્સો વિરૂદ્ધ ગુનો

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં જૂથ અથડામણ તેમજ મારામારીના બનાવો વધી રહ્યાં છે. ત્યારે ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામે અગાઉ દિકરીને ભગાડી જવાનું મનદુઃખ રાખી બે જૂથો વચ્ચે મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં સામસામે કુલ ૧૯ શખ્સો સામે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ પાસ હાથધરી છે.

ધ્રાંગધ્રાના સોલડી ગામે રહેતા ફરિયાદી રાહુલભાઈ વાલજીભાઈ પરમારના કુટુંબની દિકરીને રવિભાઈ મોહનભાઈ નામનો યુવક અંદાજે ૬-૭ મહિના પહેલા ભગાડીને લઈ ગયો હતો. જે બાબતે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો. ત્યારે આ અંગેનું મનદુઃખ રાખી ૯ જેટલા શખ્સોએ તીક્ષ્ણ હથિયારો સાથે એકસંપ થઈ ફરિયાદી રાહુલભાઈને માથામાં પથ્થરના છુટ્ટા ઘા માર્યા હતા જ્યારે અન્ય શખ્સે ભીમાભાઈને લોખંડનો પાઈપ અને પથ્થરનો ઘા માર્યો હતો. જ્યારે અન્ય શખ્સો ચિરાગભાઈ, વિશાલભાઈ સહિતનાઓને પણ મારામારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમજ ટ્રેક્ટર વડે બાઈકને નુકશાન પહોંચાડયું હતું અને કારમાં પણ આગ લગાડી બારી બારણાને નુકશાન પહોંચાડયું હતું. જે મામલે ભોગ બનનાર ફરિયાદીએ ૧૦ શખ્સો સામે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે. જ્યારે સામાપક્ષે ૯ શખ્સો સામે હુમલા અંગે ફરિયાદ નોંધઈ છે.

# અમરેલી લેટરકાંડ મુદ્દે સંઘાણીએ CMને પત્ર લખ્યો, હું નાર્કો ટેસ્ટ કરાવવા તૈયાર

**અમરેલી**

અમરેલી લેટરકાંડ મુદ્દે સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં અમરેલી લેટરકાંડની તપાસ નિવૃત્ત જજની અધ્યક્ષતામાં કરાવવામાં આવે તેવી આ પત્રમાં માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત પત્રમાં તેમણે કહ્યું છે કે, સત્યતા બહાર લાવવા માટે હું પોતે નાર્કો ટેસ્ટ કરાવવા તૈયાર છું, તેમજ આ કેસ સાથે જોડાયેલા અન્ય 2-4 વ્યક્તિના પણ નાર્કો ટેસ્ટ થવા જોઈએ.

દિલીપ સંઘાણીએ કહ્યું કે, 'મારું અને ભાજપના અન્ય નેતાઓનું નામ લેવા આરોપીઓને દબાણ કરાયું હતું. પોલીસના ઉચ્ચ અધિકારીઓ અથવા રાજકીય આગેવાનો દ્વારા આ પ્રવૃત્તિ કરાયાની આશંકા છે. સમગ્ર બાબતે હું નાર્કો ટેસ્ટ કરાવવા તૈયાર છું.'

સંઘાણીએ કહ્યું કે, 'આ કેસમાં કહેવાતા સાચા કે ખોટા પત્ર સાથે મારે કોઈ લેવા દેવા નથી. આ બાબતે સત્યતા બહાર લાવવા મારે હું પોતે નાર્કો ટેસ્ટ કરવા તૈયાર છું, તેમજ ફરિયાદી અને આ કેસ સાથે જોડાયેલા અન્ય 2-4 વ્યક્તિના પણ નાર્કો ટેસ્ટ થવા જોઈએ. જેથી વાસ્તવિક હકીકત સુધી પહોંચવામાં સરળતા રહે.'

# મહાકુંભમાં ગયેલા ગુજરાતી શ્રદ્ધાળુને શ્વાસ લેવામાં તકલીફ થતાં અચાનક જ ઢળી પડ્યાં

**રાજકોટ**

બજરંગવાડી વિસ્તારમાં રહેતા અને PGVCLના કોન્ટ્રાક્ટ પર કામ કરતા કિરીટસિંહ રાઠોડ (ઉ.વ.53) ગત 24મી જાન્યુઆરીના રોજ પત્ની લત્તા રાઠોડ, મિત્ર લક્ષ્મણગિરી ગોસાઈ અને તેમની પત્ની શોભના સાથે અમદાવાદથી ફ્લાઈટમાં અયોધ્યા ગયા હતા. જ્યાંથી તેઓ પ્રયાગરાજ મહાકુંભ પહોંચ્યા હતા. ગત 30મી જાન્યુઆરીના રોજ પવિત્ર સ્નાન કર્યા બાદ અચાનક કિરીટસિંહને ચક્કર આવવા લાગ્યા અને શ્વાસ ચડતાં તેઓ ઢળી પડ્યા હતા. જેથી તેમના પત્ની અને મિત્રો તાત્કાલિક કિરીટસિંહને સેક્ટર 20માં ઉભી કરવામાં આવેલી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં કિરીટસિંહની તબિયત વધારે ખરાબ થયા બાદ તેમનું મોત થયું હતું.

# બાઇક સ્લીપ થઈ જતાં બંદૂકમાંથી ગોળી છૂટતાં શિકારી યુવાનનું મોત

**મોરબી**

માળીયા મિયાણાના વવાણીયા નજીક એક વ્યક્તિનું બંદૂકની ગોળી વાગવાથી મોત થતા મૃતદેહને પી એમ અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો જે બનાવ મામલે માળિયા પોલીસ ટીમેં તપાસ ચલાવી હતી અને પ્રાથમિક તપાસમાં યુવાન શિકાર કરવા બંદુક લઈને જતો હતો ત્યારે બાઈક સ્લીપ થતા અકસ્માતે ગોળી છૂટતા મોત થયાનું સામે આવ્યું છે.

વવાણીયા નજીક ગત રાત્રીના સમયે બંદૂકની ગોળી લાગતા વસીમભાઈ ગુલમામદભાઈ પીલુડિયા (ઉ.વ.૩૮) નામના યુવાનનું મૃત્યુ નિપજતા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડી ખસેડવામાં આવ્યો હતો તો બનાવ અંગે માળિયા પોલીસને જાણ કરવામાં આવતા તુરંત દોડી આવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક અને અન્ય લોકો શિકાર કરવા માટે જતા હતા ત્યારે બાઈક સ્લીપ થવાથી બંદૂકમાંથી ફાયરિંગ થતા વસીમનું મૃત્યુ નીપજ્યું હોવાની માહિતી મળી હતી. જોકે યુવાન એકલો જ શિકાર અર્થે ગયો હતો કે અન્ય કોઈ સાથે ગયા હતા તેમજ જે બંદુકમાંથી ગોળી છૂટી તે લાયસન્સ વાળી બંદૂક છે કે કેમ તે સહિતની દિશામાં માળિયા પોલીસે તપાસ ચલાવી છે.

# પાલીતાણા તીર્થ આવતા શ્રદ્ધાળુઓને રાહત થશે, રસ્તા બનાવવા 52 કરોડ મંજૂર

**પાલીતામા**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ જૈન તીર્થ પાલીતાણાને જોડતા 800 મીટર લંબાઈના માર્ગોના નવીનીકરણ તથા પૂલોના નવા કામો માટે રૂ.51.57 કરોડ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીએ તાજેતરમાં રાજ્યના 44 પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણા અને કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવાના વિવિધ કામો માટે કુલ રૂ. 2269 કરોડ ફાળવ્યા છે. આ હેતુસર જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને તે રકમમાંથી 40.50 કરોડ રૂપિયા 20.90 કિ.મી લંબાઈના 6 રસ્તા અને પૂલોના કામો માટે મંજૂર કરવામાં આવેલા છે. હવે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 51.57 કરોડ રૂપિયા પાલીતાણાને જોડતા 800 મીટરના માર્ગો પર નવા રસ્તા, પુલો માટે મંજૂર કર્યા છે.

સ્વદેશ



## કંગના રણૌતે હવે મનાલીમાં રેસ્ટોરાં પણ શરૂ કરી

મુંબઇ : કંગના રનૌતે મનાલીમાં પોતાની ‘ધ માઉન્ટન સ્ટોરી’ નામની એક રેસ્ટારાં ખોલી છે.જેનું ઉદઘાટન તા. ૧૪ ફેબુરઆરીના રોજ થવાનું છે. અભિનેત્રીએ દીપિકા પદુકોણને પોતાની પ્રથમ ગ્રાહક બનવા નિમંત્રણ પાઠવ્યું છે. કંગનાએ ભૂતકાળને તાજો કરતાં ૨૦૧૩ની એક ક્લિપ શેર કરી છે. જેમાં એક પેનલ ડિસકશન વખતે કંગના અને દીપિકા પદુકોણને આગામી દસ વર્ષમાં તેઓ શું કરવા માંગે છે તેવો એક પ્રશ્ન પૂછાયો હતો. ત્યારે કંગનાએ ઉત્તરમાં પોતે એક દુનિયાભરના મેન્યુ ધરાવતી રેસ્ટોરાં ખોલવા માંગતી હોવાની ઇચ્છા જણાવી હતી. ત્યારે દીપિકા પદુકોણે હું તારી પ્રથમ ગ્રાહક બનીશ એમ હસતાં હસતાં કહ્યું હતું.

## સંજય દત્ત અને અભિષેક હવે મોગલ રાજાઓની ભૂમિકા ભજવશે



મુંબઈ : રિતેશ દેશમુખ હાલ શિવાજી મહારાજ ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. રિતેશ દેશમુખ આ ફિલ્મના દિગ્દર્શનની સાથેસાથે છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિકામાં પણ જોવા મળવાનો છે. આ ફિલ્મ મરાઠી અને હિંદી એમ બે ભાષામાં રિલીઝ કરવામાં આવશે. સંજય દત્ત અને અભિષેક બચ્ચન મોગલ રાજાઓના પાત્રમાં જોવા મળવાના છે. જ્યારે ફરદીન ખાન પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં હશે. હાલ આ ફિલ્મનું શૂટિંગ મુંબઈમાં ચાલી રહ્યું છે. આ ફિલ્મનું નિર્માણ જ્યોતિ દેશપાંડે તેમજ રિતેશ દેશમુખની પત્ની જેનેલિયા ડિસોઝા કરી રહી છે.

# રવિના ટંડન ડેસ્ટિનેશન વેડિંગ કરનારી પહેલી બોલિવૂડ અભિનેત્રી : જગમંદિર પેલેસમાં કર્યા હતા લગ્ન



રવિના ટંડન ફિલ્મ નિર્માતા અનિલ થડાણી સાથે લગ્ન કર્યા છે અને તેમના લગ્નને ઘણા વર્ષો થયા છે. રવિનાના લગ્ન તેમના સમયમાં એટલા ભવ્ય હતા કે આજે પણ તેની ચર્ચા થયા છે. બન્નેના લગ્ન પંજાબી અને સિંધી રીત-રિવાજ મુજબ થયા. પણ શું તમે જાણો છો કે તે ડેસ્ટિનેશન વેડિંગ કરનારી પહેરી ભારતીય અભિનેત્રી હતી? હા, આજકાલ ટ્રેન્ડમાં ચાલી રહેલા ડેસ્ટિનેશન વેડિંગ સૌપ્રથમ રવિનાએ અભિનેત્રી તરીકે કર્યા હતા.

રવિનાના લગ્નની બીજી ઘણી રસપ્રદ વાતો હતી. રવિના અને અનિલના લગ્ન ઉદયપુરના ભવ્ય જગમંદિર પેલેસમાં થયા હતા. અનિલ અને રવિનાની પરંપરા મુજબ બન્નેએ પંજાબી અને સિંધી રીતિરિવાજ મુજબ લગ્ન કર્યા.

પોપગાયક અમરિંદર સિંહ તેમના બેન્ડના 15 સભ્યો સાથે બન્નેના સંગીત મારે આવ્યા હતા. લગ્ન માટે રવિનાએ તેમની માતા વીણા ટંડનની 35 વર્ષ જૂની સાડી પહેરી હતી જેને ફરીથી ડિઝાઈન કરવામાં આવી હતી.

લગ્ન જેટલા ભવ્ય હતા, તેની ડોલી પણ એટલી ચર્ચામાં રહી. એવું કહેવાય છે કે અભિનેત્રી 100 વર્ષ જુની ડોલીમાં મંડપમાં પ્રવેશી હતી. તે એક જુની ડોલીમાં બેઠી હતી, જેમાં એક સમયે મેવાડની રાણી બેઠી હતી. રવિના અને અનિલ થડાણીની પહેલી મુલાકાત 2003માં એક સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ સમયે થઈ હતી. તે સમયે બન્ને વચ્ચે પ્રોફેશનલ સંબંધ હતો. અનિલ થડાણી તેમના પહેલા લગ્નથી સંઘર્ષ કરી રહ્યા હતા અને છૂટાછેડા થઈ ગયા. પછી રવિનાના જન્મદિવસની સાંજે અનિલે અભિનેત્રીને પ્રપોઝ કર્યું અને તેણે પણ હા પાડી. ઘણા મહિનાઓ સુધી પોતાના સંબંધોને ગુપ્ત રાખ્યા પછી બન્નેએ ભવ્ય લગ્ન કર્યા. આ પછી બન્ને રાશા અને રણબીરના માતા-પિતા બન્યા.

## અક્ષય કુમારની જોલી એલએલબીની રીલિઝ ચાર મહિના પાછી ઠેલાઈ



મુંબઈ : અક્ષય કુમાર અને અરશદ વારસીની જોલી એલએલબી ૩ની રીલિઝ ચાર મહિના પાછળ ઠેલાઈ છે. પૂર્વ યોજના અનુસાર, આ ફિલ્મને પહેલા એપ્રિલ મહિનામાં રીલિઝ કરવામાં આવવાની હતી. પરંતુ તે ઓગસ્ટમાં રીલિઝ થશે. કરણ જોહરે ૧૮ એપ્રિલના રોજ ‘કેસરી ટૂ’ને રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યો છે. તેને પગલે અક્ષય કુમારની બે ફિલ્મો આગળ પાછળ ન થઈ જાય એટલે ‘જોલી એલએલબી થ્રી’ને પાછળ ઠેલવામાં આવી છે.



# નેટફ્લિક્સએ તૃપ્તિ ડિમરીની ફિલ્મ અફઘાન સ્નો અટકાવી દીધી

મુંબઈ : નેટફ્લિક્સ એ હાલમાં પોતાની આ વર્ષે રીલિઝ થનારી નવી ફિલ્મો તથા શોની યાદી જાહેર કરી છે પરંતુ તેમાં તૃપ્તિ ડિમરી તથા વિજય વર્માની ફિલ્મ ‘અફઘાન સ્નો’ વિશે કોઈ જાહેરાત થઈ નથી. કહેવાય છે કે આ ફિલ્મના સર્જક તથા તૃપ્તિના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ કર્નેશ શર્મા અને નેટફ્લિક્સ વચ્ચેની ભાગીદારીનો અંત આવ્યા બાદ નેટફ્લિક્સએ આ ફિલ્મનું સુકાન પોતાના હાથમા ંલઈ લીધું છે. હવે ફિલ્મમાં સંખ્યાબંધ ફેરફારો કરવામાં આવશે. અનુષ્કા શર્માનો ભાઈ કર્નેશ ક્લિન સ્લેટ ફિલ્મ્સના નેજા હેઠળ આ પ્રોજેક્ટ હાથ ધરી રહ્યો હતો. અગાઉ કર્નેશે આ જ બેનર હેઠળ તૃપ્તિને લઈ ‘કલા’ તથા ‘બુલબુલ’ જેવી યાદગાર ફિલ્મો બનાવી હતી અને જેના કારણે તૃપ્તિને એક એક્ટ્રેસ તરીકે એસ્ટાબ્લીશ થઈ હતી. આ ફિલ્મોનાં સર્જન વખતે તૃપ્તિ અને કર્નેશ રિલેશનશિપમાં હતાં. જોકે, બાદમાં તેમનું બ્રેક અપ થયું હતું. હવે તૃપ્તિ સામ મર્ચન્ટ નામના બિઝનેસમેન સાથે રિલેશનશિપમાં છે.

# ફેક ન્યૂઝથી કંટાળ્યો બચ્ચન પરિવાર : આરાધ્યાએ અરજી દાખલ કરતાં કોર્ટે ગૂગલને પાઠવી નોટિસ

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનની પુત્રી આરાધ્યા બચ્ચને દિલ્હી હાઈકોર્ટમાં ફરીથી નવી અરજી દાખલ કરી છે. આ અરજીમાં આરાધ્યાએ વિનંતી કરી કે ‘મારી હેલ્થને લઈને અલગ-અલગ વેબસાઈટ પર ચાલી રહેલી ફેક અને ભ્રમિત કરનારી જાણકારી ઘણા પોર્ટલ્સ પર અત્યાર સુધી હાજર છે. જેને ઝડપથી હટાવવામાં આવે.’ અરજી પર કોર્ટ તરફથી નોટિસ જારી કરવામાં આવી છે.

આરાધ્યાએ પોતાની અરજીમાં મામલા પર સંક્ષિપ્ત નિર્ણયની માગ કરી છે. જેના જવાબમાં કોર્ટમાં સોમવારે સુનાવણી થઈ, જે બાદ ગૂગલ સહિત અન્ય વેબસાઈટને નોટિસ મોકલવામાં આવી. નોટિસમાં એ તર્ક આપવામાં આવ્યો છે કે ફેક જાણકારી અપલોડ કરનારે કોર્ટમાં હાજરી આપી નથી અને બચાવનો તેમનો અધિકાર પહેલા જ બંધ થઈ ચૂક્યો છે. મામલા પર આગામી સુનાવણી 17



માર્ચ 2025એ થશે.

અમિતાભ બચ્ચનની પૌત્રી આરાધ્યા બચ્ચને પોતાના પિતા અભિષેક બચ્ચનની મદદથી એપ્રિલ 2023માં કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. કોર્ટમાં નોંધાયેલા મામલામાં યુટ્યુબ પર આરાધ્યાનો ફેક વીડિયો અને જાણકારી વાઈરલ થવાની ફરિયાદ કરવામાં આવી હતી. હાઈકોર્ટે વચગાળાના ઓર્ડર દ્વારા યુટ્યુબથી આરાધ્યાની હેલ્થ પર ચાલી રહેલા વીડિયો અને ભ્રમિત કરનારી જાણકારીને રોકવાના આદેશ આપ્યા હતાં. હાઈકોર્ટે ગૂગલને પણ તાત્કાલિક મામલા સાથે જોડાયેલા વીડિયોને ડીએક્ટિવેટ કરવાનો આદેશ આપ્યો હતો.

ઐશ્વર્યા રાય બચ્ચનની પુત્રી આરાધ્યા બચ્ચન ચાહકોની ફેવરેટ સ્ટાર કિડ્સમાંની એક છે. તે ઘણી વખત માતા ઐશ્વર્યા સાથે ટ્રાવેલ કરતાં અને ઈવેન્ટ્સમાં હાજરી આપતાં નજર આવે છે. 13 વર્ષની આરાધ્યા પોતાના મસ્તીભર્યા અંદાજ અને હેરસ્ટાઈલને લઈને પણ ચર્ચામાં રહે છે. સોશિયલ મીડિયા પર હંમેશા તેની તસવીરો અને વીડિયો વાઈરલ થાય છે.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### 20 વર્ષની વયે ઇસ્માઇલી મુસ્લિમોના ઇમામ બનનારા આગાખાનની દુનિયાને અલવિદા

# સખાવતી વિકાસકાર્યોથી જાણીતા નામદાર આગાખાન

ઇસ્માઈલી શિયા મુસ્લિમ સમુદાયના આધ્યાત્મિક નેતા અને વિકાસ કામો માટે આખી વિશ્વમાં જાણીતા નામદાર કરીમ અલ હુસૈની આગાખાનનું ૮૮ વર્ષની વયે પોર્ટુંગલના પાટનગર લિસ્બનમાં નિધન થયું.

આ ઘટનાથી ગુજરાત અને દુનિયાભરના ઈસ્માઈલી ખોજા સમુદાયમાં શોકની લહેર ફેલાઇ ગઇ છે. ગુજરાતમાં ખોજાઓ વેપારી કોમ તરીકે સુસ્થાપિત છે. નામદાર આગાખાને જીવનભર વિકાસકાર્યો કરી પોતાનું જીવન સાર્થક કર્યું છે. સ્વિત્ઝરલેન્ડના જિનિવા શહેરમાં ૧૩ ડિસેમ્બર ૧૯૩૬ના રોજ જન્મેલા નામદાર કરીમે નિઝારી ઈસ્માઈલીઓના ૪૯માં ઈમામનો કાર્યભાર ૧૯૫૭થી ૨૦૨૫ સુધી સંભાળ્યો હતો. આગાખાન ત્રીજા સર સુલતાન મહોમ્મદખાનના નિધન બાદ તેમના પૌત્ર તરીકે માત્ર વીસ વર્ષની વયે તેમના અનુગામી બનેલા આગાખાન ચોથા ઈસ્માઈલી ખોજા સમુદાયમાં મૌલાના હાઝર ઈમામ તરીકે પણ ઓળખાતા હતા. પ્રિન્સ અલીખાનના સૌથી મોટા પુત્ર પ્રિન્સ કરીમનું બાળપણ કેન્યાના નાઈરોબીમાં વીત્યું હતું. જ્યાં તેમને ખાનગી ટ્યુટર્સ દ્વારા ભણાવવામાં આવ્યા હતા. બાદમાં તેઓ દુનિયાની સૌથી મોંઘી બોર્ડિંગ સ્કૂલ સ્વિત્ઝરલેન્ડની ઈન્સ્ટિટયુટ લા રોઝીમાં નવ વર્ષ ભણ્યા હતા. પ્રિન્સ કરીમે યુએસએમાં એમઆઈટીમાં એડમિશન મેળવી લીધું હતું અને તેઓ સાયન્સનો અભ્યાસ કરવા માંગતા હતા, પણ તેમના દાદા આગાખાન ત્રીજાએ તેમના નિર્ણયને બદલાવ્યો હતો, જેના પગલે પ્રિન્સ કરીમે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઈસ્લામિક ઈતિહાસનો અભ્યાસ કર્યો. જ્યારે આગાખાન ત્રીજાનું નિધન થયું ત્યારે પ્રિન્સ કરીમ ચોથા આગાખાન તરીકે તેમના અનુગામી બન્યા હતા. તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે રાતોરાત મારું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું. મારા ખભે લાખો માણસોની ગંભીર જવાબદારી આવી ગઈ. હું જાણતો હતો કે, હવે મારે ઈતિહાસમાં ડોક્ટોરેટ કરવાની આશાઓ છોડવી પડશે.



દુનિયાના સૌથી પંદર શાહી પરિવારમાં જેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો તે આગાખાન પાસે ૨૦૧૩ના અંદાજ અનુસાર ૧૩.૩ અબજ ડોલર્સની સંપત્તિ હતી. આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક-એકેડીએન-ના તેઓ સ્થાપક અને ચેરમેન હતા. તેમના બિઝનેસમાં લકઝરી હોટેલ્સ અને મીડિયા કંપનીનો સમાવેશ થાય છે. તેઓ વિવિધ દેશોની નાગરિકતા ધરાવતાં હતા. રેસકોર્સમાં ઘોડા દોડાવવાના શોખીન હોવાથી તેમણે દેશવિદેશમાં ઘણા હોર્સ બ્રિડિંગ સેન્ટર બનાવ્યા હતા. તેઓ ઘણાં વિખ્યાત અશ્વોના માલિક પણ હતા. ૧૯૫૭માં નિઝારી ઈસ્માઈલીઓના ૪૯મા ઈમામ બન્યા બાદ આગાખાને તેમના જીવનમાં સંકુલ રાજકીય અને આર્થિક પરિવર્તનો જોયા હતા. ઈમામ બન્યાના બે વર્ષ બાદ ૧૯૫૯માં તેઓ બેચલર ઓફ આર્ટ્સ ડિગ્રી ઈન હિસ્ટરી બન્યા. ૧૯૫૭ અને ૧૯૫૮માં વિવિધ દેશોમાં યોજાયેલા તેમના સન્માન સમારંભમાં તેમણે અનુયાયીઓને વિવિધ વંશના લોકો સાથે હકારાત્મક સંબંધો કેળવવા અપીલ કરી હતી. આ સમયે પૂર્વ આફ્રિકામાં અશ્વેતો અને દક્ષિણ એશિયન સમુદાય વચ્ચે તંગ વાતાવરણ હતું. તેમાં આ સંદેશ સૌહાર્દ જાળવવા માટે મહત્વનો બની રહ્યો હતો. ભારતીય ઉપખંડમાં તેમણે અન્ય ધર્મો સાથે સહકાર સાધવા પર ભાર મુક્યો હતો.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

તેમણે સૌથી મહત્વની કામગીરી યુગાન્ડામાં ઈદી અમીને જ્યારે ૧૯૭૨માં દક્ષિણ એશિયનોને હાંકી કાઢ્યા ત્યારે બજાવી હતી. એ સમયે નિઝારી ઈસ્માઈલીઓ પણ આ દમનનો ભોગ બન્યા હતા.એ સમયે આગાખાને તેમના લાંબા સમયથી મિત્ર કેનેડાના તત્કાલીન વડા પ્રધાન પિયરી ટુડોને ફોન કર્યો હતો. ટ્રુડોની સરકાર હજારો નિઝારી ઈસ્માઈલીઓને કેનેડામાં સ્થળાંતર કરવા દેવા સંમત થઈ હતી. આવી જ રીતે તેમણે ટાન્ઝાનિયા, કેન્યા અને બર્મામાંથી વિસ્થાપિત થયેલાં ઈસ્માઈલી પરિવારોને તેમણે અન્ય દેશોમાં થાળે પાડવા તત્કાળ પગલાં ભર્યા હતા. વિસ્થાપિત થયેલાં મોટાભાગના ઈસ્માઈલી પરિવારો તેમની સહાયથી એશિયા, યુરોપ અને નોર્થ અમેરિકામાં ફરી સ્થાપિત થઈ ગયા હતા.

એકેડીએન તરીકે ઓળખાતાં આ નેટવર્કમાં વિવિધ સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ નેટવર્કમાં આગાખાન યુનિવર્સિટી, આગાખાન ફંડ ફોર ઈકોનોમિક ડેવલપમેન્ટ, આગાખાન ટ્રસ્ટ ફોર કલ્ચર, આગાખાન ફાઉન્ડેશન, આગાખાન હેલ્થ સર્વિસીસ, આગાખાન એજ્યુકેશન સર્વિસીસ, આગાખાન પ્લાનિંગ એન્ડ બિલ્ડિંગ સર્વિસીસ અને આગાખાન એજન્સી ફોર માઈક્રોફાયનાન્સનો સમાવેશ થાય છે. એકેડીએનના કામને સખાવતી કાર્ય ગણવા સામે ચિંતા વ્યક્ત કરતાં તેમણે ૨૦૦૬માં ટોલરન્સ પ્રાઈઝ સ્વીકારતાં જણાવ્યું હતું કે, પશ્ચિમમાં ધાર્મિક અને સેક્યુલરનો ભેદ પાડવાની વૃત્તિને કારણે એકેડીએનના કામને સખાવત કે ઉદ્યોગમાં સાહસિકતા ગણાવાય છે. તેઓ એ સમજતાં નથી કે આ કામ એ અમારી સંસ્થાગત જવાબદારી છે. ઈમામાતનું કામ જ દુનિયામાં સબંધિત સમુદાયના જીવનની ગુણવત્તા સુધારવાનું છે. આગાખાને સ્થાપત્ય યાને આર્કિટેકચરમાં પણ મોટું પ્રદાન કર્યું છે. તેમણે ૧૯૭૭માં આગાખાન એવોર્ડ ફોર આર્કિટેકચરની સ્થાપના કરી હતી. લાખો યુએસ ડોલરની પ્રાઈઝ મની ધરાવતાં આ એવોર્ડ ઉત્તમ સ્થાપત્યને આપવામાં આવે છે. ૧૯૭૯માં હાર્વર્ડ યુનિવર્સિટી અને માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા આગાખાન પ્રોગ્રામ ફોર ઈસ્લામિક આર્કિટેકચરની સ્થાપના કરવામાં આવી હતી. આમ વિવિધ ક્ષેત્રોમાં આગાખાને તેમની આગવી છાપ છોડી છે.

૧૧ જુલાઈ ૨૦૦૭થી ૧૧ જુલાઈ ૨૦૦૮ એમ એક વર્ષ માટે ઈમામાતની સુવર્ણ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દુનિયાના વિવિધ પ્રદેશોમાંથી નિઝારી ઈસ્માઈલીઓનું પ્રતિનિધિત્વ કરતાં નેતાઓએ આગાખાનની તેમના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. યુએસમાં હ્યુસ્ટનની મુલાકાત દરમ્યાન તેમણે ઈસ્માઈલી સેન્ટર હ્યુસ્ટનની સ્થાપનાની જાહેરાત કરી હતી.

નામદાર આગાખાનના અનુયાયી નિઝારી ઈસ્માઈલી ખોજા સમાજે મુંબઈના વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. ૧૭મી અને ૧૮મી સદીમાં કચ્છ, કાઠિયાવાડ, સિંધથી મુંબઈ આવીને વસેલા ખોજાઓએ વેપાર-ધંધામાં તેમની કુનેહ અને કુશળતા કામે લગાડી મુંબઈને વેપાર જગતમાં ટોચનુ સ્થાન અપાવ્યું હતુ. કચ્છ, ગુજરાત અને સિંધથી મુંબઈ આવી સ્થાયી થયેલા ખોજાઓની સૌથી મોટી વસાહત ડોંગરી મોહમ્મદઅલી રોડમાં ઉભી થઈ હતી. મુંબઈ આવ્યા પછી ખોજા વેપારીઓ ચોખાના વિતરણના ધંધામાં લાગી ગયા હતા. જોતજોતામાં તેમણે ચોખાના ધંધામાં પોતાનું સ્થાન જમાવી દીધું હતું. પછી તો ધીમે ધીમે અફીણના વેપારમાં તેમણે પારસીઓને પણ પાછળ રાખી દીધા હતા. આજે ખોજાઓ અનાજ, કરિયાણા, પીસ-ગુડ્ઝ, ઈંધણ અને લેધર ગુડ્ઝના બિઝનેસમાં રોકાયેલા છે. ૧૮૮૩માં બ્રિટિશરોએ બહાર પાડેલા એક રિપોર્ટમાં ખોજાનો ઉલ્લેખ સ્વશાસિત, સમૃદ્ધ, વ્યાપારી કોમ્યુનિટી તરીકે ઉલ્લેખ કર્યો હતો. ખોજા સમાજે આજે પણે વ્યાપાર-ઉદ્યોગ, સેવા અને શિક્ષણ ક્ષેત્રે હરણફાળ ભરી છે. ૪૬માં નિઝારી ઈસ્માઈલી ઈમામ આગાખાન- પહેલા હસનઅલી શાહે મુંબઈના મઝગાંવમાં ૧૮૪૮માં આગા હોલની સ્થાપના કરી હતી. આગા હોલમાં જ તેઓ નિવાસ કરતા હતા. ત્યાર પછી આગાખાન બીજા અને આગાખાન ત્રીજા આગા-હોલમાં જ રહેતા હતા.

**જિનિવામાં 1936મા જન્મેલા નામદાર કરીમે નિઝારી ઇસ્માઇલીઓના 49માં ઇમામનો કાર્યભાર 1957થી 2025 સુધી સંભાળ્યો હતો. તેઓ આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક-એકેડીએન-ના તેઓ સ્થાપક અને ચેરમેન હતા**

# કેન્દ્રીય બજેટમાં ગુજરાતમાં રેલવે માટે 17,155 કરોડ ફાળવાયા : 87 સ્ટેશનોને વિકસિત કરાશે

**2014 પહેલાંની સરેરાશની સરખામણીએ 29 ગણી વધારે રકમ ફાળવાઈ**

**અમદાવાદ**

કેન્દ્રીય બજેટમાં રેલવેને રૂ.2.52 લાખ કરોડની ફાળવણી કર્યા બાદ રેલવે મંત્રીએ વર્ચ્યુઅલ બેઠક યોજી વિવિધ ઝોનમાં બજેટની ફાળવણી કરી હતી. જેમાં ગુજરાતને રૂ.17,155 કરોડની રકમ ફાળવવામાં આવતાં આગામી સમયમાં નવા સ્ટેશનો, નવા ટ્રેક અને માળખાકિય સુવિધાઓ વધારવા પાછળ આ રકમનો ખર્ચ કરાશે. કેન્દ્રીય બજેટમાં દેશના રાજ્યોમાં વિવિધ ક્ષેત્રે બજેટની ફાળવણી કરવામાં આવી હતી. વર્ષ 2014 બાદ રેલવેને પણ બજેટમાં સામેલ કરવામાં આવતાં આ વર્ષે રેલવેને 2.52 લાખ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જેને લઈ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ યોજી વિવિધ ઝોનને ફાળવવામાં આવેલા બજેટ અંગેની જાણકારી આપી હતી.

જેમાં ગુજરાતને વર્ષ 2014 પહેલાંની સરેરાશની સરખામણીએ 29 ગણી વધારે રકમ ફાળવાઈ હોવાનો દાવો તેમણે કર્યો છે. જેમાંથી ગુજરાતમાં 87 જેટલા સ્ટેશનોને વિકસિત કરવા તેમજ નવા ટ્રેક અને માળખાકીય સુવિધામાં વધારો કરવામાં આવશે. આ ઉપરાંત તેઓએ વધુમાં જણાવ્યાં પ્રમાણે અત્યાર સુધીમાં ગુજરાતમાં 2,739 કિમી નવા ટ્રેકનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે ડેનમાર્કના સમગ્ર રેલવે નેટવર્ક કરતાં પણ વધારે છે. તેમજ ગુજરાતમાં અત્યાર સુધીમાં 3,144 કિમીમાં 97 ટકા વિદ્યુતિકરણ કરવામાં આવ્યું છે.

# અણખોલમાં તલાટીની મનમાનીથી ત્રસ્ત સભ્યોની રાજીનામાંની ચીમકી

વડોદરા : વડોદરા ગ્રામ્યમાં આવતી અણખોલ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી જગદીશ સાધુ દ્વારા પોતાના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપીને ભ્રષ્ટાચાર કરવામાં આવતો હોવાનો આરોપ ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા લગાડવામાં આવી રહ્યો છે. જેથી મોટા ભાગના સભ્યોએ ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા)ને પત્ર લખીને હિટલરશાહી ચલાવતા તલાટી જગદીશ સાધુની બદલી કરવાની માંગ કરી છે અને જો તેમ નહીં થાય તો મોટાભાગના ગ્રામ પંચાયત સભ્યો સામુહીક રાજીનામું આપશે તેવું રજુઆતમાં જણાવ્યું છે. આ મામલે ૭ દિવસમાં કાર્યવાહી કરવાની માંગ સાથે ધારાસભ્ય, દર્ભવતી, જિલ્લા વિકાસ અધિકારી - વડોદરા, તાલુકા વિકાસ અધિકારી, મુખ્યમંત્રી, પંચાયત મંત્રી અને ગુજરાત તકેદારી આયોગને પત્ર લખવામાં આવ્યો છે.

અણખોલ ગ્રામ પંચાયતના સભ્યોએ દર્ભવતીના ધારાસભ્યને ઉદેશીને લખેલા પત્ર અનુસાર, અણખોલ ગામમાં હાલ જગદીશ સાધુ તલાટી કમ મંત્રી છે. તેઓ ૩ - ૯ - ૨૦૨૪થી ગ્રામ પંચાયતના સભાખંડમાં રહેવા આવી ગયેલા છે. તેઓ મંજુરી વગર પોતાનો સામાન લઈને રહેવા આવ્યા છે.

# વડોદરામાં વિશ્વામિત્રી નદીના મગરોની વસ્તી ગણતરી કરાશે

વડોદરા : વન્ય પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થા ગીર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા વડોદરામાં વિશ્વામિત્રીમાં રહેલા મગરોની વસ્તી ગણતરી હાથ ધરનાર છે, જેના ભાગરૂપે વડોદરાના અકોટાના સરસયાજીનગર ગૃહ ખાતે વન વિભાગના અધિકારીઓ વિવિધ સંસ્થા ના વોલીએન્ટરોની બેઠક મળી હતી. હાલ વન વિભાગ વિવિધ એનજીઓ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ મળી ૨૫ ટીમ બનાવાઈ છે. જે ટીમ નદીના ૨૫ કિમી ના પટમાં મગરની વસ્તી ગણતરી કરશે.મગરોની ગણતરીની કામગીરી કોર્પોરેશન દ્વારા ગીર ફાઉન્ડેશનને આપવામાં આવી હતી અને ગીર ફાઉન્ડેશન જે ગાંધીનગરમાં આવેલી અને વન્ય પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થા છે અને ગીર ફાઉન્ડેશને આ કામગીરી માટે ચીફ વોર્ડન સાથે સંપર્ક કર્યો હતો. તેમની સાથે ચર્ચા થયા મુજબ જે સામાજિક વનીકરણ વડોદરા અને સાથે સાથે વાઈલ્ડ લાઈફ ડિવિઝન નો સંપર્ક કરીને આ કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. તેમના તરફથી પુરેપુરા સહકાર મળ્યો છે. સાથે સાથે વોલિયેન્ટર જે છે એની યાદી પણ સામાજિક વનીકરણ વડોદરા દ્વારા આપવામાં આવી હતી.

# અમદાવાદમાં સગીર પુત્રી સાથે દુષ્કર્મ કેસ : સાવકા બાપને આજીવન કેદની સજા

**પોક્સો સ્પેશિયલ જજે પીડિત પુત્રીને રૂ. સાત લાખનું વળતર પણ અપાવ્યુ**

**અમદાવાદ**

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં પોતાની 11 વર્ષની સગીર પુત્રીને દુષ્કર્મનો શિકાર બનાવનાર નરાધમ સાવકા પિતાને એત્રેની સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ અસ્મિકાબહેન ભટ્ટે એક મહત્ત્વના ચુકાદા મારફતે જીવનના અંતિમ શ્વાસ સુધી કેદ (જીવે ત્યાં સુધી આજીવન કેદ)ની આકરી સજા ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. વધુમાં, કોર્ટે ભોગ બનનાર પુત્રીને ધી ગુજરાત વિકટીમ કમ્પન્સેશન સ્કીમ-2019 અંતર્ગત રૂ. સાત લાખનું વળતર અપાવતો પણ હુકમ કર્યો હતો.

પોક્સો સ્પેશિયલ જજે ચુકાદામાં સંવેદનશીલ અને માર્મિક અવલોકન કરતાં જણાવ્યું હતું કે, ભોગ બનનાર બે વર્ષની હતી ત્યારથી આરોપી સાથે રહે છે. આટલી નાની વયની બાળકી પર પિતા-તુલ્ય ભાવ જ આવવો જોઈએ. પિતા ઉપર દીકરીના રક્ષણ અને ભવિષ્યની જવાબદારી રહેલ છે તે નિભાવવાના સ્થાને ભોગ બનનાર બાળકી તથા દિકરો ઘરે એકલા છે તેવુ જાણતા હોવા છતા આરોપી સાવકા પિતાએ દારૂ પીને આવીને વાસના ભરી લોલૂપ દ્રષ્ટિએ બાળકીને શિકાર બનાવી હતી. ભોગ બનનાર સગીરાના કુમળા માનસ ઉપર કાયમી રીતે દુષ્પ્રભાવ પડ તેવું આરોપીએ ઘૃણાસ્પદ ગુનાહિત કૃત્ય આચર્યું છે. ફરિયાદીએ દીકરીના પિતા તરીકે મૂકેલ વિશ્વાસ અને ભરોસાનો આરોપીએ ગેરલાભ ઉઠાવી ગંભીર ગુનો આચયી છે તે આરોપીનું નૈતિક અધ:પતન કહી શકાય.

# અંબાજી ખાતે યોજાશે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ : તૈયારી શરૂ

**અંબાજી**

ભારતભરમાં યાત્રાધામ તરીકે પ્રસિદ્ધ ગુજરાતના શ્રી આરાસુરી અંબાજી માતા મંદિર ખાતે ત્રણ દિવસીય ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો ૯ ફેબ્રુઆરીથી શુભારંભ થશે. ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ત્રણ દિવસીય મહોત્સવમાં લાખો માઈભક્તો ઉમટશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાવવામાં આવેલા આ પરિક્રમા ઉત્સવની પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપેરે આગળ વધારી છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ આ વર્ષે પણ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

# રાજકોટ સિવિલમાં ત્રણ દર્દીઓના હાથ-પગ મોટા ઉંદરોએ કરડી ખાધા

**રાજકોટ**

શહેરની સિવિલ હોસ્પિટલના ઁસ્જીરૂ બિલ્ડિંગના ચોથા માળે પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં બે મહિલાઓ સહિત ત્રણ દર્દીઓના હાથ-પગ મોટા ઉદરોએ કરડયા હતા. ઉદરોએ કરડેલા દર્દીઓમાં કાલાવડ રોડના રહેવાસી વનિતાબેન ચપટા અને જસદણના રહેવાસી ભાનુબેન રાદડિયા અને રમેશભાઈ જીવનભાઈનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે તેઓ પોતે પણ ઉદરોની ક્રૂરતાનો ભોગ બન્યા છે.

દર્દીઓ કહે છે કે, ઁરૂમાંથી પસાર થતી પાઈપ લાઈન મારફતે ઉદરો હોસ્પિટલના વોર્ડમાં પ્રવેશી રહ્યા છે અને સાંજથી આખી રાત ધમાચકડી બોલાવી દર્દીઓના બેડ પર પણ પડીને દર્દીઓમાં ભય ફેલાવી રહ્યા છે. જાણકારો કહે છે કે, પાંચ વર્ષથી બનેલા પ્લાસ્ટીક સર્જરી વિભાગમાં ઉદરના ત્રાસની સમયાંતરે ફરિયાદો કરવામાં આવી છે, પરંતુ ઉદરનો ત્રાસ દૂર કરવા તંત્રએ કોઈ પ્રયાસ કર્યો હોય તેવું નથી જણાતું.

ઉદરોના ત્રાસને સમાપ્ત કરવા માટે, ૨૦૧૮ માં ૨૦ થી ૨૫ લાખ રૂપિયાનું પેસ્ટ કંટ્રોલ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું, પરંતુ તે સમયે મેડિકલ ડિરેક્ટરની બદલી અને આરોગ્ય વિભાગના વડા ગાંધીનગરથી બહાર જવાને કારણે, ટેન્ડર પ્રક્રિયા કોઈક રીતે ખોરવાઈ ગઈ છે.

# આઈપીએસ અધિકારી અભય ચુડાસમાએ આપ્યું સ્વૈચ્છિક રાજીનામું

**અમદાવાદ**

પોલીસ બેડામાંથી મોટા સમાચાર પ્રાપ્ત થયા છે. આઈ.પી.એસ અધિકારી અભય ચુડાસમાએ વયનિવૃત્તિ પહેલાં રાજીનામું આપ્યું છે. તેઓ 1998 બેચના IPS અધિકારી છે અને ઓક્ટોબર મહિનામાં નિવૃત્ત થવાના હતા. હાલમાં પોલીસ તાલીમ શાળામાં કાર્યરત હતા. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં કોડીનારમાં આયોજિત એક કાર્યક્રમમાં IPS અભય ચુડાસમાએ કહ્યું હતું કે, 'હું રાજકારણમાં ક્યારેય જોડાઈશ નહીં, સમાજના શિક્ષણ ક્ષેત્રે કામ કરીશ.' જેથી હવે નિવૃત્તિ બાદ સમાજસેવામાં કાર્યોમાં જોડાશે એવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. અભય ચુડાસમા 1998 બેચના IPS અધિકારી છે. તેઓ મૂળ ધોળકા નજીક રતનપુર ગામના વતની છે.







# ફેશનમાં મોકા મૂસ કલરનાં આઉટફિટનો છવાયો જાદુ

જે રીતે આઉટફિટમાં નીતનવી ડિઝાઈન ટ્રેન્ડમાં આવતી રહે છે, એ રીતે દર વર્ષે નવો કલર ફેશન ઈન્ડસ્ટ્રીમાં છવાય છે. એમાં આ વર્ષે મોકા મૂસ કલરનો સમાવેશ થાય છે. ફેશન ડિઝાઈનર પણ આ થીમને ફોલો કરી રહ્યા છે.

## કેવો હોય છે મોકા મૂસ કલર

જે રીતે દરેક કલરની એક ચમક હોય છે, પરંતુ મોકા મૂસમાં આ વસ્તુ નથી હોતી, તેથી મોકા મૂસ કલરને ન્યૂડ કલરની કેટેગરીમાં મૂકવામાં આવે છે. આ કલર બ્રાઉન શેડનો હોય છે. તેને માટી કલર પણ કહેવામાં આવે છે. આમ જોવા જઈએ તો આ કલરમાં ચોકલેટ અને કોફીનું કોમ્બિનેશન જેવું દેખાય છે. એમાં સી ગ્રે અને ક્રીમી ટોન હોય છે. આ શેડમાં તમને શિમર, મેટેલિક, સાટિન, પ્લેન અને એમ્બ્રોઈડરી વર્ક જેવી દરેક વસ્તુ મળી જશે. લેધરમાં પણ ઘણા લોકો આ કલરને ટ્રાય કરવાનું પસંદ કરે છે. કલર સેટલ હોય છે તેથી દરેક રંગનાં આઉટફિટ સાથે મેચ થાય છે.

## કેઝ્યુઅલ લુક

મોકા મૂસ રંગ આરામદાયક અને સ્ટાઈલિશ લાગે છે. ખાસ કરીને જ્યારે તેને ટોપ્સ, ટીશર્ટ્સ, સ્વેટર્સ અને જીન્સની સાથે પહેરી શકાય છે. આ રંગ દરેક મહિના માટે યોગ્ય છે. મુલાયમ અને ડાર્ક શેડ ગરમીમાં આરામદાયક અને ઠંડક આપે છે.

## ફોર્મલ અને ઇવનિંગ લુક

જો તમે કોઈ મીટિંગમાં જઈ રહ્યાં હોવ તો આ કલરના શર્ટ સાથે વ્હાઈટ પેન્ટ અથવા બ્લેક પેન્ટ કેરી કરી શકો છો. આને ગ્રે, ગોલ્ડ કે સિલ્વર રંગની સાથે મેચ કરીને એક શાનદાર અને ક્લાસી લુક મેળવી શકાય છે.

## એક્સેસરીઝ અને ફૂટવેર

મોકા મૂસ રંગની એક્સેસરીઝ અને ફૂટવેર પણ ફેશનમાં શાનદાર વિકલ્પ હોઈ શકે છે. એનો ડાર્ક શેડ, બૂટ્સ, સેન્ડલ અને બેલ્ટ્સ માટે બેસ્ટ છે. આ ઉપરાંત બ્રેસલેટ પર્સ અને હેન્ડબેગ્સમાં પણ મોકા મૂસ રંગના ઉપયોગથી એક શાનદાર લુક મળી શકે છે.

## ગોલ્ડ શેડ્સ

ગોલ્ડ, કોપર અથવા બ્રોન્ઝ જેવા રંગ બહુ સુંદર લાગે છે. ગોલ્ડન એક્સેસરીઝ કે ગોલ્ડન વર્કની સાથે આ રંગ રિચ લુક આપે છે. લગ્ન અને પાર્ટી વૅરમાં આ કલર કોમ્બો યુનિક લાગે છે.

## પેસ્ટલ શેડ્સ

મોકા મૂસની સાથે પેસ્ટલ રંગ જેમ કે, બેબી પિંક અથવા પાઉડર બ્લૂ જેવા કલર સારા લાગશે. આ કોમ્બિનેશન એક સોફ્ટ અને ફ્રેશ લુક આપે છે. દિવસના પ્રસંગો અથવા ઈવેન્ટ્સમાં પેસ્ટલ શેડ્સ સાથે મોકા મૂસ લુક્સ માટે બેસ્ટ છે.

## રેડ અથવા મરૂન

જો તમે તમારા લુકમાં થોડી બોલ્ડનેસ ઈચ્છો છો તો મોકા મૂસની સાથે ડાર્ક લાલ અને મરૂન રંગ સારો લાગે છે. આ કોમ્બો એક ક્લાસિક અને ટાઈમલેસ લુક આપે છે.

# અનેક સમસ્યામાંથી છુટકારો આપે અજમો



અજમો એ મોટાભાગના રસોડામાં મળી આવે એવું એક ઉપયોગી ઔષધ છે. ગવારના શાકમાં અને ચણાના લોટમાંથી બનતાં ઘણાં ફરસાણમાં અજમો વપરાય છે. રસોઈ ઉપરાંત મુખવાસમાં પણ અજમો વપરાય છે. સવાદાણા અને વરિયાળી સાથે અજમો મેળવીને સ્વાદિષ્ટ મુખવાસ બનાવી શકાય છે.

જમ્યા બાદ આવો મુખવાસ લેવાથી ખોરાકનું પાચન થાય છે અને ગેસ, ગોળો કે પેટનો દુખાવો થતો નથી. પેટમાં ચૂંક આવતી હોય કે આફરો ચડ્યો હોય તો અજમો ફાકી જવાથી તરત રાહત થાય છે. શરદી કે કફ થયો હોય તો હળદર-અજમાવાળું દૂધ પીવાની આપણે ત્યાં પ્રથા છે. પેટના દુખાવામાં અજમો, સવા અને સંચળની ફાકી અકસીર છે. માથાના દુખાવા માટે વપરાતા મોટાભાગના પેઈન બામમાં અજમાનો અર્ક નખાતો હોય છે. છાતીમાં દુખતું હોય તો ચપટીક અજમો અને મીઠું ફાકી જવાથી તત્કાળ રાહત થાય છે. પગની એડીના દુખાવામાં શેકેલી મેથી અને અજમો સરખા ભાગે ખાંડી ફાકી લેવાથી લાભ થાય છે. સાંધાના દુખાવામાં અજમો, સૂંઠ અને મેથીનું ચૂર્ણ બનાવી લાંબા સમય સુધી લેતા રહેવું. આયુર્વેદમાં શીળસ માટે સાત દિવસનો પ્રયોગ આપવામાં આવેલો છે. તેમાં જૂના ગોળ સાથે પાંચથી દસ ગ્રામ અજમો સવારે ને સાંજે લેતા રહેવાનો છે. પ્રસૂતા સ્ત્રીને અજમો, સૂંઠ, ગોળ ખવડાવવાથી તેની પાચનક્રિયા વેગીલી બને છે અને ભૂખ પણ સારી લાગે છે. સરળતાથી અપાનવાયુ છૂટે છે અને તેથી કમરનો દુખાવો દૂર થાય છે.

# કુદરતી મેટાબોલિઝમ અને વજન નિયંત્રણ : ખરેખર કામ શું કરે?

મેટાબોલિઝમ એ શરીર દ્વારા ઊર્જા ઉત્પન્ન કરવાની અને વાપરવાની પ્રક્રિયાને મેટાબોલિઝમ કહેવાય છે. ખોરાક આપણા શરીરમાં અલગ અલગ પોષણ મારફતે જાય છે. જેમ કે, કાર્બોહાઈડ્રેટ, ફેટ, પ્રોટીન, વિટામિન અને મિનરલ આ ખોરાકને ઉપયોગ કરવાની પ્રોસેસને મેટાબોલિઝમ કહેવાય છે. જ્યારે મેટાબોલિઝમ ધીમી ગતિએ કામ કરે ત્યારે ઓછું ખાવા છતાં વજન ઝડપથી વધે, વાળ ખરવા, હિમોગ્લોબીન ઓછું હોવું, ઊંઘ ન આવવી, થાક લાગવો વગેરે જેવી સમસ્યા જોવા મળે છે. જ્યારે મેટાબોલિઝમ ઝડપથી કામ કરે ત્યારે શરીર ખોરાકનું જલદી પાચન કરે છે, એનર્જી હંમેશાં વધારે રહે, થાક ઓછો લાગે તથા વજન નિયંત્રણમાં રહે અને સમગ્ર આરોગ્ય સારું રહે છે.



## મેટાબોલિઝમ કુદરતી રીતે કઈ રીતે વધારવું?

**1. પ્રોટીનયુક્ત આહાર :** પ્રોટીન મેટાબોલિઝમ રેટને વધારવા અત્યંત મહત્ત્વનું પરિબળ છે. પ્રોટીનયુક્ત ખોરાક જેમ કે, ડુંગળી, પનીર, બાજરી, દાળ અને બદામ ખાવાથી થર્મોજેનેસિસની પ્રક્રિયા સક્રિય થાય છે, જે પાચન દરમિયાન વધારે કેલરી બર્ન કરવામાં મદદરૂપ થાય છે.

**2. ગ્રીન ટી અને કોફી :** હેલ્ધી ચા એટલે કે ગ્રીન ટી અને કેફિનયુક્ત કોફી મેટાબોલિઝમ વધારવામાં મદદ કરે છે. આમાં રહેલા એન્ટિ ઓક્સિડન્ટ અને કેટેચિન્સ ચરબી બર્ન કરવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

**3. નિયમિત વ્યાયામ :** હાઈ ઈન્ટેન્સિટી ઈન્ટરવલ ટ્રેનિંગ જેવી કસરત મેટાબોલિઝમ વધારવા માટે ઉત્તમ છે. વજન ઉઠાવવું પણ ઉપયોગી સાબિત થાય છે, કારણ કે તે મસલ્સનો વિકાસ કરે છે અને મસલ્સ વધારે કેલરી બર્ન કરે છે

**4. પૂરતી ઊંઘ :** 7-8 કલાકની ઊંઘ એ શરીરમાં હોર્મોન્સ બેલેન્સ કરે છે તથા ઊર્જા વધારવા આવશ્યક છે, જેથી અપૂરતી ઊંઘ એ આપણા શરીરનું મેટાબોલિઝમ ઓછું કરી શકે છે, તેથી મેટાબોલિઝમ વધારવા પૂરતી ઊંઘ લો.

5. મસાલેદાર ખોરાક લો : સૂકા મસાલા જેમ કે, દરેક પ્રકારના મરચાં, મરી, તજ, બાદિયા, આદું વગેરે થર્મોજેનેસિસ વધારવામાં મદદ કરે છે, જે મેટાબોલિઝમ ઝડપથી વધારવામાં મદદ કરે છે.

**6. થોડું થોડું પણ વારંવાર ખાઓ :** 3 મિલની જગ્યાએ 6 મિલનો મંત્ર અપનાવો. એકસાથે વધુ જમવાની જગ્યાએ થોડું થોડું વધારે ટાઈમ જમવાથી શરીર વધારે કેલરી બર્ન કરે છે તથા શરીરનો મેટાબોલિઝમ રેટ પણ વધે છે. લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાથી શરીરનો મેટાબોલિઝમ રેટ ઘટે છે.

**7. તણાવ ઘટાડો :** તણાવ એ શરીર માટે હાનિકારક સાબિત થાય છે. શરીરમાં હોર્મોન કોર્ટિસોલ વધવાથી ચરબી સંગ્રહ કરવાની પ્રક્રિયા વધી જાય છે. ધ્યાન, યોગ અને મનપસંદ પ્રવૃત્તિઓ તણાવ ઘટાડવામાં મદદ કરે

# 2024માં શેરબજારમાં એક્ટિવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં ગુજરાત આખા દેશમાં નંબર વન

## અમદાવાદના લોકો દ્વારા 7.9 લાખ કરોડનો વેપાર કરવામાં આવ્યો

**અમદાવાદ**

નેશનલ સ્ટોક એક્સચેન્જના રિપોર્ટ પ્રમાણે 2024માં ગુજરાત શેરબજારમાં એક્ટિવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં સમગ્ર દેશમાં નંબર વન બન્યું છે. રાજ્યમાં નોંધાયેલા ઈન્વેસ્ટરોમાંથી 50 ટકા એક્ટિવ કેટેગરીમાં છે. જે મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ કરતાં વધુ છે. 2014માં કેશ માર્કેટમાં ગુજરાતના ઈન્વેસ્ટરોનુ ટર્નઓવર 3.2 લાખ કરોડ હતું. તે 2024માં વધીને 23.5 લાખ કરોડે પહોંચ્યુ હતું.

2024 માં માત્ર અમદાવાદમાં જ ઈન્વેસ્ટરોએ 7.9 લાખ કરોડના શેર માર્કેટમાં વેપાર કર્યા હતા જેથી અમદાવાદ દેશનો સૌથી વધુ વેપાર કરનાર ત્રીજા નંબરનો જીલ્લો બન્યો હતો. સુરત પણ ટોપ-10 માં સામેલ હતું. સૌથી વધુ ટર્નઓવર ધરાવતા જીલ્લાઓમાં આઠમું સ્થાન હાંસલ કર્યું હતું. મહારાષ્ટ્રમાં સૌથી વધુ 1.79 કરોડ ઈન્વેસ્ટરો છે પરંતુ એક્ટીવની વ્યાખ્યામાં 71.1 લાખ જ છે. ગુજરાતમાં 96.8 લાખમાંથી 47.9 લાખ ઈન્વેસ્ટરો એક્ટીવ છે. ઉત્તર પ્રદેશમાં 1.23 કરોડમાંથી 39.9 લાખ ઈન્વેસ્ટરો એક્ટીવ છે.

દેશના કુલ એક્ટીવ ઈન્વેસ્ટરોમાંથી 40.4 ટકા માત્ર મહારાષ્ટ્ર, ગુજરાત તથા ઉત્તર પ્રદેશનાં છે. અમદાવાદ 10.6 લાખ એક્ટીવ ઈન્વેસ્ટરો સાથે ત્રીજા, સુરત 7.9 લાખ એક્ટીવ ઈન્વેસ્ટરો સાથે પાંચમા તથા રાજકોટ 4.3 લાખ એક્ટીવ ઈન્વેસ્ટરો સાથે આઠમા સ્થાને છે.

# GSTની આવકથી ગુજરાતને બખ્ખાં જાન્યુઆરીમાં કલેક્શન 17 ટકા વધ્યું

**અમદાવાદ**

ગુજરાત સરકારની GST આવકમાં જાન્યુઆરી 2025માં મોટો વધારો નોંધાયો છે. જાન્યુઆરી 2025માં રાજ્યની GST આવકમાં 17 ટકાનો વધારો નોંધાયો હતો. રાજ્યના કર વિભાગને GST દ્વારા 6,873 કરોડ રૂપિયાની મોટી આવક થયો હતો. રાજ્યને જાન્યુઆરી 2025માં વેટ હેઠળ રૂપિયા 2,856 કરોડની આવક અને વિદ્યુત શુલ્ક હેઠળ 2,998 કરોડ રૂપિયાની આવક નોંધાઈ હતી. જ્યારે વ્યવસાય વેરા હેઠળ સરકારને રૂપિયા 21 કરોડની આવક થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર મહિનામાં રાજ્યમાં જીએસટીની આવકમાં મોટો વધારો નોંધાયો હતો. ત્રીજા કવાર્ટરમાં ગુજરાતમાં જીએસટીની આવકમાં 19 ટકાનો વધારો નોંધાયો હતો. ચાલુ નાણાકીય વર્ષે ત્રીજા ત્રિમાસિક ગાળામાં જીએસટી હેઠળ 18,448 કરોડ રૂપિયાની આવક થઈ હતી. નવેમ્બરમાં જીએસટી કલેક્શન 8.5 ટકા વધીને રૂ. 1.82 લાખ કરોડ થયું હતું. નાણા મંત્રાલયના ડેટા અનુસાર એપ્રિલ-ડિસેમ્બરના સમયગાળા માટે કલેક્શન રૂ. 16.34 લાખ કરોડ હતી. તે જ સમયે ઓક્ટોબરમાં ગ્રોસ જીએસટી કલેક્શન 9 ટકા વધીને રૂ. 1.87 લાખ કરોડથી વધુ થઈ ગયું હતું.

# પિતાએ જ કરી 10 વર્ષના પુત્રની હત્યા પાણીમાં ઝેરી પદાર્થ ભેળવી પીવડાવી દીધું

**અમદાવાદ**

અમદાવાદમાં એક હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના બાપુનાગર વિસ્તારમાં રહેતા પિતાએ જ બાળકની સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને પીવડાવી દીધું હતું. જેના કારણે 10 વર્ષના માસૂમનું મૃત્યું નિપજતા ભારે ચકચાર મચી જવા પામી છે. હાલ આ મામલે પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી લીધી છે. શહેરના બાપુનગરના નર્મદા આવાસમાં રહેતા કલ્પેશ ગોહિલે પોતાના 10 વર્ષીય બાળક ઓમને 30 ગ્રામ જેટલું સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને પીવડાવીને હત્યા કરી નાખી હતી. પ્રાથમિક તપાસમાં આ માહિતી સામે આવી હતી. અમુક અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે પતિ-પત્ની વચ્ચે ચાલતી તકરારને લઈને માસૂમની હત્યા નિપજાવી હતી. આ મામલે પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી લીધી છે અને આગળની તપાસ હાથ ધરી છે. જોકે પોલીસના જણાવ્યા અનુસાર પત્ની મહેસાણા ગઈ હતી તે સમયે જ બાળકના પિતાને આત્મહત્યાનો વિચાર આવ્યો હતો. ત્યારે પિતાએ સોડિયમ નાઈટ્રેટ પાણીમાં ભેળવીને તેના બાળકને તો પીવડાવી દીધું હતું. જેનાથી બાળકનું મોત નિપજ્યું.

# ગુજરાતમાં સમાન સિવિલ કોડ નહીં, પરંતુ સમાન કામ અને વેતનની જરૂર છે : કોંગ્રેસ

## UCCથી આદિવાસી સહિત અનેક જાતિની પરંપરાને થશે અસર

**અમદાવાદ**

ગુજરાતમાં ભાજપની આંતરિક લડાઈ, રાજકીય ગેંગવોર અને લેટરકાંડના મુદ્દાથી લોકોનું ધ્યાન ભટકાવવા સરકારે યુસીસી કમિટીની રચના કરી છે. ગુજરાત વિધાનસભા વિપક્ષ નેતા અમિત ચાવડાએ કહ્યું કે, ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. બેરોજગારી, મોંઘવારી સહિતના પ્રશ્નોથી પ્રજા પિડાઈ રહી છે. સરકારની નિષ્ફળતાઓ વ્યાપક છે. આ બધાય



મુદ્દાથી લોકોનું ધ્યાન ડાયવર્ટ કરવા સરકારે યુસીસી કમિટીની જાહેરાત કરી છે. વધુમાં અમિત ચાવડાએ ઉમેર્યું કે, લઘુમતી સમાજની સાથે આદિવાસી, બક્ષીપંચ સહિત વિચરતી અને વિમુક્તિ જાતિ ઉપરાંત અન્યસમાજોના રીત રિવાજો અને પરંપરા પર અસર થશે. ભાજપમાં અલગ અલગ ગેંગો સામસામે પત્રો લખી રહી છે. નિવેદનબાજી કરી રહી છે. ગુજરાતની જનતાનું ધ્યાન બીજે દોરવા યુસીસીની કમીટીની જાહેરાત કરાઈ છે. રાજ્યમાં યુનિફોર્મ સર્વિસકોર્ડની જરુર છે તેવી માંગ કરતાં પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું કે, આજે ગુજરાતમાં સમાન કામ-સમાન વેતનની અતિ જરૂરિયાત છે. ગુજરાતને આજે યુનિફોર્મ એજ્યુકેશન કોડની જરૂર છે કેમકે, પરવડે તેવી ફીમાં સારુ શિક્ષણ મેળવી શકે.

# ગુજરાતમાં 3219 રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ, દેશમાં સંખ્યાની દૃષ્ટિએ 10મો ક્રમ, ટોચના ક્રમે યુપી

**અમદાવાદ**

ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના આંકડા મુજબ સમગ્ર દેશમાં 113360 ફાર્માસિસ્ટ નોંધાયેલા છે. ફાર્માસિસ્ટની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત હાલ દેશમાં 10માં ક્રમે છે. ગુજરાતમાં 3219 નોંધાયેલા ફાર્માસિસ્ટ છે. જ્યારે સૌથી વધુ 26797 ફાર્માસિસ્ટ ઉત્તર પ્રદેશમાં નોંધાયેલા છે.

ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા દ્વારા 2022માં નવા રૂલ્સ જાહેર કરીને ડિપ્લોમા ફાર્મસી પરીક્ષા પાસ કર્યા બાદ રજિસ્ટ્રેશન માટે ફાર્મસી એક્ઝિટ ટેસ્ટ ફરજિયાત કરી છે. આ પરીક્ષા પ્રથમવાર ગત ઓક્ટોબરમાં નેશનલ બોર્ડ ઑફ એક્ઝામિનેશન દ્વારા લેવાનાર હતી. પરંતુ, પરીક્ષા ફી અને લાયકાતના વિવાદને લઈને પરીક્ષા છેલ્લી ઘડીએ મોકુફ કરાઈ હતી તેમજ રજિસ્ટર્ડ થયેલા ગુજરાતના 500થી વધુ સહિત દેશભરના 18 હજારથી વધુ વિદ્યાર્થીઓને ફી રીફંડ કરી દેવામા આવી હતી. ઉપરાંત ઉમેદવારોની રજૂઆત બાદ કાઉન્સિલ દ્વારા દરેક સ્ટેટ કાઉન્સિલને એક વર્ષ માટે પરીક્ષા વિના રજિસ્ટ્રેશન કરવા માટે છૂટ આપવામા આવી હતી. કાઉન્સિલ દ્વારા પરીક્ષા જાહેર કરાયા બાદ હજુ સુધી એક પણ વખત પરીક્ષા લઈ શકાઈ નથી, ત્યારે પરીક્ષા વિના ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયામાં નોંધાયેલા કુલ ફાર્માસિસ્ટ સમગ્ર દેશમાં 113360 છે. ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની વેબસાઈટ પર જાહેર કરાયેલા સ્ટેટવાઈઝ રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની વિગતો મુજબ સમગ્ર દેશમાં સૌથી વધુ 26797 ફાર્માસિસ્ટ ઉત્તરપ્રદેશમાં છે. જ્યારે ગુજરાત દેશમાં દસમા ક્રમે છે. સૌથી ઓછી માત્ર 7 અંદમાન અને નિકોબારમાં અને 14 નાગાલેન્ડમાં છે. જ્યારે ચંડીગઢ અને મણિપુરમાં 100થી પણ ઓછા છે.

# અમદાવાદના ઠક્કરનગરમાં ચાકુ અને કાતરના ઘા મારી હોટલ માલિકની હત્યા

## શેઠને નહી અમને હાઇવે પર મૂકી જા કહી હુમલો

**અમદાવાદ**

ઠક્કરનગરમાં અસામાજિક તત્વોએ નિર્દોષ હોટલના માલિકને ચાકુ અને કાતરના ઘા મારીને હત્યા કરી હતી અને કર્મચારીને પણ ચાકુના ઘા મારીને પોલીસે તપાસ કરતા પ્રાથમિક તપાસમાં કર્મચારી માલિકને ઘરે મૂકવા માટે જતો હતો તેને માર મારીને અમને હાઈવે ઉપર મૂકીની વાત કરીને તકરાર કરી હતી જેથી હોટલ માલિક સમજાવવા જતાં તેને પકડી રાખીને તેમના ઉપર ઘાતક હુમલો કર્યો હતો. આ સમયે આરોપીએ તેને હાઈવે પર મૂકવા જવાની વાત કરી હતી જેથી યુવકને પ્રથમ શેઠને ઘરે મૂકીને આવીને તને મૂકી જઈશ તેવી વાત કરતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને પહેલા મને મૂકી જા પછી તારે જ્યાં જવું હોય ત્યાં જા અમે ઠક્કરનગરમાં રહીએ કહીને ધમકી આપીને મારા મારી કરવા લાગ્યા હતા જેથી શેઠ સમજાવવા જતાં એક શખ્સે પકડી રાખીને બીજાએ ગળા અને છાતી તથા પીઠમાં ચાકુના ઘા મારીને લોહી લુહાણ કર્યા હતા. ત્યારબાદ ફરિયાદી યુવક ઉપર પણ ચાકુથી હુમલો કરીને નાસી ગયા હતા જ્યાં સારવાર દરમિયાને હોટલ માલિકનું મોત થયું હતું.

# ભાજપ સરકારે દલાલોને સુખી કર્યા અનેક કરોડપતિ થયા : નીતિન પટેલ

## કડીમાં વિદ્યાલયના મકાનના ઉદ્ઘાટન પ્રસંગે નીતિન પટેલે બળાપો ઠાલવી દીધો

**મહેસાણા**

મહેસાણાના કડી તાલુકાના ડરણ ગામે દામોદર જીવરામ પટેલ નૂતન વિદ્યાલયના અમૃત મહોત્સવ અને નવા મકાનના લોકાર્પણ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ પાટીદાર અનામત આંદોલનનું કારણ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, '90%, 92% અને 95% લાવતા બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓને એડમિશન નહતું મળતું. એટલે વિદ્યાર્થી અને વાલીઓમાં અસંતોષ ઊભો થયો હતો. આ અસંતોષના કારણે પાટીદારોએ આંદોલન કર્યું હતું'.

આ જ સભામાં નીતિન પટેલે ભાજપ નેતાઓ પર પણ પ્રહાર કરતાં કહ્યું હતું કે, 'રાજકારણમાં ઘણાં દલાલો થઈ ગયા છે. દલાલી કરીને અધિકારીઓ જોડે ઓળખાણ રાખવાની. ભાજપનો હોદ્દેદાર, ભાજપનો કાર્યકર અને નેતા છું એટલે અધિકારી ફટાફટ કામ કરી આપે. આ ભાજપ સરકારે આવા દલાલોને ખૂબ જ મોટા સુખી કર્યાં. દલાલી કરતાં-કરતાં કરોડપતિ થઈ ગયા'.

# કેન્સર માટે સરકારી યોજના બની આધાર : 6 વર્ષમાં ગુજરાતમાં 2 લાખથી વધુ લોકોને નિ:શુલ્ક સારવાર

## સારવારમાં ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની મહત્વપૂર્ણ ભૂમિકા

**ગાંધીનગર**

ગુજરાતમાં કેન્સરના દર્દીઓને મળી રહેલી સારવાર અને નિદાન વિશે વાત કરીએ તો PMJAY-MA અંતર્ગત છેલ્લા 6 વર્ષોમાં ગુજરાતમાં 2 લાખથી વધુ કેન્સરના દર્દીઓને નિ:શુલ્ક સારવાર મળી છે. આ દર્દીઓના ઈલાજ માટે રાજ્ય સરકારે છેલ્લા 6 વર્ષમાં 2,855 કરોડથી વધુની રકમની પૂર્વ મંજૂરી આપી છે. ગુજરાત સરકાર અને ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંયુક્ત રીતે સંચાલિત ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) રાજ્યમાં કેન્સરની સારવાર અને સંભાળમાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આધુનિક તબીબી સુવિધાઓથી સજ્જ આ સંસ્થા કેન્સરના દર્દીઓની સારવાર માટે સમર્પિત છે. વર્ષ 2024માં GCRIએ કેન્સરના 25,956 કેસોમાં સારવાર પૂરી



પાડી છે. જેમાં ગુજરાતમાંથી 17,107 કેસ, અન્ય રાજ્યોના 8,843 કેસ, જેમાં ખાસ કરીને મધ્યપ્રદેશથી 4331, રાજસ્થાનથી 2726 અને ઉત્તરપ્રદેશથી 1043, બાકીના અન્ય રાજ્યોના અને 6 કેન્સરના કેસ આંતરરાષ્ટ્રીય કેસ છે.

# વિદેશ જવાની ઘેલછામાં લાખોનો ખર્ચ માથે પડ્યો

**ઘેલછા**

ગેરકાયદે અમેરિકા ગયેલા વ્યક્તિઓને હાલ ભારત પરત મોકલવામાં આવ્યા હતો. જેમાં ગાંધીનગર જિલ્લાના પણ 17 વ્યક્તિઓનો સમાવેશ થાય છે. જે ફ્લાઈટ મારફતે ગાંધીનગર પહોંચી ગયા છે. મોટાભાગના વ્યક્તિઓ છેલ્લાં એકથી ત્રણ મહિના દરમિયાન જ અમેરિકા પહોંચ્યા હતાં. જોકે, આ તમામના પરિવારજનોએ હાલ આ વિશે વાત કરવાનું ટાળ્યું છે.

ગુજરાતમાં 37 વ્યક્તિઓ પૈકી 17 તો ગાંધીનગર જિલ્લાના માણસા અને કલોલ તાલુકાના વતની છે. મોટાભાગના વ્યક્તિઓના પરિચિત અથવા તો સગાઓ અમેરિકામાં વસવાટ કરી રહ્યાં છે. જેમની પ્રગિતિ જોઈને આ લોકોએ પણ અમેરિકા જવાનું પસંદ કર્યું હતું અને તે માટે જમીન વેચી તેમજ દેવું કરી એજન્ટ્સને પૈસા આપી અમેરિકા પહોંચ્યા હતાં. સ્થાનિકોના જણાવ્યાં અનુસાર, પરત આવેલાં તમામ વ્યક્તિઓ એકથી ત્રણ મહિના દરમિયાન ગામ છોડીને અમેરિકા જવા માટે નીકળ્યાં હતાં. આ દરમિયાન મેક્સિકો બોર્ડર પાસે તેમને પકડી લેવામાં આવ્યાં હતાં અને આટલાં સમય સુધી તેઓને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા હતાં.

ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસામાં છેલ્લાં ઘણાં સમયથી અમેરિકા મોકલવા માટે ખાસ પ્રકારના એજન્ટ કામ કરી રહ્યા છે. જે વ્યક્તિ દીઠ 75 લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયાની રકમ વસૂલી રહ્યા છે. ત્યારબાદ લોકોને અમેરિકા પહોંચાડવા માટે અલગ-અલગ દેશોમાં થઈને લઈ જવામાં આવતા હોય છે.

માણસા તાલુકાના બોરુ ગામનો એક પરિવાર એક મહિના અગાઉ જ અમેરિકા ગયો હતો અને ત્યાં પકડાઈ ગયા બાદ હવે તેમને પરત મોકલી દેવામાં આવ્યા છે. આ લોકોમાંથી ઘણાંના માતા-પિતા તો આ વિશે કશું જાણતા જ નથી તો અમુક પરિવારજનો પોતાના મકાન બંધ કરીને સગા-સંબંધીઓને ત્યાં જતા રહ્યાં છે.



વિદેશ રહેતા સગાસંબંધીઓની પ્રગતિ જોઈ ગુજરાતમાં રહેતા લોકો પણ અંજાઇ ગયા હતા

## ડંકી રુટના દલાલો પણ ભૂગર્ભમાં

સેન્ટ એન્ટોનિયોથી લશ્કરી વિમાન C-17માં મોકલાયેલા 104 ભારતીયોમાં 33 ગુજરાતીઓ છે જે અમદાવાદ આવી ગયા છે. મળેલી માહિતી અનુસાર 'ડન્કી રૂટ'થી ગયેલા આ ગેરકાયદે ગુજરાતીઓની સ્થિતિ ના ઘરના ના ઘાટના જેવી થઈ છે. જે ગામોમાં અમેરિકામાં હોવું એ મોભો ગણાય છે ત્યાં હવે હાથમાં બેડી પહેરીને પરત આવવાની સ્થિતિ ઘણી અસહ્ય પણ છે. આ સાથે જ ગુજરાત અને વિદેશમાં રહેતા ડંકી રૂટના દલાલો પણ ગાયબ થઈ ગયા છે.

# ગેરકાયદે અમેરિકા ગયેલા યુવકોએ કમાયેલા નાણાં હવાલા મારફતે પરિવારજનોને મોકલ્યાં

## કાયદા કડક બની ગયા, કબૂતરબાજીથી ગયેલા ચરોતરના યુવકોમાં ફફડાટ

**આણંદ**

ન્યૂજર્સીમાં રહેતા ચરોતરના યુવકે જણાવ્યું હતું કે, અગાઉ પોલીસ દ્વારા કોઈપણ વ્યક્તિનું ઓળખકાર્ડ કે વિઝા સંદર્ભે પૂછપરછ કરવામાં આવતી ન હતી. પરંતુ હવે કાયદો કડક થતાં સ્થાનિક પોલીસ કોઈપણ વ્યક્તિને અટકાવીને વિઝા, પાસપોર્ટ, આઈડી સંદર્ભે પૂછપરછ કરી રહી છે અને શંકા જાય તો સાથે પકડી જાય છે. જેથી ગેરકાયદે રહેતા યુવકોમાં ફફડાટ ફેલાયો છે.

પેનસીવિલિયામાં રહેતા ચરોતરના યુવકે જણાવ્યું હતું કે, ડરના કારણે નોન ઈમિગ્રન્ટ યુવકો દિવસ દરમિયાન દૂધ, બ્રેડ સહિતની જીવન જરૂરિયાતની વસ્તુ લેવા પણ નીકળતા

**દિવસે કામે જવા અને બહાર નિકળવાનું યુવકોએ ટાળ્યું : વિવિધ સમાજના સંગઠનોએ ખાનગી બેઠકો યોજીને યુવકોને સાવધાન રહેવા સૂચના આપી**

નથી. મોટલ, ગેસ સ્ટેશન, સ્ટોરમાં નોકરી કરતા યુવકો દિવસે નોકરી કરવા જવાનું ટાળી રહ્યા છે. પરિણામે સ્ટોરના માલિકોને પણ દિવસ દરમિયાન કામદારોની અછત વર્તાઈ રહી છે. ન્યૂજર્સીમાં રહેતા અન્ય યુવકે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ દિવસમાં કરોડો રૂપિયાના હવાલા ભારતમાં કરવામાં આવી રહ્યા છે. ગેરકાયદે રહેતા યુવકો ગમે ત્યારે પકડાઈ જાય તો પહેરેલા કપડે ભારત પરત આવવું પડે તેવી સ્થિતિ છે. અમેરિકામાં ચરોતરના વિવિધ સમાજના સંગઠનો દ્વારા પણ ખાનગી બેઠકો યોજીને પોતાના સમાજના યુવકોને સાવધાન રહેવા અને જોખમ ન ખેડવા સૂચનાઓ આપી દેવામાં આવી છે.

### ડિપોર્ટ કરાયેલા ભારતીયોમાં સૌથી વધુ ઉત્તર ગુજરાતના

પાછા ધકેલાયેલા લોકોની પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવનાર છે. જેમાં કબુતરબાજીની હકિકતનો પર્દાફાશ થવાની શક્યતા છે. હાલ ડીપોર્ટ લોકોમાં ઉત્તર ગુજરાતના મહેસાણા, ગાંધીનગર, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના જોરણંગ, વસાઈ, ડાભલા, ચંદ્રનગર, ખેરવા, મેઉ, ખણુંસા, ડભાડા, વાલમ, ડીસા, સિધ્ધપુર, બોરૂ, વડસ્મા, માણસા, મણુંદ, ઈન્દ્રપુરા સહિતના ગામોના 32નો સમાવેશ થાય છે.

### દીકરી યુરોપ ફરવા જવાનું કહીને ગઇ હતી : પિતાની વ્યથા

અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયોમાં ગુજરાતના મહેસાણાની ઉર્વશી (નામ બદલેલ છે) પણ સામેલ છે. ઉર્વશીનો પરિવાર મહેસાણાના વિજાપુરમાં આવેલા દાભલા ગામમાં રહે છે. ઉર્વશીના પિતા કનુભાઇ પટેલે આ અંગે મીડિયાને જણાવ્યું કે, 'એક મહિના પહેલા મારી દીકરી તેની બે સહેલીઓ સાથે યુરોપના વિઝા લઇને ફરવા ગઇ હતી, તેણે અમને કહ્યું હતું કે તે યુરોપ ફરવા જઇ રહી છે, તેણે અમને જાણ નહોતી કરી કે તે અમેરિકા જવાની છે.' કનુભાઇએ વધુમાં જણાવ્યું કે, 'ઉર્વશી સાથે અમારી વાત છેલ્લી વખત 14-15 જાન્યુઆરીએ થઇ હતી. તે સમયે તેણે અમને કહ્યું હતું કે, તે યુરોપમાં છે. તેણે અમને તે સમયે પણ જાણ નહોતી કરી કે તે અમેરિકામાં છે. અમને મીડિયા દ્વારા જ જાણ થઇ કે અમેરિકાથી 33 ગુજરાતીઓને ડિપોર્ટ કરાયા છે અને ઉર્વશી તેમાં સામેલ છે.

# અમેરિકન નાગરિકોને લોન આપવાના નામે ઠગાઈ કરતું કોલ સેન્ટર ઝડપાયું

## વેજલપુરમાં આવેલી સીલીકોન વેલીના એક મકાનમાં પોલીસનો દરોડો

### આરોપીઓએ 15 દિવસમાં 300થી 400 ડોલરની કમાણી કરી નાંખી

અમદાવાદ :.વેજલપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. એમ. ચૌહાણની ટીમને બોગસ કોલ સેન્ટર ચાલતું હોવાની બાતમી મળતા વેજલપુર પોલીસની ટીમે આઝાદ પાર્ક સોસાયટી પાસે સીલીકોન વેલીના એક મકાનમાં રેડ કરી હતી. આ દરમિયાન પોલીસે સહેજાદ શેખના મકાનમાંથી તમામ આરોપીઓને ઝડપી લીધા હતા. બોગસ કોલ સેન્ટર ચલાવનાર સહેજાદ શેખ, કલ્પેશ ગર્ગ (રહે. આશીર્વાદ હોમ્સ, વસ્ત્રાલ), આદીલખાન પઠાણ (રહે. ગોમતીપુર), શાહબાઝ કાયમખાની (રહે. અનીક હોમ્સ, અંબર ટાવર) અને ઝૈદ અંસારી (રહે. પ્રેમ દરવાજા) ની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા ખૂલ્યું કે અમેરિકન નાગરિકોને લોન આપવા માટે ફોન કરીને આરોપીઓ ઠગાઈ કરતા હતા. આરોપીઓ ટેક્સ નાઉ નામની એપ્લિકેશનથી લોન માટે અમેરિકન નાગરિકોને ફોન કરતા હતા. આરોપીઓ વીપીએન દ્વારા લોકેશન છુપાવીને વર્ચ્યુઅલ નંબર દ્વારા ફોન કરતા હતા. જેના પર અમેરિકાનો નંબર ડિસ્પ્લે કરીને એક અમેરિકન કંપનીના અધિકારીની ખોટી ઓળખ આપીને લોન આપવાની વાત કરતા હતા. જે બાદ અલગ અલગ બેંકોમાં ચેક જમા કરાવીને લોન પ્રોસેસની ફી પેટે યુએસડીટી અને ગિફ્ટ કાર્ડ ખરીદી કરાવતા હતા. જેનું પ્રોસેસિંગ કરાવીને આંગડિયા મારફતે રોકડમાં નાણાં મેળવીને લાખો રૂપિયા કમાતા હોવાનું ખૂલ્યું છે. હાલ પોલીસે આરોપીઓના ફોન અને લેપટોપ કબજે કરી એફએસએલની મદદથી તપાસ શરૂ કરી છે.

# હિંમતનગરમાં ગેસ સિલેન્ડર લીકેજ થતા ૬ લોકો દાઝી ગયા

**હિંમતનગર**

હિંમતનગરના હુસેની ચોકમાં આવેલ એક ફાય સેન્ટરના રસોડામાં ગુરૂવારે સાંજના સુમારે અચાનક ગેસ સિલેન્ડર લીકેજ થવાને કારણે આગ ભભૂકી ઉઠી હતી. જેને લઈ ફાય સેન્ટરના પાછળના ભાગે આવેલ રસોડામાં ધડાકો થતા અંદર રખાયેલ સામાન વેરવિખેર થઈ ગયો હતો. તો બીજી તરફ આગ લાગવાને કારણે દાઝેલા ૬ જણા બુમો પાડતા બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ તરત જ હિંમતનગર ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવાઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હિંમતનગર સિવિલમાં લઈ જવાયા હતા.

આ અંગે સિવિલના ઈન્ચાર્જ આરએમઓ ડૉ. વિપુલ જાનીના જણાવ્યા મુજબ હિંમતનગરના હુસેની ચોકમાં આવેલ બેગમ ફાય સેન્ટરમાં ગુરૂવારે સાંજના પાંચેક વાગ્યાના સુમારે રસોડા વિભાગમાં રખાયેલ રાધંણ ગેસના એક સિલેન્ડરની પાઈપ લીકેજ થઈ હતી. જેથી રૂમમાં ગેસ પ્રસરી ગયો હતો. દરમિયાન અજાણતાથી રસોડામાં રહેલ એક શખ્સે ગેસની સગડી સળગાવતાની સાથે આખુ રસોડુ આગમાં લપેટાઈ ગયુ હતુ. દરમિયાન રસોડામાં કામ કરતા ૬ જણા અંદાજે ૧૦ ટકાથી ૬૫ ટકા સુધી દાઝી જતા તમામને ગંભીર હાલતમાં સારવાર માટે હિંમતનગર સિવિલના તત્કાલ સારવાર કેન્દ્રમાં લવાયા હતા.

# ડિપોર્ટ લોકોને હથકડી મુદ્દે સંસદમાં વિપક્ષ દ્વારા હોબાળો

## અમેરિકાને ભારતીય પ્રવાસીઓને પાછા મોકલવાનો પુરો અધિકાર છે, પણ હાથકડી કે સાંકળ બાંધીને ન લાવવા જોઈએ : શશિ થરુર

**નવી દિલ્હી**

ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશેલા ૧૦૪ ભારતીયો પોતાના વતન પરત ફર્યા છે. બુધવારે આ ભારતીયોને લઈને એક અમેરિકન લશ્કરી વિમાન અમૃતસર એરપોર્ટ પહોંચ્યું હતુ. આ મુદ્દો લોકસભામાં વિપક્ષી સાંસદો દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. વિપક્ષી નેતાઓએ સંસદ પરિસરમાં હાથકડી પહેરીને સરકારી નીતિઓનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કહ્યું, આ જે રીતે કરવામાં આવ્યું તેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. તેમને તે લોકોને દેશનિકાલ કરવાનો દરેક કાનૂની અધિકાર છે, પરંતુ તેમને અચાનક લશ્કરી વિમાનમાં હાથકડી પહેરાવીને મોકલવા એ ભારતનું અપમાન છે, તે ભારતીયોના ગૌરવનું અપમાન છે. વધુમાં સંસદ બહાર વિપક્ષી સાંસદોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતુ.

### હથકડી બાંધી અપમાન કર્યુ : ગોગોઇ

કોંગ્રેસના સાંસદ ગોગોઈએ જણાવ્યું હતું કે દેશનિકાલ પ્રક્રિયા દરમિયાન આ વ્યક્તિઓને હાથકડીથી બાંધવામાં આવ્યા હોવાના અને તેમની સાથે અપમાનજનક વર્તન કરવામાં આવ્યું હોવાના અહેવાલો આવ્યા છે, જે તેમના ગૌરવ અને અધિકારો અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરે છે. તેમણે એમ પણ કહ્યું કે જ્યારે તાત્કાલિક મુદ્દો વિદેશમાં આપણા નાગરિકો સાથેના વર્તન સાથે સંબંધિત છે, તે માનવ અધિકારો પર ભારતના રાજદ્વારી વલણ અંગે વ્યાપક ચિંતાઓને પણ પ્રતિબિંબિત કરે છે. ગોગોઈએ કહ્યું કે ભારત સરકારનું સતત મૌન, ખાસ કરીને વડા પ્રધાન તરફથી કોઈ નક્કર પ્રતિભાવનો અભાવ દુઃખદ છે. રાજ્યસભામાં આ મુદ્દા પર કોંગ્રેસ, સીપીઆઈ, ટીએમસી અને આપના સાંસદોએ હંગામો મચાવ્યો હતો.

### ભારતીયો પાસે જવાબ મંગાશે : એસ.જયશંકર

વિપક્ષી સાંસદોના સવાલ બાદ વિદેશમંત્રી એસ. જયશંકર ફરી જવાબ આપવા માટે ઊભા થયા. અમને અગાઉથી નોટિસ આપવામાં આવી હતી. અમે તંત્રને નિર્દેશ આપ્યા છે કે જેટલા લોકો પરત આવ્યા છે તે દરેક એક એક વ્યક્તિ સાથે બેસીને વાત કરે કે તેઓ કેમ અમેરિકા ગયા? ડિપોર્ટેશનમાં મિલીટરી એરક્રાફ્ટ હોય કે ચાર્ટર્ડ પ્લેન હોય, પ્રક્રિયા તો એ જ રહે છે. જ્યાં સુધી સંપત્તિનો સવાલ છે, તેમની કોઈ સંપત્તિ નહોતી. જો તેમની પાસે કશું હશે તો જોઈશું.

### યુએસ અધિકારીએ કહ્યું, પરિણામો ભોગવવા પડશે

યુએસ બોર્ડર પેટ્રોલ ચીફ માઈકલ ડબલ્યુ. બેંક્સે આ વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો અને કહ્યું કે,USBPઅને ભાગીદારોએ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને સફળતાપૂર્વક ભારતમાં મોકલ્યા છે. આ અમેરિકાથી અત્યાર સુધીની સૌથી દૂરની ઉડાન હતી. જો તમે ગેરકાયદેસર રીતે સરહદ પાર કરશો, તો તમારે તેના પરિણામો ભોગવવા પડશે.

# તમિલનાડુમાં 3 શિક્ષકે શૌચાલયમાં 13 વર્ષની વિદ્યાર્થિનીને પીંખી નાખી

**કૃષ્ણાગિરી**

તમિલનાડુના કૃષ્ણાગિરી જિલ્લામાં ૧૩ વર્ષની શાળાની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મનો મામલો સામે આવ્યો છે. શાળાના શિક્ષકોએ જ વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ કર્યું હતું. એક મહિના બાદ આ ઘટના પ્રકાશમાં આવી છે. પોલીસે આ કેસમાં ૩ આરોપી શિક્ષકોની ધરપકડ કરી છે.

બુધવારે ત્રણ શિક્ષકોની પોક્સો એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ત્રણેય આરોપીઓને ૧૫ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. કૃષ્ણગિરીના કલેક્ટર સી દિનેશ કુમારે જણાવ્યું હતું કે, કૃષ્ણગિરી જિલ્લાની એક સરકારી મિડલ સ્કૂલમાં ત્રણ શિક્ષકોએ ૧૩ વર્ષની વિદ્યાર્થીની પર કથિત રીતે જાતીય શોષણ કર્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારી(DEO)એ ત્રણેય શિક્ષકોને સસ્પેન્ડ કર્યા છે અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ(POCSO)એક્ટની અલગ-અલગ કલમો હેઠળ ધરપકડ કરી છે. આરોપી શિક્ષકોને ૧૩ વર્ષીય પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર ૨ જાન્યુઆરીએ સ્કુલના ટોયલેટમાં વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ થયું હતું.

# મહાકુંભ જતા શ્રદ્ધાળુઓને કાળ ભરખી ગયો જયપુરમાં રોડ અકસ્માતમાં 8 લોકોના મોત

**પ્રયાગરાજ**

રાજસ્થાનની રાજધાની જયપુરમાં એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં ૮ લોકોના કરૂણ મોત થયા છે. આ તમામ લોકો જયપુરથી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં સ્નાન માટે જઈ રહ્યા હતા. મળતી માહિતી અનુસાર, જયપુરના દૂદૂમાં દુર્ઘટના બની છે. ઘટનાની માહિતી મળતા જ મોખમપુરા પોલીસ સ્ટેશનના કર્મીઓએ ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્ય શરૂ કર્યું હતુ.



દૂદૂના મોખમપુરામાં ગુરૂવાર (૬ ફેબ્રુઆરી) બપોરે ૩:૪૫ વાગ્યે નેશનલ હાઈવે ૪૮ પર કાર અને ખાનગી બસ વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. જણાવાય રહ્યું છે કે, બસનું ટાયર ફાટતા તે બેકાબૂ થઈને ડિવાઈડર કૂદીને બીજી તરફ પહોંચી ગઈ હતી. આ દરમિયાન બસ અને કાર વચ્ચે ટક્કર થઈ. જે દુર્ઘટનામાં કારમાં સવાર ૮ લોકોના મોત થયા, જ્યારે પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હાલ, તમામ મૃતકોના મૃતદેહ દૂદૂ હોસ્પિટલમાં રખાયા છે. ઘટનાસ્થળે પહોંચીને પોલીસે મૃતકોની ઓળખ શરૂ કરી છે અને તેમના પરિવારજનોને આ ઘટનાની માહિતી આપી દેવાઈ છે. તો બીજી તરફ દુર્ઘટનાના કારણે રોડ પર લાંબો ટ્રાફિક જામ થયો. ક્રેનની મદદથી પોલીસે બસ અને ક્ષતિગ્રસ્ત કારને રસ્તા પરથી દૂર કરી અને વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો.

# મહાકુંભ પહોંચ્યા PM વડાપ્રધાન મોદી, પવિત્ર સંગમમાં કર્યું સ્નાન, યોગી પણ રહ્યા હાજર

**પ્રયાગરાજ**

નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજમાં મહાકુંભની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે પવિત્ર સંગમ સ્થાન ખાતે સ્નાન કર્યા બાદ આસ્થાની ડૂબકી લગાવી હતી. તેમની સાથે આ સમયે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર હતા. પીએમ મોદીના પ્રયાગરાજ પ્રવાસને લઈને સુરક્ષાની કડક વ્યવસ્થા કરવામાં આવી છે. માહિતી અનુસાર પીએમ મોદીની સાથે બંને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક સહિત પ્રદેશ સરકારના ઘણા વરિષ્ઠ મંત્રી પણ હાજર છે. વડાપ્રધાન મોદીએ





પ્રયાગજરાના ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર ડૂબકી લગાવી હતી. આ અવસરે પીએમ મોદીએ ભગવાન રંગના વસ્ત્રો પહેર્યા હતા. તેમના ગળા અને હાથમાં રુદ્રાક્ષની માળા હતી. તેમણે મંત્રોચ્ચાર સાથે સંગમમાં ડૂબકી લગાવી હતી.

# હિન્દુ પરંપરાઓનું પાલન નહીં કરનાર 18 કર્મીઓની હકાલપટ્ટી

**તિરુપતિ**

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી) એ ધાર્મિક નિયમોનો ભંગ કરવા પર ૧૮ કર્મચારીઓની વિરુદ્ધ કાર્યવાહી કરી છે. આ કર્મચારીઓ પર હિન્દુ પરંપરાઓનું પાલન નહીં કરવાનો અને બિન-હિન્દુ ધાર્મિક ગતિવિધિઓમાં સામેલ હોવાનો આક્ષેપ છે. આ નિર્ણય તિરુપતિ મંદિરના ધાર્મિક મહત્વ અને મંદિરોની આધ્યાત્મિક પવિત્રતાને જાળવી રાખવા માટે લેવામાં આવ્યો છે. તિરુપતિ મંદિર બોર્ડના ચેરમેન બીઆર નાયડુના નેતૃત્વમાં પહેલાથી જ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે ફક્ત હિન્દુ કર્મચારી જ દેવસ્થાનમમાં કામ કરી શકે છે. પરંતુ તપાસ દરમિયાન આ ૧૮ કર્મચારીઓ બિન-હિન્દુ પરંપરાઓનું પાલન કરતો જોવા મળ્યા, જેના કારણે તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી છે. સાથે જ, તેમને કોઈ પણ હિન્દુ ધાર્મિક સમારોહના આયોજન કે અનુષ્ઠાનમાં ભાગ લેવાની મંજૂરી અપાશે નહીં. બોર્ડે આ ૧૮ કર્મચારીઓને બે વિકલ્પ આપ્યા છે - કોઈ સરકારી વિભાગમાં બદલી માટે અરજી કરે કે પછી સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ યોજના(વીઆરએસ) અંતર્ગત બોર્ડમાંથી નિવૃત્ત થઈ જાય. જો આ બે પૈકી કોઈ વિકલ્પ સ્વીકારશે નહીં તો તેમની સામે વધુ આકરી કાર્યવાહી કરવામાં આવશે.

# હિન્દુ સમાજ ત્યારે જ ખીલી શકે છે જો તે એક હોય : મોહન ભાગવતનું મહત્વનું નિવેદન

**ચંડીગઢ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કેરળની બે દિવસીય મુલાકાત દરમિયાન પઠાનામથિટ્ટા હિન્દુ ધર્મ સંમેલનને સંબોધિત કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે તેમાં કોઈ બે મત નથી કે હિન્દુ સમાજ વિશ્વનો ગુરુ બનશે. તેમણે કહ્યું કે હિન્દુ સમાજે પોતાનું જીવન ચલાવવા હિન્દુ એકતાની જરૂર છે, તેમાંથી શક્તિ ઉત્પન્ન થશે તે સાબિત કરવા માટે વધુ કોઈ તર્ક કરવાની જરૂર નથી. દુનિયામાં એક નિયમ છે, જે સમાજ સંગઠિત છે તે સમૃદ્ધ થાય છે અને જે સમાજ વિભાજિત છે, સંગઠિત નથી, તેનું પતન થાય છે, ઈતિહાસ અને વર્તમાન બંને આ વાતના સાક્ષી છે. એક સંયુક્ત સમાજ ખીલે છે તેમણે કહ્યું, “હિન્દુ સમાજ ત્યારે જ ખીલી શકે છે જો તે એક હોય.

# ચૂંટણી પંચ મરી ચુકયું છે, સફેદ કપડું મોકલાવવું જ પડશે : અખિલશે યાદવ

**લખનૌઉ**

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા છે. મિલ્કીપુરમાં વોટિંગ બાદ અખિલેશે ગુરુવારે કહ્યું કે, ચૂંટણી પંચ મરી ચુકયું છે, અમારે સફેદ કપડું મોકલાવવું પડશે. અખિલેશ યાદવે કહ્યું કે, આ ભાજપની ચૂંટણી લડવાની રીત છે. ચૂંટણી પંચ મરી ગયું છે. અમારે સફેદ કપડું મોકલાવવું પડશે. હકીકતમાં જોઈએ તો, સપા મિલ્કીપુરમાં નકલી વોટિંગનો આરોપ લગાવી રહી છએ. ૫ નેતાઓમાંથી એક પ્રતિનિધિમંડલ લખનઉમાં ચૂંટણી પંચને પણ મળ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ શ્યામ લાલ પાલના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ મુખ્ય નિર્વાચન અધિકારીને ફરિયાદ કરી. પોલિંગ એજન્ટને બહાર કાઢવા અને ખોટી રીતે મતદાન કરવાનો આરોપ લગાવ્યો છે. સપાએ એવો પણ આરોપ છે કે મિલ્કીપુર વિધાનસભામાં બૂથ નંબર ૨૮૬ પર પોલીસ દ્વારા તેમના એજન્ટને બળજબરીપૂર્વક ઉઠાવીને લઈ ગયા. આ અગાઉ અખિલેશ યાદવે ભાજપ પર લોકતાંત્રિક પ્રક્રિયાને નબળી કરવા અને પેટાચૂંટણીમાં ધાંધલી કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ચૂંટણી પંચને આ અંગે કાર્યવાહી કરવાની પણ માગ કરી હતી.

# રાહુલ ગાંધીએ દેશમાં જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી કરવાની માગ દોહરાવાઈ

**રાયપુર**

કોંગ્રેસ સાંસદ અને લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે તેઓ એવા દિવસની પ્રતીક્ષા કરી રહ્યા છે કે જ્યારે દલિત સમાજના અને નબળા વર્ગોના લોકો ભારતમાં દરેક સંસ્થાનમાં લીડરશિપ પોઝિશન પર હોય. હું વંચિતો માટેની મારી લડાઈ જારી રાખીશ. તેમણે દેશવ્યાપી જ્ઞાતિ આધારિત વસ્તીગણતરીની માગ પણ દોહરાવી હતી. તેમણે પટનામાં શ્રીકૃષ્ણ મેમોરિયલ હૉલ ખાતે સ્વાતંત્ર્યસેનાની અને દલિત નેતા જગલાલ ચૌધરીની જન્મજયંતી નિમિત્તે આયોજીત સમારોહને સંબોધતા એવો આક્ષેપ પણ કર્યો હતો કે બંધારણમાં દલિતો અને વંચિતોના અધિકારો માટેની બાંયધરી અપાયેલી હોવાના કારણે ભાજપ અને આરએસએસ બંધારણના વિરોધી છે.

# પ્રથમ વન-ડે : ભારતે ઈંગ્લેન્ડને ૪ વિકેટે હરાવીને ૧-૦ની લીડ મેળવી

## બોલર્સ બાદ મિડલ ઓર્ડર ઝળક્યો, ઈંગ્લેન્ડ ૨૪૮, બટલર ૫૨, જાડેજા ૩/૨૬, ભારત ૬/૨૫૧, ઐયર ૫૯, ગિલ ૮૭, અક્ષર ૫૨

**નાગપુર**

વિશેષ સિદ્ધિ મેળવનાર હર્ષિત રાણા તથા રવીન્દ્ર જાડેજાની ત્રણ-ત્રણ વિકેટ બાદ મિડલ ઓર્ડરમાં શુભમન ગિલ, શ્રોયસ ઐયર તથા અક્ષર પટેલે નોંધાવેલી અડધી સદીની મદદથી ભારતે પ્રથમ વન-ડેમાં ૬૮ બોલ બાકી રાખીને ઈંગ્લેન્ડને ચાર વિકેટે પરાજય આપી ત્રણ મેચની શ્રોણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. ઈંગ્લેન્ડ ૪૭.૪ ઓવરમાં ૨૪૮ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું. ભારતે ૩૮.૪ ઓવરમાં છ વિકેટે ૨૫૧ રન બનાવીને મેચ જીતી લીધી હતી. સુકાની રોહિત શર્મા (૨)નું કંગાળ ફોર્મ જારી રહ્યું હતું. ઓપનર જયસ્વાલે ડેબ્યૂ મેચમાં ૧૫ રન બનાવ્યા હતા. બંને ઓપનરના આઉટ થયા બાદ ગિલ તથા ઐયરે સ્કોરબોર્ડને સતત ફરતું રાખ્યું હતું. બંનેએ ત્રીજી વિકેટ માટે ૬૪ બોલમાં ૯૪ રનની ભાગીદારી નોંધાવી હતી. ઘરઆંગણે છેલ્લી છ વન-ડેમાં પાંચમી અડધી સદી નોંધાવી હતી. તેણે ૩૬ બોલમાં નવ બાઉન્ડ્રી અને બે સિક્સર વડે ૫૯ રન બનાવ્યા હતા. તેના આઉટ થયા બાદ ગિલ અને અક્ષરે ઈનિંગને આગળ વધારી હતી અને ૧૦૭ બોલમાં ૧૦૮ રનની ભાગીદારી નોંધાવી હતી. ગિલે ૯૬ બોલમાં ૧૪ બાઉન્ડ્રી વડે ૮૭ તથા અક્ષરે ૪૭ બોલમાં બાવન રન બનાવ્યા હતા. સાકિબ અને આદિલ રાશિદે બે-બે વિકેટ ખેરવી હતી.




### ઇન્ટરનેશનલ ક્રિકેટમાં જાડેજાની ૬૦૦ વિકેટ પૂરી, એન્ડરસનનો રેકોર્ડ પણ તોડયો

ભારતના અનુભવી સ્પિન ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં બે સિદ્ધિઓ હાંસલ કરી હતી. તેણે ૨૬ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જાડેજાએ આ સાથે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૬૦૦ વિકેટ પૂરી કરી હતી અને આ સિદ્ધિ મેળવનાર તે ભારતનો પાંચમો બોલર બન્યો છે. જાડેજા આ ઉપરાંત ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેના વન-ડે ઈતિહાસનો સૌથી સફળ બોલર પણ બન્યો છે.

### નેટ્સમાં ઘૂંટણમાં થયેલી ઈજાના કારણે કોહલી પ્રથમ વન-ડેમાં ના રમ્યો

કાનપુર : ઈંગ્લેન્ડ સામેની પ્રથમ વન-ડેની પૂર્વસંધ્યાએ નેટ્સમાં કોહલીને ઘૂંટણમાં ઈજા થઈ હતી જેના કારણે તે પ્રથમ મુકાબલામાં રમ્યો નહોતો. ટોસ પહેલાં વોર્મ-અપ દરમિયાન કોહલીના પગે પાટો બાંધેલો દેખાતો હતો અને ઘૂંટણની સમસ્યાના કારણે તેને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરાયો નહોતો. રોહિતે જણાવ્યું હતું કે કોહલીને ગઈ રાતથી ઘૂંટણમાં સમસ્યા થઈ છે અને તે પ્રથમ મેચમાં રમી શક્યો નથી. તેની ઈજા ગંભીર નથી અને તે બીજી મેચ પહેલાં ફિટ થઈ જશે.

## ઈજાના કારણે પેટ કમિન્સ અને જોશ હેઝલવૂડ ચેમ્પિયન્સ ટ્રોફી ગુમાવશે, ઓસી.ને ફટકો

સિડની: પાકિસ્તાનની યજમાનીમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ઓસ્ટ્રેલિયાના તેની ફાઈનલ ટીમ લિસ્ટમાં ત્રણ ફેરફાર કરવા પડશે. સુકાની પેટ કમિન્સ તથા પેસર જોશ હેઝલવૂડ ઈજાના કારણે આઈસીસીની ૫૦ ઓવર્સની ફોર્મેટવાળી મેજર ઈવેન્ટમાં રમી શકે તેમ નથી. અનુભવી ઓલરાઉન્ડર મિચેલ માર્શ અગાઉથી ઈવેન્ટમાંથી બહાર થઈ ગયો છે. કમિન્સ અને હેઝલવૂ.ડ બંનેની ગેરહાજરીમાં ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતવાની ઓસ્ટ્રેલિયાની સંભાવના ઓછી થઈ છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯મી ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને દુબઈમાં રમાશે. હેડ કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડે ઈજાઓની નવી ચિંતાઓની વચ્ચે જણાવ્યું હતું કે કમિન્સ ઉપલબ્ધ નહીં થાય તો ટૂર્નામેન્ટ માટે નવા કોચની જરૂર પડશે. કમિન્સ કોઈ પણ રીતે બોલિંગ કરવાનું શરૂ કરી શક્યો નથી અને તેનું રમવાની નહિવત્ સંભાવના છે. અમારે સુકાનીની જરૂર પડશે અને સ્મિથ તથા ટ્રેવિસ હેડ મજબૂત દાવેદાર છે.

## ઓસ્ટ્રેલિયાના અનુભવી ઓલરાઉન્ડર માર્કસ સ્ટોનિસે વન-ડેમાંથી નિવૃત્તિ જાહેર કરી

મેલબોર્ન : ઓસ્ટ્રેલિયાના અનુભવી ઓલરાઉન્ડર માર્કસ સ્ટોનિસે અચાનક વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈને તમામને સ્તબ્ધ કરી દીધા છે. સ્ટોનિસને ચાલુ મહિને રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ઓસ્ટ્રેલિયન ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. તેની નિવૃત્તિના કારણે ઓસ્ટ્રેલિયાએ ટીમમાં કુલ ચોથો ફેરફાર કરવો પડશે. સુકાની પેટ કમિન્સ, જોસ હેઝલવૂડ તથા ઓલરાઉન્ડર મિચેલ માર્શ વિવિધ ઈજાઓના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયા છે. સ્ટોનિસની નિવૃત્તિના કારણે ઓસ્ટ્રેલિયન ડ્રેસિંગરૂમમાં માહોલ ખરાબ થયો હોવાની અટકળો થઈ રહી છે. સ્ટોનિસે જણાવ્યું હતું કે તે ટી૨૦ ક્રિકેટ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. ૨૦૧૫માં ઓસ્ટ્રેલિયા માટે ડેબ્યૂ કરનાર ઓલરાઉન્ડરે ૭૧ વન-ડેમાં ૧,૪૯૫ રન બનાવવા ઉપરાંત ૪૮ વિકેટ પણ ઝડપી છે.

### ૪૬૧ મેચ, ૧૦,૫૬૪ બોલ, ૬૩૩ વિકેટ, રાશિદ ખાને ૧૮ ટીમો માટે રમી વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો

## રેકોર્ડ બુક : રાશીદ ખાને વિન્ડીઝના ડ્વેન બ્રાવોની ૬૩૧ ટીર૦ વિકેટોનો રેકોર્ડ બ્રેક કર્યો

નવી દિલ્હી : વિશ્વના સૌથી ઘાતક લેગ સ્પિનરમાં સામેલ થયેલા અફઘાનિસ્તાનના રાશિદ ખાને ૨૦૧૫માં ક્રિકેટની ટી૨૦ ફોર્મેટમાં ડેબ્યૂ કર્યો હતો. કેટલાક સમય બાદ તે વિશ્વના ટોપ બોલર્સમાં સામેલ થઈ ગયો હતો. તે સ્પીડની સાથે બોલને સ્પિન કરતો હોવાના કારણે તેની સામે રન બનાવવા બેટ્સમેનો માટે આસાન રહેતું નહોતું. ડેબ્યૂના સમયે તે ૧૭ વર્ષનો હતો અને હવે ૨૬ વર્ષની વયે રાશિદ ટી૨૦ ફોર્મેટમાં હાઈએસ્ટ વિકેટ ઝડપનાર બોલર બની ગયો છે.




### રાશિદે વિન્ડીઝના બ્રાવોને પાછળ રાખ્યો

અફઘાન સ્પિનર રાશિદે ટી૨૦ કારકિર્દીમાં સર્વાધિક વિકેટ ઝડપવાના મામલે વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ડ્વેન બ્રાવોને પાછળ રાખી દીધો છે. સાઉથ આફ્રિકન લીગ એસએ૨૦ માં રાશિદે એમઆઈ કેપટાઉન માટે રમ્યો હતો અને તેણે પાર્લ રોયલ્સની બે વિકેટ ઝડપી હતી.આ સાથે ટી૨૦માં તેના નામે ૬૩૩ વિકેટ નોંધાઈ હતી અને નિવૃત્ત થઈ ચૂકેલા બ્રાવોની ૬૩૧ વિકેટનો રેકોર્ડ બ્રેક કર્યો હતો. રાશિદ ૨૦૧૬માં સર્વાધિક વિકેટ ઝડપનાર બોલર પણ બન્યો હતો.

### કઈ કઈ ટીમો માટે રાશિદ રમ્યો છે

રાશિદ ખાન અત્યાર સુધી વિશ્વભરની વિવિધ લીગમાં એડિલેડ સ્ટ્રાઈકર્સ, અફઘાનિસ્તાન, બેન્ડ-એ-અમીર ડ્રેગોન, બાર્બાડોસ ટ્રાઈડેન્ટ્સ, કોમિલા વિક્ટોરિયન્સ, ડરબન હિટ્સ, ગુજરાત ટાઈટન્સ, ગુયાના એમેઝોન વોરિયર્સ, આઈસીસી વર્લ્ડ ઈલેવન, કાબુલ જવાનાન, લાહોર કલંદર્સ, એમઆઈ કેપટાઉન, એમઆઈ ન્યૂયોર્ક, સ્પીન ઘર ટાઈગર્સ, સેન્ટ કિટ્સ એન્ડ નેવિલ પેટ્રિયલ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, સસેક્સ કાઉન્ટી, ટ્રેન્ટ રોકેટ્સ માટે અત્યાર સુધીમાં ઓવરઓલ ૪૬૧ મેચ રમ્યો છે.

### રોમાનિયાની હાલેપે કારકિર્દીમાં ૨૪ ટાઇટલ જીત્યા છે

## સિમોના હાલેપની ટેનિસને અલવિદા

બુચારેસ્ટ : બે વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન રોમાનિયાની સિમોના હાલેપે ઈન્ટરનેશનલ ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. રોમાનિયન ટેનિસ સ્ટાર હાલેપે ઈટાલીની લ્યૂસિયા બ્રોન્ઝેટી સામે ૬-૧, ૬-૧થી પ્રથમ રાઉન્ડમાં હાર્યા બાદ ટ્રાન્સવેનિયા ઓપન ટૂર્નામેન્ટમાં કોર્ટ ઉપર નિવૃત્તિની જાહેરાત કરી હતી. મેચ બાદ હાલેપે જણાવ્યું હતું કે ટેનિસની રમતને મને ઘણું આપ્યું છે અને હવે કોર્ટથી દૂર થવાનો સમય આવી ગયો છે. હું નંબર-૧ ખેલાડી બની હતી અને મેં ગ્રાન્ડસ્લેમ જીત્યા છે. બાળપણમાં હું જે બાબતોના સ્વપ્ન સેવતી હતી તે તમામ મેં હાંસલ કર્યા છે. ટેનિસ બાદ પણ જીવન છે અને મને આશા છે કે આપણે ફરીથી એકબીજાને મળીશું. હોલેપે ૨૦૧૮માં ફ્રેન્ચા ઓપનમાં સ્લોએન સ્ટિફન્સને હરાવીને પોતાની પ્રથમ મેજર ટ્રોફી જીતી હતી. ત્યારબાદ તેણે ૨૦૧૯માં ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે



રમાતા વિમ્બલ્ડન વિમેન્સ સિંગલ્સનો ગ્રાન્ડ સ્લેમ પોતાના નામે કર્યો હતો. હાલેપે કારકિર્દીમાં ૨૪ સિંગલ્સના ટાઈટલ જીત્યા હતા અને તેણે ૫૮૦ વિજય તથા ૨૪૧ પરાજય મેળવ્યા હતા. તે ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલ સુધી પહોંચી હતી. યુએસ ઓપનમાં તેનું બેસ્ટ પ્રદર્શન સેમિફાઈનલ સુધીનું હતું.

## ICC ટી૨૦ રેન્કિંગમાં અભિષેક શર્માની હરણફાળ, ૪૦માંથી સીધો બીજા ક્રમે પહોંચ્યો

**દુબઇ**

ભારતીય ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્મા આઈસીસી મેન્સ ટી૨૦ રેન્કિંગમાં બેટ્સમેનોની યાદીમાં ૩૮ ક્રમાંકની આગેકૂચ કરીને બીજા ક્રમે પહોંચી ગયો છે. આ પહેલાં તે ૪૦મા ક્રમાંકે હતો. અભિષેકે મુંબઈ ખાતે ઈંગ્લેન્ડ સામેની પાંચમી અને અંતિમ ટી૨૦માં ૧૩૫ રનની તોફાની ઈનિંગ રમી હતી. ઓસ્ટ્રેલિયાના સ્ટાર ખેલાડી ટ્રેવિસ હેડ પ્રથમ સ્થાને યથાવત રહ્યો છે. તેની અને અભિષેક વચ્ચે ૨૬ રેટિંગ પોઈન્ટનો ફરક છે. ટી૨૦ બેટ્સમેનોની યાદીના ટોપ-૫માં ત્રણ ભારતીયો છે. તિલક



વર્મા ત્રીજા અને સુકાની સૂર્યકુમાર યાદવ પાંચમા ક્રમે છે. ઈંગ્લેન્ડ સામે પ્લેયર ઓફ ધ સિરીઝ બનેલો સ્પિનર વરુણ ચક્રવર્તી ત્રણ ક્રમાંકની આગેકૂચ સાથે બીજા ક્રમે છે. લેગ સ્પિનર રવિ બિશ્નોઈ ચાર ક્રમાંકના ફાયદા સાથે છઠ્ઠા ક્રમે પહોંચ્યો છે. ટોચના ક્રમે એક ફેરફાર થયો છે.

## ન્યૂ કાસલ કારાબાઓ કપની ફાઈનલમાં

### ન્યૂ કાસલે હોમ અને અવેના એગ્રિગેટ ૪-૦ના સ્કોરથી વિજય મેળવ્યો

લંડન : ન્યૂ કાસલ યુનાઈટેડે આર્સનલ સામે બીજા લેગની મેચમાં ૨-૦થી તથા કુલ એગ્રિગેટ સ્કોર ૪-૦થી હરાવીને કારાબાઓ કપ ફૂટબોલની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. આ સાથે ન્યૂ કાસલ ૫૬ વર્ષ સુધી લાંબી રાહ જોયા બાદ હવે ટાઈટલથી એક વિજય દૂર છે. હોમ અને હવે બંને મેચમાં ન્યૂ કાસલે એકસમાન ૨-૦ના સ્કોરથી વિજય મેળવ્યા હતા. વેમ્બલી ખાતે રમાનારી ફાઈનલમાં તેનો મુકાબલો લિવરપૂલ અથવા ટોટનહામ હોટ્સપુર સામે થશે. ન્યૂ કાસલ છેલ્લે ૧૯૬૯માં ઈન્ટર સિટી ફેર કપમાં ચેમ્પિયન બની હતી. છેલ્લી ત્રણ સિઝનમાં તે બીજી વખત કારાબાઓ કપની ફાઈનલમાં પહોંચી છે. આર્સનલ ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં હાર્યું હોય તેવો નવમો બનાવ બન્યો છે. મેચની શાનદાર શરૂઆત કરનાર ન્યૂ કાસલ માટે એલેકઝાન્ડર ઈસાકે ગોલ કર્યો હતો



જેને વીએઆરની મદદથી ઓફસાઈડ જાહેર કરવામાં આવ્યો હતો. જેકોબ મર્ફીએ ૧૯મી મિનિટે સ્વીડનના સ્ટ્રાઈકરનો શોટ ગોલપોસ્ટને અથડાયા બાદ રિબાઉન્ડ ઉપર ગોલ કર્યો હતો.

# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ

## સભ્યોના જન્મદિવસ અને લગ્ન સવંત્સરીની ઉજવણી કરાઈ

**બ્રામ્પ્ટન**



ગુજરાતી સિનિયર ક્લબ બ્રામ્પટનનો માસિક અને પ્રજાસતાક દિનનો કાર્યક્રમ ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યોજાયો હતો. સમૂહ પ્રાર્થના, ભજન અને ઈશ્વરભાઈ પટેલે રજૂ કરેલા "દિલ દીયા એ વતન" ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. અરવિન્દભાઈ પટેલે ગામડાનું જીવન અને મર્યાદા અંગે માહિતીસભર પ્રવચન આપ્યું હતું. અરુણભાઈ દવે દ્વારા પ્રસ્તુત કરેલ ગીત "ચલ ઉડ જા રે પંછી"ની સુંદર રજૂઆતની સૌએ મજા માણી હતી. ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટ સાહેબે રામાયણના પ્રસંગ "અર્જુનના રથ ઉપર હનુમાનજીની છત્રી" વિષેનો વાર્તાલાપ પોતાની શૈલીમાં રજૂ કર્યો હતો. ત્યારબાદ નરસીભાઈએ રજૂ કરેલ ભજન "પાપ તારુ પ્રકાશે" અને અરુણભાઈ દવેના સુંદર કંઠે ગવાયેલું ગીત "લાખો હે નિગા હો મેં"ની રજૂઆતે સૌને પ્રફુલ્લિત કરી દીધા હતા. ભાનુબેન મીસ્ત્રીએ મકરસંક્રાતિ અંગે " તમસોમા જ્યોતિર્ગમય", જયાબેન મીસ્ત્રીના કંઠે ગવાયેલ સાચા સંતનું ભજન " મન તો રાંક થઈ રહેજે", ઈશ્વરભાઈ પટેલે રજૂ કરેલ ગીત "યે દુનિયા યે મહેફિલ મેરે કામ કી નહીં" અને સુશિલાબેન પંચાલે ગાયેલ ગીતની મજા સૌએ માણી હતી.

# પંજાબી સિંગર પ્રેમ ઢિલ્લોંના ઘર પર ફાયરિંગ, ગેંગસ્ટરે લીધી જવાબદારી

## જો ઢિલ્લોન નહીં સુધરે તો પરિણામો ભોગવવા પડશે : જેન્ટા ખરડેની ચેતવણી

**વાનકુંવર**

કેનેડામાં પંજાબી સિંગર પ્રેમ ઢિલ્લોંના વાનકુંવર સ્થિત ઘર પર ફાયરિંગની ઘટના બની છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર મંગવારે સિંગરના ઘર પર ફાયરિંગ થયું હતું. જોકે, ફાયરિંગમાં કોઈ નુકસાન થયું નથી. આ હુમલાની જવાબદારી જેન્ટા ખરડે લીધી છે, જે જયપાલ ભુલ્લર ગેંગથી જોડાયેલો છે અને હાલમાં ઓસ્ટ્રેલિયામાં રહેલા ખાલિસ્તાની આતંકવાદી અર્શ ડાલાનો નજીકનો માનવામાં આવે છે. જેન્ટા ખરડે વાયરલ પોસ્ટમાં આ ઘટનાની જવાબદારી લીધી છે. જેન્ટાએ પોસ્ટમાં કહ્યું કે, સિદ્ધુ મૂસેવાલાના મોત બાદ પ્રેમ ઢિલ્લોંએ તેમની સાથે દગો કર્યો હતો. તેણે મૂસેવાલાને ધમકી આપવા માટે જગ્ગુ ભગવાનપુરિયાની ગેંગનો સંપર્ક કર્યો હતો. જેન્ટાએ એમ પણ કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં ઢિલ્લોંના શોને રદ કરવા પાછળ તેની ગેંગનો હાથ હતો. જેન્ટાએ ભવિષ્યમાં ઢિલ્લોં પર હુમલાઓની ચેતવણી પણ આપી છે. પ્રેમ ઢિલ્લોંનું પૂરું નામ પ્રેમજીત સિંહ ઢિલ્લોં છે અને તેમનો જન્મ અમૃતસરમાં થયો હતો.




સરહદે શંકાસ્પદ હિલચાલ બદલ 6 નાગરિકોને કસ્ટડીમાં ધકેલી દેવાયા

# ભાગી રહેલા શખ્સે પોલીસને પીછો કરતી જોઈ પોતાને જ ગોળી ધરબી

ટોરોન્ટો : RCMPએ તાજેતરના અઠવાડિયામાં કેનેડા-યુએસ સરહદ અધિકારીઓ દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવેલી ત્રણ ઘટનાની વિગતો જાહેર કરી છે. જેમાં 16 સરહદ ક્રોસિંગનો પ્રયાસ અને એક મૃત્યુનો સમાવેશ થાય છે. પોલીસે બુધવારે એડમોન્ટનમાં એક ન્યૂઝ કોન્ફરન્સ યોજી હતી, જેમાં આ અઠવાડિયાની શરૂઆતમાં અલ્ટાના કાઉટ્સમાં બે સરહદ ક્રોસિંગ અને થોડા અઠવાડિયા પહેલા એમર્સન, મેનેસ્ટોનથી 15 કિલોમીટર પૂર્વમાં એક ક્રોસિંગ વિશે માહિતી આપવામાં આવી હતી. મંગળવારે સવારે, કાઉટ્સમાં સરહદ પાર કરતા એક વ્યક્તિને સેકન્ડરી ઈન્પેક્શન એરિયામાં મોકલવામાં આવ્યો હતો, જ્યાંથી તે ભાગી ગયો હતો. કાઉટ્સથી લગભગ 80 કિલોમીટર ઉત્તરમાં રેમન્ડ, અલ્ટા નજીક ડ્રાઈવર મળી આવ્યા પછી, તે ઉત્તર તરફ લેથબ્રિજ તરફ વાહન ચલાવતો રહ્યો હતો. તે પછી રેમન્ડ પાછો ગયો જ્યાં તેને બંદૂક સાથે જોવામાં આવ્યો હતો. બાદમાં અલ્ટાના મિલ્ક રિવરની દક્ષિણમાં તે વ્યક્તિના વાહનને રોકવા માટે ટાયર ડિફ્લેશન ડિવાઈસનો ઉપયોગ કરાયો હતો.જો કે, તે માણસ પગપાળા ભાગી ગયો હતો. જ્યાં પોલીસે તેનો પીછો કરતા તે માણસે પોતાને ગોળી મારી દીધી હતી. આ સાથે જ તેનું સ્થળ પર જ મોત થયું હતુ. પોલીસે જણાવ્યું કે, આલ્બર્ટા સીરિયસ ઈન્સિડેન્ટ રિસ્પોન્સ ટીમ ઘટનાની તપાસ કરી રહી છે. સોમવારે સવારે RCMPને યુ.એસ. બોર્ડર પેટ્રોલ દ્વારા કાઉટ્સ નજીક સંભવિત ક્રોસિંગ વિશે જાણ કરવામાં આવી હતી. અધિકારીઓને આકરી ઠંડીમાં પગપાળા મુસાફરી કરી રહેલા ચાર પુખ્ત વયના અને પાંચ બાળકો મળ્યા હતા. અન્ય એક ઘટનામાં પોલીસે છ લોકોને CBSA કસ્ટડીમાં સોંપી દીધા હતા. આ કિસ્સામાં, પોલીસે નોંધ્યું હતું કે સરહદ પાર કરતા લોકો ઠંડા શિયાળાના હવામાન માટે પોશાક પહેરેલા નહોતા. આ કિસ્સામાં, પોલીસે નોંધ્યું હતું કે સરહદ પાર કરતા લોકો ઠંડા શિયાળાના હવામાન માટે પોશાક પહેરેલા નહોતા. ત્રણેય ઘટનાઓમાં, RCMPએ જણાવ્યું હતું કે હવામાન -20 થી -30 Cની વચ્ચે હતું.

# ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની પ્રથમ મીટીંગ, વેલેન્ટાઈન ડેની ઉજવણી કરાઈ





## સભ્યોએ જૂના ફિલ્મી ગીતો પર ડાન્સ સાથે અભિનય રજૂ કર્યો, સ્ટેજ પર ગીતોની ગૂંજ વચ્ચે કસરત કરાવાઈ

**મિસીસાગા**

ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની મીટીંગ બીજી ફેબ્રુઆરીના રોજ સ્ટેફન લેવિસ એસએસ ખાતે યોજાઈ હતી. આ સાથે વેલેન્ટાઈન ડેની ઉજવણીનું પણ ખાસ આયોજન કરાયું હતુ. આ દિવસે વસંત પંચમીનો તથા કુંભ મેળાનો શાહી સ્નાનનો પવિત્ર દિવસ હતો. એટલે 233 સભ્યો સુંદર વેશભૂષામાં આવ્યા હતા. ઈલાબેન દેવાનીએ સભ્યોનું સ્વાગત કર્યા બાદ પ્રાર્થના થઈ હતી. જે બાદ કસરત માટે ભાઈઓ અને બહેનોને સ્ટેજ પર બોલાવાયા હતા. શરૂઆતમાં કોઈ મિલ ગયા ગીત બાદ એક પછી એક ગીતોની રમઝટ જામી હતી. મહેન્દ્રભાઈએ વેલેન્ટાઈન દિવસની શુભેચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ ઈલાબેને આ મહિનામાં આવતા જેમની વર્ષગાંઠ હતી તેઓને સ્ટેજ પર બોલાવ્યા અને વડીલ કનુભાઈ પટેલના હસ્તે બર્થ ડે કાર્ડ આપવામાં આવ્યું હતુ. આ સાથે અરુણાબેન મહેતાએ સ્વયં સુંદર મજાનું ગીત ગાયું અને બધાને અભિનંદન આપ્યા હતા. સ્ટેજ પર ટ્રેઝરર જીતુભાઈએ બર્થ ડે નિમિત્તે 1944નું તુમ્હે ચલો પરદેશ ગીત રજૂ કર્યું હતુ. હર્ષદભાઈ નાયકે પણ પોતે પ્રેમ લગ્ન કર્યા હોય, પત્નીની યાદગીરી માટે ગીત રજુ કર્યું હતું. બ્રેક બાદ વેલેન્ટાઈન ડે ઉજવવામાં આવ્યો હતો. સૌપ્રથમ પૂર્ણિમાબેન, માર્ગદર્શક ઉર્મિલાબેન તથા મનુભાઈ પટેલે દિલીપ કુમાર અને વૈજયંતી માલાના પાત્રમાં ઉડે જબ જબ ઝુલ્ફે ગીત પર ડાન્સ રજૂ કર્યો હતો. બીજું નૃત્ય નરેન્દ્રભાઈ, પન્નાબેન પારેખે પ્યાર હુઆ એકરાર હુઆ ગીત સાથે નરગીસ અને રાજ કપૂરનો અભિનય ગીત કર્યો હતો. ભૂપેન્દ્રભાઈ તથા ધર્મિષ્ઠાબેન પટેલે ચંદનહાર લાવો ગીત જૂનું તથા પ્રચલિત ગાયન રજૂ કર્યો હતો.

સંસ્થાના પ્રેસિડેન્ટ મહેન્દ્રભાઈ ગોઢિયા તથા રેખાબેનનું ગીત દિલ મેરા ધડકે અભિનય સાથે રજુ કર્યું હતું. તે પણ આનંદદાયક હતો અને છેલ્લું ગીત પ્રવીણભાઈ મહેતાએ ઓડિયન્સમાં ચંપે માલિશનું ગીત એન્ટ્રી આપવામાં આવી હતી. અંતે પ્રીતિ ભોજનના કાર્યક્રમમાં શીરો, ખાંડવી, ફલાવરનુ શાક, મગ, દાળભાત, પાપડ પીરસવામાં આવ્યા હતા.

# ટોરોન્ટોમાં ઘરના વેચાણમાં 12% વધારો થવાની ધારણા

## જાન્યુ 2025માં ઘરના વેચાણમાં ગત વર્ષની તુલનામાં 7.9 ટકાનો ઘટાડો થયો હતો : ઓછા લોન ખર્ચને કારણે પોષણક્ષમતામાં સુધારો થશે

**ટોરોન્ટો**

ટોરોન્ટો રિજનલ રિયલ એસ્ટેટ બોર્ડ કહે છે કે તે 2025 માટે ઘરના વેચાણમાં 12.4 ટકાનો વધારો થવાની આગાહી કરી રહ્યું છે. જેમાં સમગ્ર પ્રદેશમાં 76,000 મિલકતો બદલાશે. કારણ કે, ઓછા લોન ખર્ચને કારણે પોષણક્ષમતામાં સુધારો થશે. બોર્ડ અપેક્ષા રાખે છે કે, સરેરાશ વેચાણ કિંમત $1,147,000 સુધી પહોંચશે. જે ગયા વર્ષની સરખામણીમાં 2.6 ટકા વધુ છે, અને સિંગલ-ફેમિલી ઘરો માટે ભાવમાં મજબૂત વૃદ્ધિ થશે. 2025ના બજાર તરફ આગળ વધતાં ઘર ખરીદનારાઓની વધતી જતી સંખ્યા ઓછા લોન ખર્ચનો લાભ લેશે. જેના પરિણામે વ્યવહારોમાં વધારો થશે અને 2025માં સરેરાશ વેચાણ કિંમતોમાં મધ્યમ વધારો થશે. TRREBના મુખ્ય બજાર વિશ્લેષક જેસન મર્સરે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું.

જોકે, નીચા મોરગેજ દરોની સકારાત્મક અસર ઓછામાં ઓછા અસ્થાયી રૂપે, અર્થતંત્ર અને ગ્રાહક વિશ્વાસ પર વેપાર વિક્ષેપોની નકારાત્મક અસર દ્વારા ઘટાડી શકાય છે. બોસ્લી રીઅલ એસ્ટેટ લિમિટેડના બ્રોકર ડેવેલ મોરિસને જણાવ્યું હતું કે, સ્પર્ધામાં પહેલેથી જ ઉત્તેજના જોવા મળી રહી છે. તેનાથી ઉપર વસ્તુઓ થોડી ધીમી છે, પરંતુ હજુ પણ રસ છે. અમે લોકોને કહી રહ્યા છીએ કે ઘર ખરીદવાનો આ સારો સમય છે, કારણ કે કેટલીક અનિશ્ચિતતા છે, પણ દર ઓછા છે. જાન્યુઆરીમાં, TRREB એ જણાવ્યું હતું કે ગયા વર્ષના પહેલા મહિનાની સરખામણીમાં ઘરના વેચાણમાં 7.9 ટકાનો ઘટાડો થયો હતો, જેમાં 3,847 વ્યવહારો નોંધાયા હતા. સરેરાશ વેચાણ કિંમત $1,040,994 હતી, જે જાન્યુઆરી 2024ની સરખામણીમાં 1.5 ટકાનો વધારો દર્શાવે છે. ટોરોન્ટો શહેરમાં જાન્યુઆરીમાં 1,386 વેચાણ થયું હતું, જે ગયા વર્ષ કરતાં 4.7 ટકા ઓછું હતું. બાકીના GTA માટે ઘરનું વેચાણ 9.6 ટકા ઘટીને 2,461 થયું હતું. જાન્યુઆરીમાં સમગ્ર GTAમાં અર્ધ-અલગ ઘરોનું વેચાણ એક વર્ષ પહેલાની સરખામણીમાં 2.9 ટકા વધ્યું હતું.




અન્ય તમામ મિલકતના પ્રકારોમાં વર્ષ-દર-વર્ષ ઘટાડો જોવા મળ્યો હતો. કોન્ડોમાં સૌથી મોટો ઘટાડો ૧૨.૧ ટકા, ત્યારબાદ અલગ મકાનોમાં ૮.૪ ટકા અને ટાઉનહાઉસમાં ૪.૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

# મારી હત્યા કરશો તો ભૂંસાઈ જશો : ટ્રમ્પની ઈરાનને ધમકી

## ટ્રમ્પના પહેલા શાસનકાળમાં ઈરાનના ટોચના જનરલ કાસીમ સુલેમાનની હત્યા પછી બંને દેશોના સંબંધો તળીએ પહોંચ્યા

**વોશિંગ્ટન**

ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખપદ સંભાળ્યા પછી અમેરિકા-ઈરાન વચ્ચેના સંબંધો ઉપર દુનિયાભરની નજર રહેલી છે. પ્રમુખ ટ્રમ્પે સત્તા સંભાળતાં જ ઈરાનને ખુલ્લેઆમ ધમકી આપતાં કહ્યું હતું કે, ‘જો મારી હત્યા કરશો તો તમે પૃથ્વીના પટ ઉપરથી ભૂંસાઈ જશો. કશું જ બાકી નહીં રહે.’ આ પૂર્વે પ્રમુખ ટ્રમ્પે ઈરાન ઉપર અનેકવિધ પ્રતિબંધો લાદતા એકિઝક્યુટિવ ઓર્ડર્સ પર હસ્તાક્ષરો કર્યા હતા. પરંતુ તે સાથે તેમ પણ કહ્યું હતું કે, ‘આમ છતાં અમેરિકા મંત્રણા માટે તૈયાર છે.’ તો બીજી તરફ ઈરાનની ધાર્મિક સરકાર (થિયોકસ) પૈકી ઘણા આ પ્રકારની કોઈ પણ મંત્રણાના વિરોધી છે.



આ તબક્કે તે ઉલ્લેખનીય છે કે ઈરાને સપ્ટેમ્બર મહીનામાં જ ૫૧ વર્ષના ફરહાદ શાકેરીને ટ્રમ્પ ઉપર સતત નજર રાખવા અને છેવટે તેઓની હત્યા કરવાનું કામ સોંપ્યું હતું, પરંતુ અત્યારે તો શાકેરી લા-પત્તા છે. તે ઈરાનમાં કઈ જગ્યાએ છુપાયો છે તેની (માત્ર ટોચના સત્તાધીશો સિવાઈ કોઈને ખબર નથી) સંભવ તે છે કે ઈરાનના સત્તાધીશોએ જ તેને સંતાડી દીધો હશે.

## ગાઝાનો કબજો મેળવી તેના વિકાસ માટે US તૈયાર

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહૂ સાથે દ્વિપક્ષીય મંત્રણા બાદ સંયુક્ત પત્રકાર પરિષદ સમયે યુદ્ધગ્રસ્ત ગાઝા પ્રદેશ ઉપર કબજો જમાવી લેશે, માલિકી મેળવશે અને ત્યાં આર્થિક વિકાસ સાધી અમર્યાદિત રોજગારી અને મકાનો ઉભા કરશે એવી જાહેરાત કરી હતી. અમેરિકા આ વિસ્તારમાં જરૂર પડયે સેના પણ મોકલી શકે છે અને ગાઝા વિસ્તાર ઉપર લાંબાગાળા સુધી કબજો હોય એવી સંભાવના પણ પોતે જોઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગાઝામાં કોણ વસવાટ કરશે એની વિગતો આપ્યા વગર ઉમેર્યું હતું.

## ...નિર્માણ નહીં તો ઈઝરાયલને માન્યતા નહીં : સાઉદી અરબ

ઈસ્લામિક દેશ સાઉદી અરબે કહ્યું કે, જ્યાં સુધી પેલેસ્ટાઈન દેશનું નિર્માણ નહીં થાય ત્યાં સુધી ઈઝરાયલને માન્યતા નહીં આપશે. એવું માનવામાં આવે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ એક મોટો ઝટકો છે. તેઓ સતત મિડલ ઈસ્ટના આ બે શક્તિશાળી દેશોને એકસાથે લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમના પહેલા કાર્યકાળ દરમિયાન તેમણે ઐતિહાસિક અબ્રાહમ કરાર કરાવ્યો હતો.

# યુદ્ધમાં યૂક્રેનના 45,100, રશિયાના 3,50,000 નાગરિકોના મૃત્યુ થયા

**મોસ્કો**

યૂક્રેનના પ્રેસિડેન્ટ વ્લાદિમીર ઝેલેન્સ્કીએ મંગળવારે પ્રસારિત થયેલી એક મુલાકાતમાં જણાવ્યું હતું કે રશિયા વિરુદ્ધ લગભગ સાડા ત્રણ વર્ષથી ચાલી રહેલાં યુદ્ધમાં યૂક્રેનના લોકોનો મરણનો આંકડો 45,100 છે જ્યારે ઘાયલોની સંખ્યા 3,90,000 જેટલી છે.

બ્રિટિશ પત્રકાર પિયર્સ મોર્ગન દ્વારા લેવામાં આવેલા મુલાકાતમાં ઝેલેન્સ્કીએ અનુમાન લગાવ્યું હતું કે આ સાડા ત્રણ વર્ષ દરમિયાન રશિયનોનાં મૃત્યુનો આંક 3,50,000 જેટલો છે અને તેમના ઘાયલોની સંખ્યા છ લાખથી સાત લાખ વચ્ચેની છે. તેમણે દાવો કર્યો હતો કે રશિયન સેનાના અસંખ્ય લોકો કાર્યવાહી દરમિયાન લાપતા થઈ ગયાં છે. યૂ-ટ્યૂબ પર પ્રસારિત આ મુલાકાતમાં ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે તે સંઘર્ષને સમાપ્ત કરવા માટે રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન સાથે સીધી વાતચીત કરવા તૈયાર છે. તેણે જણાવ્યું હતું કે જો તે એકમાત્ર એવી વ્યવસ્થા છે કે જેમાં અમે યૂક્રેનના નાગરિકો માટે શાંતિ લાવી શકીએ છીએ તો નિશ્ચિત રૂપથી અમે એ વ્યવસ્થાને અપનાવીશું. તેણે ઉમેર્યું હતું કે આવી વાટાઘાટોમાં ચાર પક્ષકારો સામેલ હોવા જોઈએ.

# બાંગ્લાદેશમાં ફરી હિંસા, બંગબંધુના ઘરને આગચંપી, હસીનાએ સર્મથકોને સંબોધ્યા

**ઢાકા**

બાંગ્લાદેશમાં ભયંકર હિંસાનો દોર ફરી શરૂ થઈ ગયો છે. અવામી લીગ દ્વારા દેશવ્યાપી દેખાવોની જાહેરાત કરવામાં આવી હતી જેના પહેલા જ ઢાકા સહિત બાંગ્લાદેશના અનેક શહેરોમાં હિંસા શરૂ થઈ ચૂકી છે. દેખાવકારોએ ઢાકાના ધાનમંડી વિસ્તારમાં સ્થિત બંગબંધુ તરીકે ઓળખાતા શેખ મુજીબુર્રરહેમાનના ઘરે હુમલો કરી દીધો હતો. હજારોની સંખ્યામાં અવામી લીગના સમર્થક, કાર્યકરો અને નેતાઓની ધરપકડ કરાઈ



હતી. બાંગ્લાદેશમાં ટ્રાન્સપોર્ટ સિસ્ટમ બંધ કરી હાઈવે સહિત અનેક શહેરોમાં ચક્કાજામ સર્જાયા છે.

બીજી તરફ બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું કે કોઈપણ બંધારણ ભૂંસી શકાય છે, પરંતુ ઈતિહાસ ભૂંસી શકાતો નથી. તેણે કહ્યું કે બાંગ્લાદેશમાં તેની વિરુદ્ધ શરૂ થયેલું આંદોલન વાસ્તવમાં તેની હત્યા માટે છે. શેખ હસીનાએ ફેસબુક લાઈવ દ્વારા પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરતા કહ્યું, ‘હું બાંગ્લાદેશના લોકો પાસેથી ન્યાય ઈચ્છું છું. શું મેં મારા દેશ માટે કંઈ કર્યું નથી? તો પછી આટલું અપમાન શા માટે? મારી બહેન અને મેં એક માત્ર સ્મૃતિને જોડી છે તે લુપ્ત થવાની છે. બંધારણને ભૂંસી શકાય છે, પરંતુ ઈતિહાસને ભૂંસી શકાતો નથી.’

# સ્વીડનના લોકો હિબકે ચડ્યા, બંદૂકધારીએ ૧૧થી વધુનું ઢીમ ઢાળી કાળો કેર વરતાવ્યો

**સ્ટોકહોમ**

સ્વીડનના ઈતિહાસમાં પ્રથમવાર સૌથી ભીષણ ગોળીબારીની ઘટનામાં ૧૧થી વધુ લોકોના મુત્યુ થતા હાહાકાર મચી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મરણનો આંક હજુ વધી શકે છે જેમાં હુમલો કરનાર પણ સામેલ છે. હુમલો કરનાર સ્કૂલમાં અભિયાસ કરતો સ્ટુડન્ટ હતો કે કોઈ સંગઠન સાથે સંકળાયેલો છે તે પણ જાણવા મળતું નથી. ૪ ફેબ્રુઆરી બનેલી આ ઘટનામાં બંદુકધારી હુમલાખોરનો ઈરાદો શું હતો તે જાણી શકાયું નથી.ઘાયલોની સ્થિતિ કેવી છે તે અંગે પણ પોલીસ જણાવી શકી નથી.

યાદ રહે થોડાક સમય પહેલા સ્વીડનમાં કુરાનનું અપમાન અને બાળવાના આરોપનો સમાનો કરી રહેલા શખ્સની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. શાંત રમણીય સ્વીડનમાં અગાઉ કયારેય આ પ્રકારની સમૂહ હિંસા લોકોએ જોઈ ન



હોવાથી ગભરાઈ ગયા છે. પાટનગર સ્ટોકહોમની પશ્ચિમમાં એક વયસ્ક શિક્ષા કેન્દ્રમાં ગોળીબાર થયો હતો. સ્વીડનના કાનુનમંત્રી ગુન્નાર સ્ટોએર્મરએ પ્રતિક્રિયા આપી હતી કે આ ઘટનાએ સમગ્ર સમાજને ઝકઝોરી દીધો છે. મંગળવારે બપોરે સ્ટુડન્ટસ નેશનલ એકઝામ આપીને ઘરે જઈ રહયા હતા ત્યારે આ ઘટના બની હતી.

# બ્રાઝિલના પશુ મેળામાં ભારતીય બ્રીડની ગાય 40 કરોડમાં વેચાઈ

**રિયો ડિ જાનેરો**

બ્રાઝિલના મિનાસ ગેરેસમાં ચાલી રહેલા પશુ મેળામાં રેકોર્ડ બન્યો છે. આ મેળામાં ભારતીય બ્રીડની ગાય રૂ. ૪૦ કરોડમાં વેચાઈ છે. નેલ્લોર બ્રીડની વિઆટીના-૧૯ નામની ગાય માટે આ બોલી લગાવવામાં આવી હતી. ભારતના આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં મળનારી નેલ્લોર બ્રીડની ગાય ચર્ચામાં આવી છે. વિઆટીના-૧૯ નામની ગાયનું વજન ૧,૧૦૧ કિલોગ્રામ છે. જે સામાન્ય ગાય કરતા બમણું છે. અસાધારણ જનીનો અને શારિરીક સુંદરતાના આધારે તે જાણીતી છે. આ પહેલા તેણે મિસ સાઉથ અમેરિકાનું



ટાઈટલ પણ જીત્યું હતું. શ્રેષ્ઠ લક્ષણો સાથેની દુર્લભ નેલ્લોર જાતિને ભારતમાં ઓન્ગોલ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બ્રીડની ગાયો કોઈપણ પ્રકારના હવામાનનો સામનો કરી શકે છે. કોઈપણ પરિસ્થિતિમાં તેની દૂધ આપવાની ક્ષમતાને અસર પડતી નથી. વિયાટીના-૧૯નું વેચાણ નેલ્લોર બ્રીડની વધતી માંગને દર્શાવે છે.

# ભારતવંશી એન્જિનિયર આકાશ બોબ્બાને ઈલોન મસ્કે DOGEમાં સાથે રાખ્યો

**દમાસ્કસ**

22 વર્ષના જ ભારતવંશી યુવાન ઈજનેર આકાશ બોબ્બાને એલન મસ્કે નવરચિત ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફીશ્યન્સી (DOGE)માં તેમની સાથે લીધો છે. મસ્કે કુલ છ ઈજનેરોને આ ડીપાર્ટમેન્ટમાં લીધા છે, તમામ 6 જણા 19થી 24 વચ્ચે છે. તે સર્વેને સરકારના સંવેદનશીલ વિભાગોમાં પણ પહોંચવાના અધિકારો આપ્યા છે. આથી થોડો વિવાદ થવાની તેમજ મુંઝવણ પણ સરકારી વિભાગોમાં ઊભી થવાની પૂરી સંભાવના છે. બોબ્બાને એક એક્ષપર્ટ તરીકે સરકારના આંતરીક રેકોર્ડઝ તપાસવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત તેને ઓફિસ ઑફ ધી પર્સોનેલ મેનેજમેન્ટનો હવાલો અપાયો છે.

# અબુઘાબીમાં સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ, 10000 ભક્તો ઉમટી પડ્યા

**અબુધાબી**

BAPS હિન્દુ મંદિર-અબુ ધાબીના પ્રથમ પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વૈશ્વિક શાંતિ માટે પ્રાર્થના, મહાપૂજા અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈશ્વિક સંવાદિતા તેમજ એકતાના પ્રતિક સમાન BAPS હિન્દુ મંદિરના પ્રથમ પાટોત્સવના પાવન પ્રસંગે સમગ્ર યુ.એ.ઈ દેશમાંથી આશરે 10,000થી વધુ ભક્તો ભેગા થયા હતા. પાટોત્સવમાં ભગવાનની મૂર્તિઓની પ્રતિષ્ઠાની વર્ષગાંઠ ઉજવવામાં આવે છે જેમાં પવિત્ર પરંપરાગત ધાર્મિક વિધિઓ તેમજ પુજા કરવામાં આવે છે જેના દ્વારા



હરિભક્તોમાં ભગવાન પ્રત્યે રહેલી શ્રદ્ધા અને ભક્તિને પુનરજીવિત કરવામાં આવે છે. સવારે 4:00 વાગ્યે સેંકડો ભક્તો અને સ્વયંસેવકો મહાપૂજાની તૈયારી માટે મંદિરમાં આવી પહોંચ્યા હતા, મહાપૂજા એ શાંતિ અને સમૃદ્ધિના આશયથી કરવામાં આવતી પવિત્ર ધાર્મિક વિધિ છે.

# બહરિનમાં રહેતી ભારતીય નર્સને બિગટિકિટ રેફલમાં 3 કરોડ દિરહામની લોટરી

**ટોકિયો**

કેરળનો વતની મનુ મોહનન જે હાલમાં બહેરીનમાં મેડિકલ સેક્ટરમાં કામ કરે છે તે યુએઈની પ્રખ્યાત બિગ ટિકિટ રેફલનો તાજેતરનો ડ્રો જીતીને રાતોરાત કરોડપતિ બની ગયો છે. મોહનને 3 કરોડ UAE દિરહામ જીત્યા, જે લગભગ INR 70,56,65,400 થાય છે. 26 ડિસેમ્બર, 2024 ના રોજ, મોહનને બિગ ટિકિટ રેફલ માટે બે ટિકિટો ખરીદી. બાય ટુ ગેટ વન ફ્રી સ્કીમ મુજબ, તેને એક ટિકિટ ફ્રીમાં મળી હતી. લાઈવ ટીવી શોના ડ્રો દરમિયાન, હોસ્ટે મોહનનને ફોન કર્યો અને કહ્યું કે તેણે ટિકિટ નંબર 535948 પર 3 કરોડ દિરહામ જીત્યા છે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome Home To This Beautiful 3+1 Bedroom Detached Bungalow Located In The Sought-After Bay Ridge Community in Pickering. Get to experience the joy of living walking distance from the Go station( Appx 30 min to downtown), Walking Trails, Beach, Millennium Square, Pickering Mall, Transit, parks, schools, Big Grocery Stores, Recreation Centre, restaurants, Minutes to Hwy 401 & Frenchman's Bay Marina. Walkout to Deck. Fenced Backyard, Separate Side Entrance Leading To A Fully-Equipped Basement Apartment, Perfect For Rental Income Or Extended Family. Separate laundry area. Backs onto School, Good size driveway can fit 5 Cars, Open Concept Living & Dining brings in lots of sunshine, Move in ready whether you want to Stay and rent out the basement or Build your dream home.




Very Bright & Spacious Layout Home in Prime Location. Well maintained house with 4 Bedrooms, 3 Bath with W/O to large deck through breakfast area. Kitchen with Granite Countertop and Stainless Steel Appliances. Separate Entrance to basement with 2 Bedrooms, Kitchen and Washroom, Separate laundry in basement. Great Neighborhood And An Easy Access Location To All Amenities, Shopping, Restaurants, Schools. Short Walk To Nearby Neighborhood Children's Park. Few Minutes To 401.




SPACIOUS 4 BDRM/4 WR, 4400 sq ft (including bsmnt) DETACHED HOUSE WITH LEGAL 3 BDRM/ 2 BTHRM FINISHED BASEMENT, LOCATED IN MASTERMIND COMMUNITY OF NEW SEATON IN PICKERING, BORDERING WITH MARKHAM AND SCARBOROUGH. THIS HOUSE OFFERS MANY UPGRADES: POT LIGHTS ON MAIN FLOOR, HARDWOOD AND LAMINATE FLOORING THROUGHOUT THE HOUSE, CRANITE COUNTERTOP AND BACKSPLASH, BALCONY ON THE 2ND FLOOR, SEPARATE ENTRANCE AND BEATIFUL FINISHED BASEMENT. CLOSE TO HWY 7, 401, 407, SEATON HIKING TRAIL,FUTURE SCHOOLS, RECREATION CENTRE, LIBRARY, SHOPPING PL AZAS AND ALL OTHER AMENITIES.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.